PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 5, Year: 71, August 2025, Pages: 52, Price Rs. 7.00



**વાણી વિચાર કે વ્યવહારના કોઈ યોગે**
**જાણતા કે અજાણતા આપશ્રીના દિલને**
**દુભાવ્યું હોય તો મન વચન કાયાથી**

## મિચ્છામિ દુક્કડમ્

**આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ**

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.**
તથા ઘાસ - ૨૭,૩૫૦ કિલો, ગોળ - ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

આયોજીત

# શ્રી સી. યુ. શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના અંતર્ગત

## શૈક્ષણિક પારિતોષિક • મેડલ • મેરિટ સ્કોલરશીપ સમારોહ

















# શૈક્ષણિક પારિતોષિક • મેડલ • મેરિટ સ્કોલરશીપ સમારોહ તસ્વીરી ઝલક



# શૈક્ષણિક પારિતોષિક • મેડલ • મેરિટ સ્કોલરશીપ સમારોહ તસ્વીરી ઝલક



WE DELIVER WHAT WE PROMISE !

ammpalholidays@gmail.com

WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !

Ammpal HOLIDAYS Dream. Explore. Discover.

# DISCOVER THE WORLD, THE AMMPAL WAY!

**Embark on unforgettable journeys with AMIT SHAH! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.**



















Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ

Tour Inclusive of Air Fare*

Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager


Sightseeing in Super Deluxe A/c Luxury Coaches

Stay at Luxurious Hotels

**AMMPAL HOLIDAYS**
Specialist in International & Domestic Tour Packages

**For Booking & Planning Your Tours Call Us Now!**
**AMIT SHAH 9833082820 I 8291099100**

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ઑગસ્ટ ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૫
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૩. ફોન:૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



**અમે માનવ છીએ.**
**અસંખ્ય પ્રયત્નો છતાં,**
**ભૂલ ને પાત્ર છીએ.**
**કોઈપણ ક્ષણે,**
**મન, વચન, હૃદય કે કાયાથી**
**અમારાથી થયેલી ભૂલ બદલ**
**આપ સર્વેની વ્યક્તિગત**
**માફી ચાહીએ છીએ.**

# મિચ્છામિ દુક્કડમ્

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ**
**ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**
**ક્ષમાભિલાષી**
**પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
ટ્રસ્ટી - પ્રમુખ
સમગ્ર ટ્રસ્ટીગણ - હોદ્દેદારો - તંત્રી
તથા કારોબારી સભ્યો



# એમને, ભૂલી ગયા આપણે સૌ

મહેશ દવે

પાંચમી સપ્ટેમ્બર આવી અને ગઈ, છાપામાં આખું પાનું ભરીને રાજ્યના મુખ્યમંત્રીના ફોટા સાથેની શિક્ષકદિનની મોટી જાહેરાત છે. પણ પાંચમી સપ્ટેમ્બર શા માટે શિક્ષકદિન તરીકે ઊજવાય છે તેનો કોઈ ઉલ્લેખ નથી. પાંચમી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ છે. જન્મદિવસ ઊજવવાનો પ્રસ્તાવ આવ્યો ત્યારે રાધાકૃષ્ણે નમ્રતાથી સૂચવેલું, 'હું આજન્મ શિક્ષક રહ્યો છું. તેથી એ દિવસને 'શિક્ષક દિન' તરીકે ઉજવો. એ રીતે ઉજવણી શરૂ થઈ, પણ આજે હવે જાહેરાતમાં રાધાકૃષ્ણન્‌નો ફોટો કે તેમનો ઉલ્લેખ નથી. આજની પેઢીને કદાચ ખબરે નહીં હોય કે હોણ હતા રાધાકૃષ્ણન્.

સર્વપલ્લી તામિલનાડુમાં જન્મ્યા, ત્યાં જ ભણ્યા, તત્ત્વજ્ઞાન (ફિલસૂફી)ના દિગ્ગજ વિદ્વાન બન્યા. તેમનો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ એક અકસ્માત હતો. તેમનો ક દૂરના પિત્રાઈ ભાઈ તત્ત્વજ્ઞાન સાથે સ્નાતક થયા. તેનાં ચોપડા રાધાકૃષ્ણન્‌ને મફત મળ્યાં. રાદાકૃષ્ણન્‌ની આર્થિક સ્થિતિ સારી નહીં, તેથી મફતમાં પુસ્તકો મળ્યા હતાં તે વિષય રાખી લીધો. જોકે પછી એ વિષયમાં એમને ઘણો રસ પડ્યો, પરિશ્રમ કર્યો, કંઈક પુરસ્કારો મેળવ્યા અને તત્ત્વજ્ઞાનમાં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી. એમણે કલકત્તા, માયસોર અને ઑક્સફર્ડ જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ભણાવ્યું અને ભારે નામના મેળવી. આંધ્ર યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે દસ-પંદર વર્ષ સફળતાપૂર્વક કામ કર્યું.

ડૉ. રાધાકૃષ્ણન્‌ને ભારતીય તત્ત્વજ્ઞાન અને તેની સમગ્ર પરંપરા પશ્ચિમના વિદ્વાનોમાં જાણીતી કરી અને ભારતીય તત્ત્વમીમાંસાને પશ્ચિમમાં પ્રતિષ્ઠા અને ગૌરવ અપાવ્યું. રાધાકૃષ્ણન ભારત (પૂર્વ) અને પશ્ચિમના દેશો, બંનેની ફિલસૂફીના જાણકાર હતા. બંને તાત્ત્વિક વિચારધારાઓ વચ્ચે એ સેતુ બની રહ્યા. એમની સમજણ એટલી સ્પષ્ટ અને અભિવ્યક્તિ એવી સરળ અને રસાળ કે પશ્ચિમ માટે એ ભારતીય તત્ત્વજ્ઞાનના શ્રેષ્ઠ પ્રસારક બન્યા.

> સાક્ષર અમને બનાવે છે
> જીવન શુ છે એ સમજાવે છે
> જ્યારે પડીએ છીએ
> અમે હારીને તો સાહસ
> એ જ વધારે છે
> આવા મહાન વ્યક્તિ જ
> તો શિક્ષક-ગુરૂ કહેવાય છે
> શિક્ષક દિવસ પર
> બધા ગુરૂજનોને
> કોટિ-કોટિ પ્રણામ

જવાહરલાલ નહેરુમાં રાજનીતિ બહારના મેધાવી પુરુષોને પારખવાની અને તારવવાની દૃષ્ટિ હતી. તેમણે રાધાકૃષ્ણન્‌ને યુનેસ્કોમાં ભારતના પ્રતિનિધિ, રશિયામાં એલચી, ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિ બનાવ્યા. એ એકલા જ એવા એલચી હતા કે જેને સ્ટાલીને મુલાકાત આપી હતી. એમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે જેમાંથી 'ઈન્ડિયન ફિલૉસૉફી', 'ઍન આઈડિયાલિસ્ટ વ્યૂ ઑફ લાઈફ', 'પ્રસ્થાનત્રયી', 'રવીન્દ્રનાથની ફિલસુફી', 'કલ્કી' વગેરે ખૂબ નોંધપાત્ર છે.

સર્વપલ્લી તામિલનાડુના રૂઢિચુસ્ત બ્રાહ્મણના કુટુંબમાંથી આવતા હતા, છતાં એમના વિચારો અને ચિંતન આધુનિક, પ્રગતિશીલ અને આજે પણ પ્રસ્તુત છે. 'કલ્કિ'માં એમણે ભૌતિકવાદી જીવનરીતિ ક્યાં લઈ જશે તેનો ભયાનક ચિતાર દોરી બતાવ્યો છે. ધર્મ વિશે એમણે દર્શાવ્યું કે જગતના સર્જન અને સંચાલનને સમજાવવા આદિમ માણસે 'ઈશ્વર'નો ખ્યાલ ઊભો કર્યો હતો અને ગમે તેવાં 'પ્રતીકો'ને ઈશ્વરનું બિરુદ આપેલું. સર્જન અને સંચાલનને વિજ્ઞાને આપેલી સમજૂતી પછી ઈશ્વરનો એ ખ્યાલ અપ્રસ્તુત બની જાય છે. સમાજ સ્વસ્થ રીતે ચલાવવા નીતિના ખ્યાલો ઘડાયેલા. તેને ધર્મ સાથે સંબંધ નથી. ધર્મના ખ્યાલના ગેરઉપયોગને કારણે માર્ક્સે તેને અફીણની ઊપમા આપી. કોઈ પણ ધર્મનો મોટો દુશ્મન બીજો ધર્મ છે - માટે ધર્મયુદ્ધો. સમકાલીન સમાજ માટે દિવ્ય ચેતનામાં માનતા સાર્વત્રિક ધર્મની તેમણે હિમાયત કરી. માત્ર વૈયક્તિક નહીં, સર્વ સમાજનું ઉત્થાન તેમણે પ્રબોધ્યું.

❖❖❖

# વિક્રમ અને વિધાતા

ઝવેરચંદ મેઘાણી

ઉજેણીનાં સુખદુખ્ખ તપાસવા રાજા વિક્રમ ગુપ્ત વેશે ફરે છે. ઘૂમતાં ઘૂમતાં ઘૂમતાં એક ગામમાં કોઈક બ્રાહ્મણને ઘેરે રાતવાસો રહેલ રહેલ છે. બ્રાહ્મણીને દીકરો અવતર્યો છે, આજ છઠ્ઠા દિવસની રાત છે.

થાકીને લોથપોથ થઈ ગયેલો રાજા વિક્રમ ઓશીકે હથિયાર મેલીને જંપી ગયો છે. બાયડીને માટે જે શેરો કર્યો હતો, તે ખાઈ જઈને પેટે હાથ દઈ બ્રાહ્મણ પણ ઘોંટી ગયો છે; લુહારની ધમણ ધમાતી હોય એવાં એનાં નાખોરાં બોલે છે. અને ભૂખ્યે પેટે પડેલી સુવાવડી બ્રાહ્મણીની આંખો પણ મળી ગઈ છે.

બરાબર મધરાતે વિધાતા પધાર્યાં . હાથમાં કંકુનો ખડિયો, કાને મોતીની લેખણ અને કાખમાં આંકડા ગણવાનો કોઠો.

હળવે-હળવે દેવી તો દાખલ થયાં. છોકરાંની ખાટલી આગળ જઈ બેઠાં. ઘીનો દીવો બળે છે. વાટ સંકોરીને દેવીએ અંજવાળું વધાર્યું. બાળકની હથેળીમાં ને કપાળમાં માંડ્યાં રેખાઓ કાઢવા.

શું શું લખ્યું ?

અરે, રોજની પાંચ પાંચ શેર લોટની તાંબડી લખી : દાપા-દક્ષિણાના દોકડા લખ્યાઃ કન્યા-ચોરીની કોરી લખી : ગોરપદાનાં ધોતિયાં લખ્યાં : એક સોળ વરસની ગોરાણી લખી : પણ જ્યાં આવરદાની રેખા તાણવા જાય, ત્યાં તો –

અ-ર-ર-ર ! વિધાતાના હાથમાંથી કલમ પડી ગઈ. પટ દઈને દેવી ઊભાં થઈ ગયાં. દીવડો ઝાંખો પડ્યો. અને વિધાતાએ કપાળ કૂટીને પાછા હાલવા માંડ્યું.

જ્યાં ઓસરીમાં જાય ત્યાં કોઈ સૂતેલા માનવીનું શરીર ઠેબે આવ્યું. ઝબ દેતાં જાગીને એ માનવીએ વિધાતાના પગ ઝાલી લીધા. પૂછ્યું કે ''કોમ છો તું ? ડેણ છો ? ડાકણ છો ?''



વિધાતા બોલી : ''હે રાજા વિક્રમ ! મને જાવા દે. હું ત્રણે લોકનાં કરમ માંડનારી વિધાતા છું.''

''વિધાતા દેવી ! આંહીં શા સારુ આવેલાં ?''

''બ્રાહ્મણના બાળકના છઠ્ઠીના લેખ લખવા.''

''માડી, શું શું લખ્યું ?''

''બાપ ! કહેવરાવવું રે'વા દે.''

''કહો નહિ ત્યાં સુધી ડગલુંય કેમ ભરવા દઉં ? મારી ચોકી છે.''

''વિક્રમ, બીજા લેખ તો રૂડા, કંકુવરણા; પણ આયખું અઢાર જ વરસનું. ભરજોબનમાં જ્યારે આ છોકરો ચોરીએ ચડી ચાર મંગળ વર્તતો હશે, તે ઘડીએ ચોથે ફેરે એને સાવજ ફાડી ખાશે.''

સાંભળીને વિક્રમ તો થડક થઈ ગયો. ''અરે હે વિધાત્રી ! બ્રાહ્મણની દીકરીને ચોરીમાંથી જ રંડાપો મળશે ? ઉગારવાનો કાંઈ ઉપાય ?''

''કાંઈ ઉપાય ને કાંઈ બુપાય !'' એટલું બોલીને વિધાતા તો હાલવા માંડી.

ત્યારે વિક્રમે વાંસેથી પડકાર્યું કે ''સાંભળતી જા, વિધાત્રી ! આજ મારા ચોકીપહેરામાંથી તું ચોરી કરીને મને આશરો દેનારનું મોત લખી ગઈ છો, પણ તારા લખ્યાં મિથ્યા કરું તે દી હા પાડજે. હું એને છાંયડે કાંઈ મફતનો નથી બેઠો.''

વિધાતા તો હાલી ગઈ. સવાર પડ્યું ને વિક્રમ સાબદો થયો; શીખ લેતો લેતો કહેતો ગયો કે ''હે ગોર, દીકરાને પરણાવો ત્યારે ઉજેણીમાં કંકોતરી મોકલજો. મોસાળું લઈને હાજર થઈશ.''

★★★

અઢાર વરસ તો પાંપણના પલકારા ભેળાં જાણે પૂરાં થઈ ગયાં. દરવાજે આવીને બ્રાહ્મણ ઊભો રહ્યો.

''હે મહારાજ, કંકોતરી લઈને આવ્યો છું.''

''તૈયાર છું, હે ગોર, હાજર છું. હાં ! થાય નગારે ઘાવ. સેના સજ્જ કરો. ભાણેજની જાનમાં જાવું છે.''

સેના ઊપડી. જાણે દરિયાનાં મોજાં હાલ્યાં.

''ખબરદાર ! ઉઘાડી તરવારોના ઓઘા કરીને મંડપને વીંટી લ્યો. બંધૂકમાં ગલોલીઓ ધરબી સળગતી જામગરીએ ગામને ઝાંપે ઊભા રહો. સાવઝ આવે તો

વીંધી નાખજો.''

ગામમાં તો સૂ...નસાન! ઉજેણીનો રાજા એક બ્રાહ્મણના દીકરા સારુ થઈને વિધાતાના લેખમાં મેખ મારવા આવ્યો છે! આ...હા!

ઉઘાડું ખડગ ઉગામીને રાજા માંડવામાં ઊભો છે ત્યાં તો સાદ પડ્યો: ''સમો વરતે સાવધાન!''

એક ફેરો — બે ફેરા — ત્રણ ફેરા...

અરે, ભાર છે કોનો? હમણે ચોથું મંગળ વર્તી જાય, એટલે વિધાતાના લેખ ખોટા!

પણ જ્યાં ચોથું મંગળ ફરવા જાય ત્યાં તો હુ-હુ-હુ-હુ કરતો છલંગ મારતો, પૂંછડું ફરકાવતો સાવજ આવ્યો! વરરાજાની ગળકી ઝાલીને હરડીઓ ચૂસી લીધો. ક્યાંથી? અરે, આ કાળો ગજબ ક્યાંથી? ધરતી ફાડીને શું સાવજ નીકળ્યો?

અરે, નહિ ધરતીમાંથી કે નહિ આભમાંથી; આ તો ચોરીના માટલા ઉપર ચીતરેલા સાવજ સજીવન થયો. અંતરિક્ષમાંથી વિધાતાએ અંજળી છાંટી. આહા! ડાલામથ્થો સાવજ! છરા જેવડા દાંત! માનવી એને ભાળીને ફાટી મરે.

વરરાજાનું ડોકું ચૂસીને પાછો સાવજ માટલાના ચિતરામણમાં સમાઈ ગયો.

વિક્રમ તો ઠીકરા જેવો! વાઢો તો છાંટોય લોહી ન નીકળે. ધરતીમાતા મારગ આપે તો સમાઈ જાઉં! – એવો ઝંખવાણો પડી ગયો.

''ફિકર નહીં. રોશો મા, ભાઈઓ! છાંટોય પાણી પાડશો મા. હે વરના બાપ! તારા દીકરાને છ મહિના મૂઓ મ સમજજે. અને હે વહુના બાપ! તારી દીકરીને છ મહિના રંડાપો મ સમજજે. છ મહિનાની અવધિ માગું છું. અમીનો કૂપો લઈને આવું છું. નીકર ઉજેણીનું રાજ ન ખપે મડદાની અંદર મસાલો ભરી રાખીને એની આગળ અખંડ ધૂપ-દીવા બાળજો, છ મહિનાની વાટ જોજો; ઠાલે હાથે આવીશ તો તારા છોકરાની ભેળો જ હું ચિતામાં સળગી મરીશ.''

એટલી ભલામણ દઈને વિક્રમે ઘોડો દોટાવી મૂક્યો.

★★★

જાતાં–જાતાં-જાતાં બાર ચોકું અડતાલીસ ગાઉનું જંગલ આવ્યું. વનમાં જાય છે ત્યાં તો મહા કાળઝાળ દાવાનળ બળે છે. અને એમાંથી કારમી ધા સંભળાય છે કે ''બળું છું રે બળું છું! અરેરે! અત્યારે રાજા વિક્રમ હોય તો મને ઉગાર્યા વિના રહે નહિ.''

''અહોહો! કોઈક દુખિયારું મારું નામ લઈને પોકાર કરે છે.''

જઈને જુએ ત્યાં એક નાગ: અગ્નિમાં બફાઈ ગયો છે. વિક્રમે ભડભડતી ઝાળમાં હાથ નાખીને એને કાઢ્યો. નાગ બોલ્યો:

''હે પરગજુ માનવી! તું કોણ છો?''

''તું જેને સમરતો હતો તે જ રાજા વિક્રમ.''

''આહા! હે રાજા! પરદુખ્ખભંજણા! મારા દેહમાં લાય હાલી છે. બે ઘડી તારા અમૃત જેવા શીતળ પેટમાં બેસવા દે; મારી કાયાની બળતરા બેસી જાય એવો જ હું બહાર નીકળી જઈશ.''

વિક્રમે તો મોં ઉઘાડું મેલ્યું, એટલે સડેડાટ સિંદૂરિયો નાગ રાજના પેટમાં પેસી ગયો. થોડી વાર થઈ. રાજા કહે, ''ભાઈ, બોલી પ્રમાણે હવે બહાર નીકળ!''

પેટમાં બેઠો બેઠો નાગ કહે છે કે ''હવે રામરામ! આવું સુખનું થાનક મેલીને હવે હું બહાર નીકળું એવો ગાંડિયો નથી.''

વિક્રે વિચાર્યું, ''કાંઈ વાંધો નહિ. મારો આશરાધર્મ હું કેમ લોપું? ભરે એ પેટમાં બેઠો. મારે કસૂંબાની ટેવ છે. પણ પીઉં તો પેટમાં બેઠેલો નાગ પ્રાણ છાંડે. માટે આજથી કસૂંબો હરામ છે.''

વિક્રમે અફીણ લેવું છોડી દીધું. પગ ઘસડતો ઘસડતો ચાલ્યો. પેટ વધી વધીને ગોળા જેવડું થયું. હાથપગ ગળી ગયા. આંખો ઊંડી જાતી રહી. ઓળખ્યો ઓળખાય જ નહિ. પેટમાં વેદનાનો પાર નથી.

શુધબુધ ભૂલેલો વિક્રમ એક નગરીની બજારમાં ટાંટિયા ઢસરડે છે. એમાં શું બન્યું?

નગરીના રાજાને બે કુંવરી. બેયને માથે હાથ મેલીને બાપ પૂછે છે કે, ''બોલો બેટા, તમે આપકરમણ કે બાપકરમણ?''

મોટી બોલી કે, ''હું તો બાપકરમણ, બાપુ!''

નાની કહે છે, ''બાપુ, સંસારમાં સહુ માનવી પોતાનાં કર્યાં જ પામે છે. કોઈ કોઈના કપાળમાંથી બે આંકડા ભૂંસીયે ન શકે, તેમ ઉમેરીયે ન શકે. માટે હું તો આપકરમણ.''

''એ...મ છોકરી! આવડો બધો તારો મદ!... હાં કોઈ છે કે?''

કે ''એક કહેતાં એકવીસ.''

''જાઓ, નાનેરી કુંવરીને રથમાં બેસારીને કાલ પ્રભાતને પહોર નગરીની બજારમાં જાઓ. કોઈ બાડો, બોબડો, અનાથ, અપંગ રોગી મળે તેની સાથે પરણાવી દ્યો. પછી જોઈએ એનું આપકરમીપણું!''

ગયા બજારે. ત્યાં તો હાટડીના ઓટા ઉપર વિક્રમ પડેલો. ડોળા ચડી ગયા છે. થોડો થોડો જીવ રહ્યો છે. ઘડિયાં લગન લઈને નાનેરી કુંવરીને એની વેરે પરણાવી.

સાત પેઢીની જૂની વેલડી દીધી. ત્રણ ગાઉ હાલીને ઊભા થઈ રહે એવા બે માળવિયા બળદિયા દીધા. એક બાનડી દીધી. વેલ્યમાં બેસીને રાજકુંવરી તો વિક્રમની સાથે ચાલી નીકળી.

બપોર થયા ત્યાં વડલાને છાંયે વેલ્ય છોડી, શૂધબૂધ વગરના રાજાને ખોળામાં સુવાડીને રાજકુંવરી બેઠી છે. બાનડી જંપી ગઈ છે. રાજકુંવરી પોતાના રોગિયલ સ્વામીને શરીરે સુંવાળો સુંવાળો હાથ ફેરવે છે. થોડીક વારે સ્વામીનાથને નીચે સુવાડીને પોતે વાવમાં પાણી ભરવા ગઈ.

વાંસેથી શું થયું ?

વીર વિક્રમ પોઢ્યા હતા. મોઢું ફાટેલું હતું. ધીમે ધીમે ધીમે એના પેટ માંયલો સિંદૂરિયો હવા ખાવા બહાર નીકળ્યો. રાજાના મોઢાની બહાર ડોકું કાઢીને જીભના લબકારા કરતો કરતો આમતેમ જુએ છે. ત્યાં તો અવાજ થયો કે –

''હે મૂઆ નુગરા ! હે ભરફોડિયા !''

ચમકીને જ્યાં નાગ નજર કરે, ત્યાં તો સામેના રાફડા ઉપર બીજો સાપ બેઠો બેઠો બોલે છે: ''હે કજાત ! તું નવકુળ માયલો નહીં.''

સિંદૂરિયો ફૂંફાડીને જવાબ વાળે છે: ''એલા, કેમ ગાળો દઈ રહ્યો છો ?''

''ગાળો ન દઉં ? એલા, બીજો કોઈ ન મળ્યો તે પરદુખ્ખભંજણ વિક્રમના પેટમાં પેઠો ? ધિક્કાર છે, નગરા ! તારે માથે કોઈ ગુરુ નથી તેમાં ને ?''

''હવે રાખ રાખ, હરામી !'' સિંદૂરિયો બોલ્યો, ''તું યે કેમ કોઈકની માયાની માથે બેઠો છો ?''

''હું તો માયાને માથે બેઠો છું, કોઈની કાયાને માથે તો નથી બેઠોને ? હે પાપિયા ! હે પાપિયા ! હમણાં કોઈક સવા શેર ઝેરકોચલું વાટીને વિક્રમને પાઈ દિયે, તો તનેય ખબર પડી જાય ! તારા કટકે કટકા થઈને બહાર નીકળી પડે.''

''અને તુંયે ક્યાં અમરપટો લખાવીને આવ્યો છો ? તેં મને ચોર છતો કર્યો છે, પણ યાદ રાખ : અધમણ તેલ ઊનું કરીને તારા રાફડામાં કોઈ રેડે એટલી જ વાર છે. તુંયે સોનાનું ઢીમ થઈ જા. અને સાત ચરૂ માયા દબાવીને તું બેઠો છે એ માયા પણ હાથ લાગી જાય.''

એટલું બોલીને બેય નાગ સામસામા ફેણ ડોલાવતા ડોલાવતા પેસી ગયા: એક ગયો રાફડામાં, ને બીજો વિક્રમના પેટમાં.

પાણી ભરીને રાજકુંવરી આવી ગઈ હતી. એણે આ બેય નાગની વાત કાનોકાન સાંભળી. ઉઠાડી બાનડીને.

''બાનડી ! બાનડી ! જા ઝટ બજારમાં. સવાશેર ઝેરકોચલું, અધમણ મીઠું તેલ અને લોઢાનું બકડિયું, એટલાં વાનાં લઈ આવ્ય.''

મગાવેલી સામગ્રી હાજર થઈ. રાજકુંવરી વિચાર કરે છે કે, ''આ વાત ખોટી હોય તો ? અરર ! મારા સ્વામીનાથને ઝેરકોચલું પાઉં અને એ મરી જાય તો ? તો તો હું મહાપાપણી બનું. માટે પ્રથમ તો રાફડા માયલા નાગનું પારખું કરું.''

તાપ કીને કડામાં ધ્રફધ્રફતું તેલ ઊનું કર્યું. બેય જણીઓએ ઉપાડીને રાફડામાં રેડ્યું. ત્યાં તો ફૂં ! ફૂં ! ફૂંકારા કરતો નાગ દોટ દઈને બહાર આવ્યો અને સોનાનું ઢીમ થઈને ઢળી પડ્યો.

મંડ્યા રાફડો ખોદવા. ગોઠણ સમાણું ખોદે – ત્યાં તો એક ચરુ – બે ચરુ – ત્રણ – ચાર ! એમ સાત પીતળના ચરુ ! ઉઘાડે તો અંદર છલોછલ સોનામહોરો !

રાફડા ઉપર ધૂળ વાળી દીધી. સવા શેર ઝેરકોચલું વાટ્યું, રાજાના મોઢામાં ધાર કરીને રાજકુંવરી ધીરે ધીરે ટોવા લાગી. જ્યાં પાશેર રસ પેટમાં ગયો ત્યાં તો મૂંઝાતો મૂંઝાતો સિંદુરિયો નાગ દોટ કાઢીને બહાર નીકળી પડ્યો, અને એ જ ઘડીએ એના ત્રણ કટકા થઈ ગયા !

દૂધ લઈને રાજકુંવરી ટોયલીએ ટોયલીએ વિક્રમના મોંમાં ટોવા મંડી. ઘટક ઘટક જેમ દૂધ પેટમાં ઊતરવા લાગ્યું તેમ હાથપગમાં જોર આવ્યું. બત્રીસ કોઠે દીવા થઈ ગયા આળસ મરડીને વિક્રમ બેઠા થયા. બેઠા થઈને જુએ ત્યાં તો થડકી ગયા.

'અરે હે રાજકુંવરી ! આ શું કર્યું ? સિંદૂરિયા નાગના ત્રણ કટકા ! શી રીતે ? કોણે માર્યો ?'' રાજકુંવરીએ તો માંડીને વાત કહી દેખાડી.

''અરર ! અસ્ત્રી ! તમે મને મહાપાતકમાં નાખ્યો. મારે આશરે બેઠેલાની તમે હત્યા કરી !''

નાગના કટકા વિક્રમે પોતાની ઢાલના ભંડારિયામાં મેલી દીધા. કેટલાય દિવસથી રાજા નાહ્યોધોયો નથી. કંચનવરણી કાયા કા...ળી થઈ ગઈ છે. રાજતેજ ઝાંખા ઝાંખા લાગે છે.

'હે સતી ! મારે વાવમાં સ્નાન કરવું છે.'

''પધારો સ્વામીનાથ ! હું મારે હાથે જ તમને ચોળીને નવરાવું.''

વાવમાં જાય ત્યાં તો અહાહા ! આ રોવે છે કોણ ? રેશમ જેવા સુંવાળા ને પાની ઢળકતા મોવાળા મોકળા મેલેલા : ગુલાબનાં ફૂલડાં જેવી આંખો સૂજી ગયેલો: આભૂષણો ઝંટીને વેરી નાખેલાં : અને ચોધાર આંસુડે રોવે છે કે ''હે મારા ભરથાર ! હે સ્વામીનાથ !''

વિક્રમ પૂછે છે : ''હે સતી ! તમે કોણ છો ? વાવનાં પાણીમાં ઊભા ઊભાં કેમ રોવો છો ?''

''રાજા, હું પાતાળલોકની નાગ-પદમણી છું : વાવનાં પાણીમાં અમારી મોલાત છે : મારા સ્વામી સિંદૂરિયા ના, એને કોઈએ મારી નાખ્યા.''

''હાય હાય ! હે સુંદરી ! તમારા ધણીને મારનારાં તો અમે જ છીએ. આ જુઓ એના કટકા.''

''ઓહો ! હવે ચિંતા નહિ. મારા

સ્વામીના કટકાને હું સજીવન કરીશ.'' એમ કહીને પદમણી પાણીમાં ડૂબકી મારી પલકમાં તો પાછી આવી. હાથમાં અમીનો કૂંપો.

ત્રણે કટકા સંધાડીને પદમણીએ ગોઠવ્યા. પછી અમી છાંટ્યું. એક, બે, ને ત્રણ અંજણી છાંટી ત્યાં ઝડાપ દેતો સૂપડા જેવડી ફેણ ડોલાવતો મહાફણીધર સજીવન થયો નાગને માનવીની વાચા ઊપજી:

''હે અસ્ત્રી! હું ઘણો પાપી! આ રાજાએ મને દાવાનળમાંથી ઉગાર્યો. પોતાના પેટમાં પેસવા દીધો. અહાહા! કેવું શી...તળ એનું પેટ! પણ મેં પાપીએ બહાર નીકળવા ના પાડી. અને હું ન મરું માટે એણે અફીણ છોડ્યું.''

કે ''હે વિક્રમ! માગ માગ!''

''માગું તો એટલું જ, હે નાગદેવતા! એક બ્રાહ્મણનો છોકરો ચોરીમાં મર્યો છે. મારે માથે એની હત્યા ચડે છે. બે જ ટીપાં અમીના દઈશ?''

''અરે બે ટીપાં શું? આખો કૂંપો લઈ જા ને!''

અમીનો કૂપો ઉપાડી અને રાણીને સાથે લઈ રાજા વિક્રમ ચાલી નીકળ્યા.

★★★

છ મહિનાની છેલ્લી રાત છે. રાજાની વાટ જોવાય છે. મસાલો ભરીને રાખેલું શબ પડ્યું છે. ઘીની ત્રણ અખંડ દીવીઓ બળે છે. ધૂપના તો ગોટેગોટા. ત્યાં તો વિક્રમનો સાદ પડ્યો કે –

''અરે હે ભાઈ! જાગો છો કે સૂતા?''

''જાગીએ છીએ. હે રાજા! છ છ મહિનાથી જાગીએ છીએ. આંખનું મટકુંય નથી માર્યું.''

એક–બે–ને ત્રણ અંજળી અમીની છાંટતાં જ આળસ મરડીને બ્રાહ્મણનો દીકરો ઊભો થયો. વિધાતાએ સાદ દીધો કે ''હું હારી, ને વિક્રમ જીત્યો.''

ભાણેજને પરણાવીને રાજા-રાણી ઉજેણી આવ્યાં.

★★★

''અરે હે રાજા ભોજ! આવાં ઊજળાં કામાં કર્યા હોય તો જ આ સિંહાસને બેસજે; નીકર તું તપીશ નહિ.''

એટલી વાત કરીને પહેલી પૂતળી અબોલ બની ગઈ.


❖❖❖

# ખુમારી

**ફાધર વાલેસ**

**એ** ખુમારી કહેવાય. અઘરું કામ પોતે માથે લઈને એમને માટે જ સહેલું કામ રહેવા દીધું. દિલમાં ખુમારી હતી એ એણે સહજ ભાવે બહાર આવવા દીધી.

પ્રશ્નપત્રને મથાળે લખ્યું હતું : ગમે તે પાંચના જવાબ લખો. અઘરો વિષય ગણાતો હતો, એની આ છેલ્લી પરીક્ષા હતી. એમાં પરીક્ષાર્થીઓની સગવડ ખાતર વિકલ્પ આપવામાં આવ્યો હતો. સાત પ્રશ્નો પૂછ્યા હતા, એમાંથી પાંચ લેવાના હતા. એટલાનો સંતોષકારક જવાબ લખાય તો પૂરા ગુણ મળે. માટે પ્રશ્નપત્ર હાથમાં આવે કે તરત કયા પ્રશ્નોથી કેટલો ફાયદો થાય એ બરાબર તપાસીને યોગ્ય પસંદગી કરવી, એ વિદ્યાર્થીઓનું પહેલું કામ હતું.



પણ આ વિદ્યાર્થી જરા જુદી માટીનો હતો. એના હાથમાં પ્રશ્નપત્ર આવ્યો ત્યારે ''ગમે તે પાંચના જવાબ લખો'' એ સૂચના એણે પણ વાંચી. વાંચીને તે ધીમેથી હસ્યો. કુલ સાત પ્રશ્નો છે એ તેણે જોઈ લીધું, અને ક્રમમાં જે પહેલો પ્રશ્ન આવતો હતો એ લઈને તેનો જવાબ લખવા માંડ્યો. એ પૂરો થયો ત્યારે ક્રમમાં આવતો બીજો પ્રશ્ન લીધો, પછી ત્રીજો... એમ કરી કરીને પાંચ નહીં પણ સાતેસાત પ્રશ્નોના જવાબ લખ્યા. લખવાનું પુરું કર્યું ત્યારે પરીક્ષાના સમયને પૂરો થવામાં થોડી મિનિટ બાકી હતી. પોતાના લખાણ ઉપર એણે એક ઊડતી નજર નાખી. સંતોષ થયો. ને ત્યારે ઉત્તરપત્રના પહેલા પાનાના મથાળે એણે સ્પષ્ટ અક્ષરોથી લખ્યું : ''ગમે તે પાંચ તપાસો....''

તમે ગમે તે પાંચના જવાબ લખવાનું કહ્યું, તો હું ગમે તે પાંચ તપાસવાનું કહું છું. તમે સગવડ કરી આપી, તો હું તમને સગવડ કરી આપું છું. લ્યો, ગમે તે પાંચ તપાસો. તમને તપાસતાં સહેલા લાગે એ લો. હું પણ વિકલ્પો આપું છું. તમારી પાસે ઉદારતા છે, તો અમારી પાસે પણ છે. અમારું દિલ પણ મોટું છે.

પછી વિજયના સ્મિત સાથે વિદ્યાર્થીએ ઉત્તરપત્ર નિરીક્ષકને આપ્યો.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન

**યશકલગી કાર્યક્રમ આવતી પેઢી આપણું ઉજ્વળ ભવિષ્ય એટલે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે વર્ષ દરમ્યાન જેમને પોતાની દૈનિક ઉપાસના અને અથાગ મહેનત બદલ આવેલ પરિણામને નવાજવાનો કાર્યક્રમ એટલે**

## શૈક્ષણિક પારિતોષિક સમારંભ

સાંજના ૫.૦૦ કલાકે થી સભાના સભ્યો તેમજ પારિતોષિક મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું આગમન.

૫ થી ૫.૩૦ સુધી High Tea ને ન્યાય આપી પોગ્રામની શરૂઆત થઈ. સભાના ટ્રસ્ટી ગણ, પદાધિકારીઓ તથા કમિટી સભ્યોની ઉપસ્થિતી હતી. જેથી પોગ્રામ ને ચાર ચાંદ લાગ્યા.

માનવંતા અતિથિ વિશેષો શ્રી સુરેશભાઈ કાનજીભાઈ તુરખીયા [Eskay Resort] તથા શ્રી દિજેશભાઈ પ્રવિણચંદ્ર દોશી (કામદાર) ને ઝાલાવાડી સભાના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ તથા સર્વ ટ્રસ્ટી - હોદ્દેદારોએ મીઠો આવકાર આપી મંચસ્થ પર સ્થાન ગ્રહણ કર્યુ.

ત્યારબાદ મહામુલા નવકારમંત્રની આરાધના તથા રાષ્ટ્રગીત ને ન્યાય આપવામાં આવ્યા. શ્રી પ્રવીણભાઈ શાહે પોતાના મનોભાવ વ્યક્ત કરતા શિક્ષણ પર ભાવ વ્યક્ત કરતાં કહ્યું કે હાલના સમયમાં શિક્ષણ જ સર્વોપરી છે અને શિક્ષણ વગર બધુંજ અધુરુ છે માટે શિક્ષણને દરેક વિદ્યાર્થીઓએ પ્રાથમિકતા આપવી જોઈએ. પ્રમુખશ્રીએ એજ્યુકેશનનું મહત્ત્વ સમજાવ્યું. ઝાલાવાડના તેજસ્વી વિદ્યાર્થીઓને ખોભલે ખોભલે અભિનંદન આપ્યા અને ભણતર છે તો ચણતર છે. ખુબ ખુબ અભ્યાસ કરો અને આપણા ઝાલાવાડનું નામ ગૌરવ સાથે રોશન કરો તેવી શુભભાવના ભાવી પોતાની વાણીને વિરામ આપ્યો. ટ્રસ્ટી / ઉપ પ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવીએ અતિથી વિશેષ શ્રી સુરેશભાઈ તુરખીયાનો પરિચય આપ્યો અને શ્રી પ્રવિણભાઈ શાહે તેમનું સન્માન કર્યુ, તેના પ્રતિ ઉત્તરમાં શ્રી સુરેશભાઈએ સૌનો આભાર માન્યો.

ત્યારબાદ ઝાલાવાડી સભાના માનદ્ મંત્રી શ્રી અનિલભાઈ સંઘવી એ માનવંતા અતિથી વિશેષ શ્રી દિજેશભાઈ પ્રવિણચંદ્ર દોશી નો પરિચય આપ્યો. ટ્રસ્ટી-માનદ્ મંત્રી શ્રીમતી મનિષાબેન તથા ટ્રસ્ટી શ્રી એમ.પી. વોરાએ શ્રી દિજેશભાઈનું સન્માન કર્યુ. શ્રી દીજેશભાઈએ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

પારિતોષિક વિતરણનું આયોજન સભાના માનદ્ મંત્રી શ્રી અતુલભાઈ શાહ, શ્રી અનિલભાઈ સંઘવી તેમજ સહ માનદ્ મંત્રી શ્રી મુકેશભાઈ શાહ ચશ્માવાલા એ કરેલ. પારિતોષિક વિતરણ સમારંભની શુભ શરૂઆત શ્રી અતુલભાઈ, શ્રી અનિલભાઈ અને શ્રી મુકેશભાઈ દ્વારા કરવામાં આવેલ.

સમારંભમાં સભાના માનવંતા પૂર્વ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાએ તેમના ટ્રસ્ટમાંથી ઝાલાવાડી સભાના સભ્યોની દીકરીઓ માટે પોતાના ટ્રસ્ટમાંથી રૂા. એક કરોડનું ફંડ ફાળવેલ છે. જેનું સંચાલન શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાનું ટ્રસ્ટ કરશે. ઝાલાવાડી સભાના સભ્યોની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે Foreign જવું હોય તો તેઓને રૂા. ત્રણ લાખ સુધીની વગર વ્યાજે રકમ આપવામાં આવશે. જે વિગત માનદ્ મંત્રીશ્રી અતુલભાઈ શાહે જણાવેલ.

ત્યારબાદ સભાના કારોબારી સભ્ય તેમજ ૨૦૨૪ના ZIPL ના સંયોજક શ્રી ચેતનભાઈ ગોસલીયાએ ૨૦૨૫ ZIPL ક્રીકેટ ટુર્નામેન્ટ માટે રજુઆત કરી હતી. ટુંક સમયમાં ક્રિકેટ ટુર્નામેન્ટનો વિગતવાર પોગ્રામ સભાની માસિક પત્રિકા દ્વારા જણાવવામાં આવશે.

સૌ પ્રથમ ૪૦ વિદ્યાર્થીઓને સભા તરફથી સર્ટીફિકેટ તેમજ મેડલ આપવામાં આવેલ. ત્યારબાદ ધાર્મિક શ્રેણી ૨૩-૨૪ માં પાસ થયેલ સભાના સભ્યોને તેમજ નવતત્ત્વની Open Book Exam માં ૧ થી ૧૦ નંબર આવેલ તેઓને પણ નવાજવામાં આવેલ.

છેલ્લા લગભગ ચાર વર્ષથી પારિતોષિક આયોજન થઈ શક્યું નહોતું. એટલે ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૦૨૪ ના બાળકોને પારિતોષિકનો લાભ મળેલ છે.

પારિતોષિક સમારંભમાં વિદ્યાર્થીઓની હાજરી ૧૦૦% રહી હતી. જે અત્યાર સુધીના પારિતોષિક સમારંભનું મહત્ત્વ હતું. આયોજન મહાવીર બેન્ક્વેટ, કાંદિવલી ખાતે રાખવામાં આવેલ.

અંતમાં ઝાલાવાડી સભાના કોષાધ્યક્ષ શ્રી હેમંતભાઈ શાહે પધારેલ અતિથી વિશેષો, સૌ ભાઈ-બહેનો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનો તેમજ પારિતોષિક સમારંભના ત્રણે સંચાલકોનું ખુબ ખુબ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

સુમધુર પ્રિતીભોજનનો આસ્વાદ માણી સૌ છુટા પડયા.

**સંકલન : અતુલભાઈ શાહ, અનિલભાઈ સંઘવી, મુકેશભાઈ શાહ**

# લાંછન ...

અંકિતા સોની

ખીચોખીચ ભરેલા હૉલમાં દુપટ્ટાથી મોં ઢાંકીને પરિધીએ પ્રવેશ કર્યો. માંડ માંડ જગ્યા શોધીને એ બેઠી. ધીરેથી દુપટ્ટો હટાવીને એણે આસપાસ નજર કરી પણ સાથે ભણતી બધી છોકરીઓએ એની સામે જોયું ન જોયું કર્યું.

આજે કોલેજમાં વાર્ષિકોત્સવ હતો. સ્ટેજ પર કોલેજના ટ્રસ્ટીઓ, આચાર્ય તથા નગરના અન્ય મહાનુભાવો ગોઠવાયા હતાં. દીપ પ્રાગટ્ય અને પ્રવચનો પછી સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ થયાં ત્યારે કોલેજના યુવાનોએ ચિચિયારીઓ પાડીને આખો હોલ ગજવી મૂકેલો.

એક પછી એક કાર્યક્રમ પૂર્ણ થયાં. છેલ્લે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવાનું શરૂ કર્યું. આ વર્ષે ઇન્ટર કોલેજ ડાન્સ સ્પર્ધામાં પરિધિએ એની કોલેજનું નામ રોશન કર્યું હતું. નિયમ મુજબ પ્રમાણપત્ર અને શિલ્ડની અધિકારી પરિધી પણ હતી. ઈનામ વિતરણ સમારંભ પૂરો થયો પણ કોઈએ પરિધીનો ઉલ્લેખ સુદ્ધાં ન કર્યો. થોડી નારાજગી સાથે પરિધી ઉઠી. દુપટ્ટો સરખો કરીને સડસડાટ એ હૉલની બહાર નીકળી ગઈ.

કોલેજ પાસે આવેલા બગીચાના બાંકડે બેસતાં પરિધીથી ઊંડો નિસાસો નંખાઈ ગયો. પર્સમાંથી પાણીની બોટલ કાઢીને એકીશ્વાસે ગટગટાવી. ખાલી બોટલ પર્સમાં મૂકતાં એક કવર એને હાથ લાગ્યું. કવરમાંથી કાગળ કાઢ્યો અને છૂટા મોંએ રડી પડી. દૂર ઉભેલા કેટલાક લોકોની નજર એના પર હોવાનો આભાસ થતાં એ ઝડપભેર ત્યાંથી નીકળી ગઈ.

'આવી ગઈ ? કેવો રહ્યો પ્રોગ્રામ ? તને તો આજે શિલ્ડ મળ્યું હશે ને.. પરિધિ ઘરમાં પ્રવેશતાં જ મોટી બહેન રીમાએ પ્રશ્નોનો મારો ચલાવ્યો. જવાબ દેવાને બદલે એ પોતાના રૂમમાં પૂરાઈ.

નાનકડા ખુશહાલ પરિવારની તેજસ્વી દીકરી પરિધીનું કોલેજનું આ છેલ્લું વર્ષ હતું. ગ્રેજ્યુએશન પૂરું કરીને માસ્ટર ડિગ્રી



મેળવવા આતુર પરિધીના સપનાને કલંકનો કાળો પડછાયો ગળી ગયેલો. નૃત્ય શીખવા ડાન્સ એકેડમી ગયેલી પરિધી પર એના ડાન્સગુરુની નજર બગડી અને એક દિવસ મોડે સુધી પ્રેક્ટિસના બહાને... પરિધી જેમતેમ કરીને જાતને બચાવીને ત્યાંથી ભાગી છૂટી.

રડતી ફફડતી પરિધિએ ઘરે પહોંચીને સમગ્ર ઘટના પરિવાર સમક્ષ રજૂ કરી ત્યારે પિતાનો ક્રોધ ભભૂકી ઉઠયો. મનથી ઘવાયેલી પરિધીને ખરીખોટી સંભળાવીને બે ચાર લાફા ઝીંકી દીધા. ઘરની આબરૂ બચાવવા એને બહાર નીકળવાની મનાઈ કરી દેવાઈ. એ ઘટના પર પડદો પાડવાનું સહુ પરિજનોએ નક્કી કરી દીધું. વગર વાંકે સજા મળવાથી એનો આત્મા કકળી ઉઠયો. અલબત્ત, ઇન્ટર કોલેજ ડાન્સ સ્પર્ધામાં એણે જ્યારે દુર્ગારૂપ ધારણ કરીને નૃત્ય કર્યું ત્યારે પ્રેક્ષકોએ તાળીઓનો વરસાદ વરસાવી દીધેલો. પ્રથમ નંબરે વિજય પ્રાપ્ત થતાં એને ટ્રોફી મળી.

આ વખતે કોલેજના વાર્ષિકોત્સવમાં એને પ્રમાણપત્ર અને શિલ્ડ પેલા ડાન્સ ગુરુના હસ્તે મળવાના સમાચાર મળ્યા ને પરિધી રોમેરોમ સળગી ઉઠી. સીધી જઈ ચડી પ્રિન્સિપાલની ઓફિસમાં અને તમામ વૃતાંત કહી સંભળાવ્યો. કોલેજમાં વાયુવેગે ખબર ફેલાઈ ગઈ અને નિર્દોષ પરિધી પર દોષનો ટોપલો ઢોળી દીધો. કોલેજને કથિત બદનામીથી બચાવવા પ્રિન્સિપાલે એને તાત્કાલિક સસ્પેન્ડ કરી.

પરિધી જ્યાં જાય ત્યાં એને પેલા નફફટ ડાન્સગુરુનો વરવો ચહેરો દેખાતો. ડાન્સગુરુની પ્રતિષ્ઠા પણ એટલી બધી હતી કે કોઈ પરિધીની વાતનો વિશ્વાસ કરતું નહીં. એથી એ વધુ અકળાઈ.

'સર..મને..મને માફ કરી દો..' ડાન્સગુરુની કેબિનમાં પગ મૂકતાં ગળગળા અવાજે પરિધી બોલી.

'હા..હા.. આવ..આમ પણ તારી વાત કોઈ માનશે નહીં.. મેં કહ્યું હતું ને તે દિવસે.. તારી પાસે મને તાબે થવા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી.. ' લોલુપ નજરોથી પરિધીને તાકીને અટ્ટહાસ્ય કરતાં ડાન્સગુરુ બોલી રહ્યો હતો.

ખુરશીમાંથી ઊભા થઈને જેવો એ પરિધીની નજીક આવવા ગયો ત્યાં પરિધીની પાછળ એને બીજા ચાર હથિયારધારી હાથ દેખાયાં. પાછળ ઊભેલી મહિલા પોલીસ અને પરિધીના ક્રોધથી લાલ ચહેરામાં એને સ્વયં મહાકાલીના રૌદ્રરૂપના દર્શન થયાં !

❖❖❖

# ઘડપણનો સાક્ષાત્કાર: જેની અસર માઠી નહિ પણ મીઠી



બકુલ ગાંધી

જન્મ, બચપણ, તરૂણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા અને મરણ આ કુદરતી ક્રમ છે, પરમાત્માએ અર્પેલી અમુલ્ય ભેટ છે. તુલનાત્મક રીતે વૃદ્ધાવસ્થા ખૂબ જ પડકારજનક છે કારણ કે શરીર જોઈએ તેવું સાથ ન આપે, અંગો ઢીલા પડે, આંખનું તેજ, શ્રવણ શક્તિ, પ્રતિકારક શક્તિ, સ્મરણ શક્તિ ઘટે, અનિદ્રા, એકલવાયાપણું અને હતાશાની પીડા વિ.

સામાન્ય રીતે ધંધા કે વ્યવસાય અને કુટુંબ અને સમાજમાં સક્રિય જીવન જીવનાર વ્યક્તિને ઘડપણમાં સમાયોજીત થવું મુશ્કેલ ભર્યું અનુભવાય છે. પહેલાં ઘડીભરની ફૂરસદ નહોતી અને હવે ફૂરસદ હી ફૂરસદ છે અને ખાલી પણું લાગે છે. પ્રબુદ્ધ જીવન ના જન્મ અને વિકાસમાં ત્રણ દાયકાથી વધુ સમય સુધી અદ્વિતીય ફાળો આપનાર, નીડર નિસ્પૃહ સ્પષ્ટતાથી વિચારો રજુ કરનારા સમાજ સુધારક અને જીવનભર જાગતા રહી આંતર-બાહ્ય લડવૈયા તરીકે ઝઝુમનાર ભડવીર ડાયાબિટિસથી પીડાતા આદરણીય સ્વ. પરમાનંદભાઈ કાપડિયાએ મે ૧૯૭૦ના પ્રબુદ્ધ જીવનના અંકમાં વૃદ્ધાવસ્થાની માઠી અસર અનુભવાતા વિચારો વ્યક્ત કરતાં લખેલ છે કે મારી આજની ઉંમર અને શારીરિક પરિસ્થિતિના સંદર્ભમાં સમગ્ર જીવનની ભાત કાંઈક આ પ્રમાણે બદલાયેલી અનુભવું છું:- પહેલાં શરીર અને મન પ્રમાણમાં સશક્ત હતાં અને વ્યાપાર-વ્યવસાય સાથે એક યા બીજા પ્રકારની સામાજિક પ્રવૃતિઓમાં મન સતત સંલગ્ન રહેતું હતું અને સમય ભરેલો લાગતો. આજે શરીર અને મન બન્નેની શક્તિ ઘટી છે; વ્યાપાર- વ્યવસાયથી તદ્દન નિવૃત થયો છું; નવરાશ વધી છે; આંખોની નબળાઈના કારણે વાંચન પણ બહુ થઈ શકતું નથી. મળવા આવનાર ઘટતા જાય છે. મળવા જવાનું પણ કમી થતું જાય છે, પરિણામે ઘણી વખત એકલતા, શુન્યતા મનને બેચેન બનાવે છે. પહેલાં મૃત્યુનો ભાગ્યે જ વિચાર આવતો; આજે મૃત્યુ જાણે કે સમીપ ઊભું હોય એમ લાગે છે. એ મૃત્યુ ભલે આવવાનું હોય ત્યારે આવે, પણ કોઈ કોઈ સમવયસ્ક સ્વજનોની શારીરિક અવસ્થા જોતાં રખેને મારે પણ આવી યાતનામાંથી પસાર થવું પડે એવી ભીતિ ચિત્તને કદી કદી સ્પર્શી જાય છે. પહેલાં પ્રસન્નતા- અપ્રસન્નતાનો બહુ વિચાર જ નહોતો આવતો. વર્તમાનમાં જીવતો હતો અને વર્તમાન ભર્યું ભર્યું લાગતું હતું, આજે અવારનવાર સરી જતી ચિત્તની પ્રસન્નતાને ટકાવી રાખવા પ્રયત્નશીલ બનવું પડે છે. આગળના વર્ષો દરમ્યાન ધ્યાન પ્રાર્થના પ્રત્યે ઉપેક્ષા સેવેલી હોઈને આજે તે દિશાનો પ્રયત્ન હોવા છતાં કોઈ ધારી સફળતા મળતી નથી. અન્તર્ગત ચેતના સતત જાગ્રત - કર્મલક્ષી હોવા છતાં, શરીર ગતીશીલ થવાની જાણે કે ના પાડે છે. ''જેમનું જીવન આજ સુધી એકધારું વ્યવસાયપરાયણ રહ્યું છે પણ આજે જેઓ લગભગ નિવૃતિપરાયણ જીવન ગાળે છે તેવી વૃદ્ધાવસ્થા પસાર કરતી વિશેષ કોટીની વ્યક્તિઓના માનસની સંવેદનો, વ્યથા પણ આ મે ૧૯૭૦ના અંકમાં રજુ કરતાં પ્રશ્ન કરે છે કે જીવનના આ સંધ્યાકાળમાં વર્ષાન્ત સમિપનો ભાદ્રપદની સંધ્યાના રંગ રોશની ન સામાન્ય - ન અસામાન્ય એવા- માનવીઓને કેમ અનુભવગોચર થતાં નથી? આવી મનોવેદનાને સંત કવિ નરસિંહ મહેતાએ વાચા આપી છે...

**ઘડપણ કોણે મોકલ્યું ?**

*ઘડપણ કોણે મોકલ્યું ?*
*જાણે જોબન રહે સૌ કાળ (ટેક)*
*ઉંબરા તો ડુંગરા થયા રે,*
*પાદર થયા પરદેશ;*
*ગોરી તો ગંગા થઈ રે,*
*અંગે ઉજળા થયા છે કેશ.... ઘડપણ.....*
*નહોતું જોઈતું ને શીદ આવીયું રે ?*
*નહોતી જોઈ તારી વાટ;*
*ઘરમાંથી હળવા થયા રે,*
*કહે ખૂણે ઢાળો એના ખાટ.... ઘડપણ.....*
*નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ;*
*રોજ ને રોજ જોઈએ રાબડી રે,*
*એવી બળી ઘડપણની ટેવ.... ઘડપણ....*
*પ્રાતઃકાળે પ્રાણ થયા રે,*
*વહુવારૂઓ દે છે ગાળ;*
*દીકરીઓને જમાઈ લઈ ગયા રે,*
*હવે ઘડપણના શા હાલ્ ? ઘડપણ.....*
*નવ નાડીઓ જૂજવી પડી રે,*

*આવી પહોંચ્યો કાળ;*
*બૈરા છોકરા ફટફટ કરે રે,*
*બાળક દે છે ગાળ... ઘડપણ*
*આવી વેળા અંતકાળની રે,*
*દીકરા પધાર્યા દ્વાર;*
*પાંસળીએથી છોડી વાંસળી રે,*
*લેઈ લીધી તેણી વાર........ઘડપણ....*
*એવું નફ્ફટ છે આ વૃદ્ધપણું રે,*
*મૂકી દો સૌ અહંકાર;*
*ધરમના સત્ય વચન થકી રે,*
*મહેતો નરસૈં ઉતર્યો ભવપાર....*
*ઘડપણ.....*

વૃદ્ધાવસ્થાની માઠી અસર અનુભવાતા નકારાત્મકતાથી તદ્દન વિપરીત ''ઘડપણનો સાક્ષાત્કાર: જેની અસર માઠી નહિ પણ મીઠી'' છે તેવી દ્રષ્ટિ કેળવનાર, જેમના મૃત્યુ વિષેના અવારનવારના લખાણોને ''પરમ સખા મૃત્યુ'' નામના પુસ્તક દ્વારા પ્રકાશિત થયેલ છે તે પૂજ્ય કાકા સાહેબ કાલેલકરે ગીતાનો ''સુખેદુ:ખે સમકૃત્વા'' આદર્શ સ્વીકાર્યો હતો. આ આખી દુનિયા માયા છે અને જીવન નિસાર છે એ જાતના વિચારો આવકાર લાયક નથી તેવું તેમને નાનપણમાં ૧૯મી સદીનો સૌથી જાણીતા અને સૌથી પ્રિય અમેરિકન કવિ હેનરી વૉડ્સવર્થ લોંગફેલોની કવિતા "The Psalm of Life" એટલે કે ''જીવનનું ગીત'' ને કંઠસ્થ અને સમજતાં ખાતરી થઈ. આ કવિતા તેના આશાવાદ અને જીવનની થીમ-રાઈટ વલણ માટે જાણીતી છે. કવિ સંદેશ આપે છે કે આનંદ કે દુ:ખ એ જીવનનું લક્ષ્ય નથી. જીવનનો હેતુ સૌની પ્રગતિ અને ભલાઈ માટે તમામ ફરજો અને જવાબદારીઓ નિભાવવાનો છે. આપણે સમજવું જોઈએ કે જીવન ટૂંકું અને ઝડપી છે. કવિ શરૂઆતમાં કહે છે કે ''મને કહો નહિં (ઉંમરની) શોકપૂર્ણ સંખ્યા કે જીવન ખાલી સ્વપ્ન છે, કારણ કે એ આત્મા મરી ગયો છે જે ઊંઘે છે અને વસ્તુઓ તેને દેખાય છે તે નથી. આગળ વધતાં કહે છે કે જીવન વાસ્તવિક છે અને જીવન આતુર છે અને કબર એનો ધ્યેય નથી. તું ધૂળ છે અને ધૂળમાં પાછો ફરવાનો છે તે વાત આત્માની નથી. એ નોંધવું મહત્વનું અને પ્રાસંગિક છે કે કાકા કાલેલકર જ્યારે પોતે કાંઇક અંશે યાદશક્તિની ખોટથી પીડાતા હતા અને કાંઇક અંશે અન્યો પર નિર્ભર હતા ત્યારે પણ તેઓ સકારાત્મકતાના હિમાયતી હતા.

## 'વૃદ્ધત્વનો વસંતોત્સવ'

કાયા કહે મારે ક્યાં ય કરગરવું નથી;
મન કહે મારે તો ભૈં મરવું નથી!
આયુષ્ય મારું વૃદ્ધ નહિ વૃદ્ધિ પામે;
માટે તો વાતે વાતે કાંઈ રોવું નથી!
શરીર છે ઉંમર થતા નબળું પડે;
એ નબળાઈને શરણે- ના જવું નથી!
નથી કોઈ મારું ને હું છું સાવ એકલો;
એવી નિરાશા દિલે જરાય ધરવી નથી!
રહ્યાં વરસો બાકીના એમાં હવે તો;
રાગ-નિરાશા દિલે જરાય ધરવી નથી!
રહ્યાં વરસો બાકીના એમાં હવે તો;
રાગ-દ્વેષ-ઓરતા-ઈચ્છા-
એમાં જરીકે પડવું નથી!
હસી ખુશીથી ઘરમાં રોજ રહીએ તો;
લખી લો! જાકારો કોઈ આપતું નથી!
''મરો ત્યાં સુધી જીવો'' સુત્ર એ હૈયે ધર્યું;
સાચું કહું એમાં મારે કાંઈ મરવું નથી!

ઘડપણ વિષેના આવા નિરાશાવાદ અને આશાવાદના હાલક ડોલક વાતાવરણમાં ધર્મ- આધ્યાત્મિકતા સ્થિરતા અપાવવા, સહાયરૂપ થવામાં મહત્વનો ભાગ ભજવી શકે છે. ધર્મ શ્રધેય, પ્રતીતિજનક, સબળ સમજણ આપે છે કે હે જીવ, મનુષ્ય ગતિ દુર્લભ છે, અમૂલ્ય છે કારણ કે આ ગતિ જન્મ મરણના ફેરાઓમાંથી મુક્તિ અપાવી શકે છે. જીવે અનુભવાતા સુખ-દુ:ખ તેણે કરેલા કર્મના જ બંધનનું કારણ છે. સર્વ પ્રકારના સર્વ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરવો હોય તો તે સુભાગ્ય માત્ર એક મનુષ્ય ગતિમાં જ મળી શકે છે. ઘડપણની અવસ્થામાં માનસિક અને શારીરિક રોગોની યાતના ભોગવતા હોવા છતાં, કર્મો નથી બાંધવા અને કર્મ નિર્જરા કરવી શક્ય છે એવા સંકલ્પ સાથે, સજાગ્રતાથી સમભાવમાં રહેવું હિતાવહ છે..

જ્યારે વ્યક્તિ શારીરિક અને અથવા માનસિક પીડાઓથી ઘેરાયેલી હોય, નબળી પડી હોય, ઉપવાસ આદી તપ કરી શકતી ન હોય, ઉપાશ્રય કે દેરાસર દર્શન અને શ્રુત જ્ઞાનની આરાધના કરવા જઈ શકતી ન હોય, આળસી જવાતું હોય, સામાયિક- પ્રતિક્રમણ- ચોવિહાર વિ. અઘરા લાગતા હોય ત્યારે સકારત્મક અભિગમ રાખવો હિતાવહ છે તેવી સમજણ હોવા છતાં હર પળે તેને અનુસરવું મુશ્કેલ હોય છે તે વાસ્તવિકતાનો અનુભવ લગભગ બધાં વૃદ્ધજનોને થતો હોય છે.

જ્યારે માનસિક અને શારીરિક સુખાકારી નબળી હોય અને લાચારી- નિરાધારની લાગણી અનુભવાતી હોય ત્યારે પણ, પ્રતિકૂળતાને તકમાં બદલીને, વધુ નવરાશ ના સમયે એકલવાયાપણું અનુભવાતું હોય, કંટાળો આવતો હોય ત્યારે પોતાના ઘરે બેઠાં પણ (૧) સ્વાધયાયથી શ્રુત જ્ઞાનની આરાધના ધર્મની સમજણ કેળવતાં (ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવેલ છે કે જેમ દોરો પરોવાયેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી તેમ શ્રુત જ્ઞાનનો ઉપાસક જીવ સંસારમાં ગેરમાર્ગે ભટકાઇ જતો નથી)

અને (૨) પોતાના ભૂતકાળનું વિવેચનાત્મક રીતે અવલોકન કરી પ્રાયશ્ચિત કરવાનું અભ્યંતર તપ કરી સકામ નિર્જરા કરી શકે છે.. વ્યવહારમાં, ધંધા-વ્યવસાયમાં, કુટુંબમાં સમાજમાં ઘણી વ્યક્તિઓ સાથે, ઘણાં પ્રસંગે જાણતા-અજાણતા દુઃખ પહોંચાડ્યું હોય, અન્યાય કર્યો હોય તેની અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી પ્રાયશ્ચિત કરતાં, અને તેવી જ રીતે જો કોઈએ મને દુઃખ પહોંચાડ્યું હોય અથવા મારી સાથે અન્યાય કર્યો હોય તો હું તેને માફ કરીશ અને તેની સાથે દુશ્મની નહીં રાખું એ ભાવના સાથે સકામ નિર્જરા થાય છે. ઉપવાસ વિ. બાહ્યંતર તપ ન થાય તો તેનો અફસોસ કરવો નહિં અને કષ્ટ સાથે પરાણે કરવા પ્રયત્ન ન કરવો કારણ કે આવું તપ અકામ નિર્જરા છે. ભગવતી સૂત્રમાં શ્રી ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને આમ સમજાવ્યું હતું. અભ્યંતર તપથી જ રાગ-દ્વેષ ઘટાડી શકાય છે અને સકામ નિર્જરા થાય છે. પ્રાયશ્ચિત- ક્ષમાપનાની ભાવના જ્યારે વિકાસ પામે છે ત્યારે અહં ઓગળતો જાય છે અને સાથોસાથ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવના ઓ પણ ખીલે છે.. જીવનની જરૂરિયાતો ઘટાડી, પરિગ્રહ ઓછો કરી શકાય છે. ત્યાગ, સંતોષ અને દાનની ભાવના અનુસરવું શક્ય છે. આર્ત્ત ધ્યાન (મનગમતી વસ્તુ, વ્યક્તિ કે સંયોગોને મેળવવાની ઈચ્છા તથા અણગમતી વસ્તુ, વ્યક્તિ કે સંયોગોને દૂર કરવાનું ચિંતન, ઉદવેગ, ચિંતા, વિલાપ....) અને રૌદ્ર ધ્યાન ( ક્રોધ, દ્વેષ, કઠોરતા, વૈરવૃતિ.....) માં ન સરકી જવાય તે વિષે સતર્કતા કેળવવા હર પળ પ્રયત્નશીલ રહો. ભક્તિ, પ્રાર્થના, ક્ષમાપના, સ્વાધ્યાય કરતાં કર્મ નિર્જરાના સફળ પ્રયત્નો કરી શકાય છે. સમાધિનું સૂત્ર છેઃ જે બને તે સારા માટે. મનને સદા પ્રસન્ન રાખવાનો કીમિયો છે. દા.ત.- (૧) જ્યારે ડાયાબિટિસ, બ્લડપ્રેશર કે પાચન શક્તિ નબળી પડી હોય અને સ્વાદિષ્ટ ગળ્યું, તીખું, તળેલું ન ખાવું હિતાવહ હોય એવી પરિસ્થિતિમાં વિચારવું કે વૃતિસંક્ષેપ (મર્યાદિત ખાવાની વસ્તુઓનો ઉપયોગ), રસત્યાગ સહિતનું ૩૬૫ દિવસ કરી શકાય તેવું ઉણોદરી તપ સાથે કર્મ નિર્જરા હાથ ધરવાનો મોકો મળ્યો છે.. (૨) આંખનુ તેજ અને શ્રવણ શક્તિ નબળાં પડ્યા હોય તે પરિસ્થિતિને અંર્તમુખમાં રહી આશ્રવ દ્વાર ત્યાગી પાપ કર્મથી બચી શકાય છે. (૩) સાંધાની કે બીજી શારીરિક પીડાઓથી પરેશાન હોઈએ તો તે વેદનીય કર્મ જાગ્રતતા સાથે ભોગવી લેવાનો સમય જાણવો. ( ૪) શારીરિક નબળાઈને કારણે મુસાફરી કે હલન ચલનમાં અંતરાય આવે છે ત્યારે દિશા મર્યાદા અને સ્થિરતા પામી આંતરધ્યાનમાં રહેવાની તક પ્રાપ્ત થઈ છે તેમ જાણવું.

વર્તમાન સમયમાં, ઉપલબ્ધતા અને પરવડે તેવા સ્માર્ટ મોબાઈલ ફોનને એક અર્થમાં એકલતા દૂર કરવા માટે ખૂબ જ મદદરૂપ સાથી બનાવી શકાય છે. મોબાઈલ દ્વારા સગાં-સંબંધીઓ, મિત્રોને કે જેઓ દુનિયાના કોઈ પણ સ્થળે હોય તેમની સાથે વાતચીત કરાવે છે અને જાણે વાસ્તવિકતામાં રૂબરૂ મળ્યા હોય તેવો અનુભવ કરાવે છે. મોબાઈલ ઉપર ગૂગલ, યુટ્યુબ અથવા તેના જેવી અન્ય એપ્સ દ્વારા વ્યક્તિ પોતાની રુચિના કે જિજ્ઞાસાના કોઈપણ વિષયો પછી ભલે તે સ્વાસ્થ્ય, રોગ, દવાઓ, ધર્મ, મનોરંજન, સંગીત, રમતગમત, અને એવા અનેક વિષયો ઉપર ઉપયોગી માહિતી મેળવી શકે છે.

ઉપરના વિશ્લેષણ આશ્વાસન અને ખાતરી થશે કે તે ક્યારેય મોડું થતું નથી, અને તુલનાત્મક દ્રષ્ટિએ ઘડપણમાં પણ સારી રીતે કર્મ નિર્જરા કરી શકાય તેવા કાર્યો છે. IT IS NEVER TOO LATE AND IT IS LARGELY DOABLE અને ઘડપણની અસર માઠી નહિં પણ મીઠી અનુભવાવી શકે છે.

આ લેખ સંદર્ભે સંત સમાગમથી મેળવેલું, જ્ઞાનીઓના વચનામૃતના સ્વાધ્યાયના નવનીત વિચારો અને વૈરાગ્યપ્રેરક ૩૦ ઉપનયકથાઓ અને કથાનક દ્વારા જીવનસંધ્યાએ જીવવાના ઉત્સાહ પ્રેરિત કરનારી ૧૨૪ પાનાની વિદ્વાન શ્રી ગુણવંતભાઈ બરવાળિયા લેખિત ‘જીવનસંધ્યાએ અરુણોદય’ અને તેનો અંગ્રેજીમાં અનુવાદ ‘A DIVINE DAWN AT THE DUSK OF LIFE’ પુસ્તિકા અને ‘ઘડપણ કેણે મોકલ્યુ રે લોલ’... જીવનઃ વન..... વૃંદાવન..... કે બાવળ વન ના લેખક અને સંકલન કર્તા રાજુલ રમેશ શાહ વૃદ્ધાવસ્થાની વ્યથા અને જીવવાની કળાની ઉપયોગી સમજણ આપે છે. રસ ધરાવતા વાચકો તેની નકલ માટે મારો સંપર્ક કરી શકે છે.

આ ઝડપથી આગળ વધતી દુનિયામાં, જ્યારે આગામી પેઢી એક તરફ વૃદ્ધ માતા-પિતા પ્રત્યેનો પ્રેમ અને તેમની સંભાળ રાખવાની સમજ અને બીજી તરફ પોતાની-સંતાનોની આકાંક્ષાઓને પૂર્ણ કરવાની ઈચ્છા વચ્ચે ખેંચાઈ જતી હોય તે સામાન્ય છે. વૃદ્ધ માતા-પિતા એકલતા અનુભવે છે ત્યારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નિયમિત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં રહેવા માટે ‘‘વિસામો’’ પ્લેટફોર્મ ઉપર ભક્તિ, પ્રાર્થના, યોગ, તંદુરસ્તીને લગતા પ્રશ્નો, મનોરંજન, કર અને અન્ય કાયદાકીય પ્રશ્નો વિષે પ્રાથમિક સહાય ઉપલબ્ધ કરાવવાની શક્યતાઓ વિષે વિચારી રહી છે.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

પંચગીની
માથેરાન / દેવલાલી
Online Query / New Member
Patrika /Loan
શ્રી નિરવભાઈ શાહ
**9819012468**

સંસ્થાના મેનેજર
શ્રી પ્રદીપભાઈ તુરખિયા
સંપર્ક
**9867748120**

મેડિકલ સહાય
પત્રિકા જાહેરખબર
લોનાવલા
મિલનભાઈ
**9860125136**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ – શ્રી મિલનભાઈ તુરખિયા
**9860125136**

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન **zalawadi.com** ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.

**સપ્ટેમ્બર ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૬–૦૮–૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

Email : zalawadisabha@gmail.com

**સપ્ટેમ્બર ૨૦૨૫ ના અંક માટે કુલ ૭ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**
**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- પિતાશ્રી મુગટભાઈ ગફલભાઈ દોશીની પુણ્યસ્મૃતિમાં, હસ્તે રૂપાબેન ઉપેનભાઈ, નૂતનબેન કિરીટભાઈ તથા ઉષાબેન (ઘાટકોપર)
- લીંબડી નિવાસી (હાલ -માટુંગા) રાજેન્દ્ર રસિકલાલ શેઠની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે
- માતુશ્રી શારદાબેન મુગટલાલ અને મુગટલાલ નરોત્તમદાસ સંઘવીના સ્મરણાર્થે હસ્તે લીના પીયુશ દોઢીવાળા - દિપા ચેતન વોરા
- દાદીશ્રી શારદાબેન જયંતિલાલ અને જયંતિલાલ હરખચંદ દોઢીવાળાના સ્મરણાર્થે હસ્તે નિકિતા રીશી શાહ - રાજવિ પીયુશ દોઢીવાળા

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો ફક્ત સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**

# પૂનમલાલ

**ઝીણાભાઈ દેસાઈ**

છાત્રાલયમાં દાખલ થતી વખતે પૂનમલાલની ઉંમર બાર વરસની હતી. દાખલ થયા બાદ થોડાક વખતમાં જ તે વિદ્યાર્થીઓનો નેતા બની ગયો. આમલી-પીપળી રમવામાં એની કુશળતા અજોડ હતી, મોટાં ઝાડોની ઊંચામાં ઊંચી અને પાતળી ડાળીઓ ઉપર ચડવામાં એની સાથે કોઈ સ્પર્ધા કરી શકતું નહિ. આ સાથે એનામાં બીજી પણ અનેક વિશેષતાઓ હતી. વાતચીતમાં એ ઘણો કુશળ હતો અને એનું હાજરજવાબીપણું અત્યંત આકર્ષક હતું. પરંતુ તેની હાજરી છાત્રાલય તેમજ શાળામાં કાર્યકર્તાઓ માટે અળખામણી થવા માંડી. પોતાના સમવયસ્ક છાત્રોની ટોળીઓ બનાવી છાત્રાલયના નિયમોનો ભંગ કરતો તે રખડપટ્ટીએ ચડ્યો. આજુબાજુનાં ખેતરોમાંથી પણ અવારનવાર એને અંગે ફરિયાદો આવવા માંડી. એના ઉપર જે જે અંકુશો મુકાતા ગયા તે બધાનો એ બહુ સફળતાથી પ્રતિકાર કરવા માંડ્યો. અને એ પ્રત્યેક પ્રતિકારે વિદ્યાર્થીઓમાં તે વધુ ને વધુ માનીતો બનતો ગયો.

બધા વર્ગો સાથે પરિચયમાં રહી શકાય એ દૃષ્ટિએ પ્રત્યેક શ્રેણીના બધા વિભાગોને એકઠા કરી સામાન્ય જ્ઞાન તથા કવિતા જેવા વિષયો હું એ વખતે લેતો. એવા વર્ગ લેતી વખતે મને પણ પૂનમલાલનો સીધો પરચો મળ્યો. એ જ્યાં બેસતો ત્યાં ચારે બાજુએ ભારે અસ્વસ્થતા મચી રહેતી. એમાં એ જ કારણભૂત હતો એ શોધી કાઢતાં મને વાર લાગી નહિ.

પૂનમલાલે વિદ્યાર્થીઓમાં પ્રાપ્ત કરેલું સ્થાન કેવળ તેનાં અળવીતરાંને લઈને જ ન હતું, તે ભારે બુદ્ધિશાળી પણ હતો.

એટલે તો પૂનમલાલમાં મને વધુ રસ પડવા માંડ્યો. એની શક્તિઓને યોગ્ય માર્ગે વાળવા માટે શું થઈ શકે એ અંગે એના બીજા શિક્ષકો સાથે પણ હું વખતોવખત ચર્ચા કરવા માંડ્યો. પણ એને માટે જે કોઈ યોજના કરવામાં આવતી તેમાં એને લાંબો રસ રહેતો નહિ. એને તોફાનમાં અને ભાંગફોડમાં જે આનંદ આવતો તે આડે બીજી બધી સિદ્ધિઓ એને ગૌણ લાગતી. એના આ સમાજવિરોધી વલણમાં એક પ્રકારની અવળે રસ્તે ચડી ગયેલી એની વિજિગીષાની જ અભિવ્યક્તિ હતી, એવો વહેમ ધીરે ધીરે મારા મનમાં બંધાતો ગયો. એ અંગે શું થઈ શકે એનો હું વિચાર કરતો હતો, એવામાં એક દિવસ એક મોટી ફરિયાદ મારી પાસે આવી.

અમારા કંપાઉંડની દીવાલ પાસે પાડોશીનો એક આંબો હતો. એ આંબાની કેટલીક ડાળીઓ અમારા કંપાઉંડમાં પડતી હતી. આંબા ઉપર મરવા બેઠા હતા, અને છોકરાઓ પથ્થર મારી મરવા પાડે છે એ જાતની ફરિયાદ એના રખેવાળ તરફથી અવારનવાર આવતી હતી. એ માટે વિદ્યાર્થીઓને ઠપકો, ચેતવણી વગેરે આપવા જેવું બધું અમે કરી ચૂક્યા હતા. પણ પૂનમલાલની સરદારી હેઠળની ટોળી ઉપર એની કશી અસર થવા પામી ન હતી. પરિણામે રખેવાળે છોકરાઓને ભગાડવા માટે પથ્થરો મારવા માંડ્યા. અને પૂનમલાલની ટોળીને જાણે એ જ જોઈતું હોય તેમ એ પથ્થરોનો જવાબ તેમણે બેવડા ઝનૂનથી આપવા માંડ્યો. અમારા ચોકીદારે આ જોયું અને પુનમલાલને તેણે પકડી લીધો.

એક બાજુથી પૂનમલાલને લઈને ચોકીદાર મારી પાસે આવ્યો, ત્યાં બીજી બાજુથી આંબાનો રખેવાળ અને તેની પત્ની ભારે અકળાટ સાથે રાવ ખાતાં આવી પહોંચ્યાં. વાતમાંથી મેં જાણી લીધું કે રખેવાળે એ આંબાની કેરી પચીસ રૂપિયે ખરીદી લીધી હતી. એની નફાની આશા તો બધી ધૂળમાં મળી ગઈ હતી. એનો અકળાટ સાચો હતો. મેં એને કહ્યું, ''પંદર રૂપિયા નફો લઈ એ આંબો મને આપી દે.'' મારી આ અણધારી વાતથી છોકરાંઓ તેમજ રખેવાળ ઘડીભર તો અવાક્ બની ગયાં. રખેવાળ તો બાપડો મૂંઝાઈ ગયો અને જાણે પોતે ગુનેગાર હોય એવી સ્થિતિમાં આવી પડ્યો. પણ મારી વાતની ગંભીરતાની તેને ધીરે ધીરે ખાતરી કરાવી તેના હાથમાં મેં ચાલીસ રૂપિયા મૂકી દીધા. એ પછી પૂનમલાલને સંબોધીને કહ્યું, ''હવે પડાય તેટલા મરવા પાડો.'' પણ મારી આ સૂચનાની એના મન ઉપર કશી જ અસર થતી ન હોય એવું જણાતાં મેં કહ્યું, ''કેમ, ડરી ગયો ?'' જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ, મારા આ ટોણાથી ઉશ્કેરાયેલો તે આંબા તરફ દોડી ગયો અને બને તેટલા ઝનૂનથી આંબા ઉપર પથ્થરમારો કરી તેણે ઢગલાબંધ મરવા ખંખેરી પાડ્યા. એ અંગે મેં કશી જ પૂછપરછ ન કરી તેમ જ એ બનાવની કોઈ નોંધ પણ લીધી નહિ. બીજે દિવસે પૂનમલાલ મારે ઘેર આવ્યો. થોડો વખત તો એ મૂંગો મૂંગો બેસી રહ્યો. એને કંઈક કહેવું હતું. પણ એ બોલી શકતો નહોતો. પછી ખૂબ અકળાટ સાથે તે બોલ્યો, ''તમે ખૂબ ખરાબ છો.''

મેં કહ્યું : ''તેં આજે જ જાણ્યું ?''

તે બોલ્યો : ''બધાના દેખતાં મને આમ શા માટે ભોંઠો પાડ્યો ?''

મેં કહ્યું : ''તને ક્યાં ભોંઠો પાડ્યો છે ? તારે મરવા જોઈતા હતા અને તેની મેં તને અનુકૂળતા કરી આપી.''

''ના, ના, એવું નથી; તમે તમારી ભલાઈથી મને દબાવવા માગો છો, પણ એમ હું દબાવા માગતો નથી.''

મેં કહ્યું : ''મારું પણ એ જ કહેવું છે; તારે દબાવાનું નથી જ.''

તે વધુ બોલવા અસમર્થ જણાયો. આવેગથી એનો અવાજ કંપતો હતો. તે સફાળો ઊભો થઈ એક પણ વધુ શબ્દ બોલ્યા વિના ચાલ્યો ગયો. એ પછી મોડેથી મને ઑફિસમાં એકલો બેઠેલો જોઈ તે આવ્યો, અને કંઈ પણ બોલ્યાચાલ્યા વિના મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી જતો રહ્યો. ચિઠ્ઠીમાં તેણે લખ્યું હતું :

''તમારા ચાલીસ રૂપિયા મારે વાળી આપવા છે. મને કંઈ કામ આપો. ગમે તેવું મજૂરીનું કામ કરવા પણ હું તૈયાર છું. ઝાડુ વાળવાનું કામ પણ હું કરીશ.'' શાળા છૂટ્યા બાદ મેં પૂનમલાલને બોલાવ્યો અને અમે તાજેતરમાં જ સાઠ આંબા રોપ્યા હતા તેને પાણી પાવામાં તથા એ દરેક આંબા ફરતે થોરિયાની વાડ કરવામાં માળીને મદદ કરવાનું કામ મેં તેને સૂચવ્યું. આ વાત સાંભળતાં જ તેની આંખ આનંદથી હસી ઊઠી. એની ટુકડી સાથે એણે એ કામ ઉપાડી લીધું.

પછી થોડા જ દિવસમાં '૪૨ ની લડત આવી; શાળા બંધ થતાં પૂનમલાલ પોતાને ગામ ગયો. દસ મહિના બાદ જ્યારે શાળા ફરીથી ઊઘડી ત્યારે પૂનમલાલ પાછો આવ્યો નહિ. એનાં માતપિતા હતાં નહિ. એની ઘરડી માસી એની સંભાળ રાખતી. અને પૂનમલાલને પાછો મોકલવા અમે લખેલા પત્રો અનુત્તર રહ્યા.

# અનોખી



**જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

**એ**નું નામ અનોખી, પણ તમે તેના વિશે કઈ અનુમાન બાંધી લ્યો તેના પહેલા જ જણાવી દઉં કે નામ જેવા કોઈ જ ગુણ તેનામાં નહતા, નહિ નાક નકશો, ના દેહ સૌંદર્ય, ના બુદ્ધિ ચાતુર્ય, હાં પણ અનોખું કઈ જો હોય તો તે તેની પ્રેમ કથા જીંદગીમાં સ્વપ્ને પણ તેણે નહોતું વિચારેલ કે કોઈ તેનાં જેવી છોકરીના પણ પ્રેમમાં પડી શકે એટલે આ અનોખીના જીવનમાં પણ કંઈક અનોખું છે તે જ તેની પ્રેમકથા. તેનાં પ્રેમનો જાદુગર, તેના મનનો માણિગર, તો ચાલો જઈએ આપણે ત્રણ દાયકા પૂર્વે...!

ગુજરાતના અંતરિયાળ પણ પ્રખ્યાત ગામ ખંભાતમાં, જ્યાં તેનો જન્મ થયો હતો, તેની માતા આશા તથા પિતા કિશોરનું એકનું એક સંતાન નામ અનોખી. પિતાનો વ્યવસાય દરજીનો, ઘરના ઓટલે જ મશીન નાંખી ગામના કપડાં સીવે, આશા પણ ગાજ, બટન, ઓટણનું કામ કરી મદદ કરે.

ખંભાત એટલે જૈનોની ધર્મનગરી, જ્યાં ૭૭ જિનાલયો વિદ્યમાન, તેમાં પણ એકસો આંઠ પાર્શ્વનાથમાંના એક સ્થંભણ પાર્શ્વનાથનું મુખ્ય જીનાલય, સાધુ સાધ્વીજી ભગવંતોના નોખા નાખો ઉપાશ્રય શ્રાવક શ્રાવિકાઓથી ધમધમતા રહે. ક્યારેક ગોચરીનો પણ આ પરિવારને લાભ મળી જાય.

અનોખીનો અભ્યાસક્રમ પૂર્ણ થઇ ગયેલ, જેથી ફાજલ રહેતા સમયમાં પિતાએ સીવેલ કપડા ઘરાકોને ત્યાં જઈને આપી આવે, પૈસા બાકી હોય તો તેની પણ વસુલાત કરે, થોડી મદદ મમ્મીને ઘરકામમાં પણ કરે, અને ધાર્મિક પાઠશાળામાં પણ નિયમિત જાય. ઘરે ગાથા પણ પાઠ કરે. આયંબિલને ખુબ જ માંગલિક માને તેથી જ ચૈત્રી તથા આસો માસની આયંબિલની ઓળી દરમિયાન ચૌદશના દિવસે તો ચોક્કસ આયંબિલ કરે, રોજ એક સામાયિક તો અવશ્ય જ કરે, તપશ્ચર્યાના દિવસે પ્રતિક્રમણ પણ કરે. પર્યુષણ પર્વ દરમિયાન પણ અનુકૂળતાએ આયંબિલ કરે, સંવત્સરીના દિવસે નકોરડો ઉપવાસ રાખી બારસા સુત્રનું શ્રવણ ઉભા ઉભા કરે તેમજ પ્રતિક્રમણ પણ ઉભા રહીને જ કરે. દિવાળીની રાત્રે તથા નુતન વર્ષના પ્રભાતે પરમાત્મા શ્રી મહાવીર સ્વામીના મોક્ષ અને ગુરુ ગૌતમસ્વામીના કેવલજ્ઞાન માટે શાસ્ત્રોક્ત કથન અનુસાર નવકારવાળી ગણે. માતાપિતાને નિત્ય પગે લાગે.

સમય સહુનો સરખો કયાં જાય છે, આજનો રાય ઘડીમાં રંક બની જાય છે અને રંકને રાજા બનાવી જાય છે, તદ્નુસાર એક દિવસ કિશોરને અચાનક પક્ષાઘાતનો હુમલો આવ્યો અને કમરથી નીચે જમણી બાજુ પર લકવાની અસર થતા શીવવાનું કામ સ્થગિત થઈ ગયું. સારવાર લેવા છતાં કોઈ ફરક ના પડ્યો. ઘરની આવક બંધ થતાં ધીરે ધીરે ઘરની સંચય કરેલ મૂડી ખૂટવા લાગી. તેને ધ્યાનમાં લેતાં અનોખીએ પાસેનાં શહેર તારાપુરમાં ખુલી રહેલ સી.એ. ની ફર્મમાં નોકરી ખાલી છે ની જાહેરાત સંદેશ સમાચાર પત્રમાં વાંચી અને મમ્મી સાથે વાતચીત કરી અનુમતિ મેળવી. નોકરી માટેની અરજી મોકલાવી અને ઇન્ટરવ્યું લેતાં પાસ પણ થઈ અને કાલથી સવારે ૯.૩૦ થી ૬.૩૦ દરમ્યાન રૂપિયા ૭૫૦૦ ના પગારે નોકરીએ આવવાનો નિમણૂંક પત્ર આપી દેવાયો.

હવે અનોખીનાં નિત્યક્રમમાં ફેરફાર થવા લાગ્યો. વહેલી ઉઠી ઘરનું કામકાજ તથા દર્શન વંદન કરી પોતાના માટે બનાવેલ ટિફીન લઈ નીકળી જવા લાગી. તારાપુરમાં જવા સરકારી બસ અથવા રિક્ષામાં પ્રવાસ કરવો પડે, પહેલો દિવસ હોઈ મોડા આવવાની છાપ ના પડે માટે રિક્ષામાં જવાનું ઉચિત માન્યું. પહેલાં દિવસે તેના ઉપરીએ તેના બેસવાનું ટેબલ તથા કામની સમજ પૂરી પાડી અને કોઈપણ તકલીફ હોય તો તેની મદદ લેવાં જણાવ્યું. પહેલો દિવસ હોઈ સહકાર્ય કરો સાથે ઓળખપરખ કરી જેટલું સમજાયું કામ તે પ્રમાણે કરી સાંજે કાર્યાલય સમય બાદ ઘરે જવા નીકળી. ઘરે જતાં પહેલા એસટી બસના સમય સારીણીની તપાસ કરી,્ને આવતીકાલથી બસમાં જ આવવાજવાનું મનોમન નક્કી કર્યું. ઓફિસના કામ તથા પ્રવાસને પરિણામે થાકી ગયેલ માટે જમીને જલ્દી સુઈ ગઈ. બીજા દિવસે ઘરેથી વહેલી નીકળી એસટી ડેપો જઈ માસિક પાસ કઢાવી બસનો પ્રવાસ શરૂ કર્યો.

ધીરે ધીરે કામ ફાવી ગયું, હવે ટેલીફોન, વીજળી બિલ ભરવા, તથા પગાર બેંક

ખાતામાં જમા થવાનો હોઈ તેના તથા મમ્મીના સંયુક્ત નામે કોઈપણ એક જણાની સહીથી લેવડ દેવડ થાય તે મુજબનું બેન્ક ઓફ બરોડામાં સેવિંગ ખાતું ખોલાવી લીધુ, તેમાં તેના મેનેજર અનિલ દેસાઈ દ્વારા સારો સહકાર પ્રાપ્ત થયેલ માટે તેમનું નામ પૂછી માં દીકરીએ આભાર માન્યો.

વાતવાતમાં એક મહિનો પસાર થઈ ગયો અને પહેલા પગારનો ચેક પણ હાથમાં આવી ગયો, જે સાંજે ગરે બતાવી સાથે લાવેલ તાજું હલવાસનથી સહુનું મોઢું મીઠું કરાવ્યું અને મમ્મી પપ્પાનાં આશિષ લીધાં. આજે અનોખી ખુશ હતી તેની પહેલી કમાઈ ઘરે આવેલ. સૂતા સૂતા વિચાર્યું કાલે ઓફીસના સહકાર્યકરોને પણ મારી ખુશીમાં સામેલ કરીશ. રાતે નક્કી કર્યા મુજબ બીજા દિવસે આ બધા કામો પતાવવાના હતા તેમજ ચેક પણ બેંકમાં જમા કરાવવાનો હતો માટે નિયત સમય કરતાં વહેલી નીકળી, બસને બદલે રિક્ષામાં બેસીને સીધી બેંકમાં ગઈ, અને ત્યાંથી સ્લીપ ભરી, ચેક ભર્યો અને બેન્કમાંથી રવાના થઈ. ઝડપભેર ઓફિસ પહોચી તો પણ દશ મિનીટ તો મોડું થઈ જ ગયું અને લેટ માર્ક લખાઈ. પણ તેની ચિંતા ના કરતા સોંપાયેલ કામગીરી કરવાનું શરૂ કર્યું.

ચેક ક્લીયર થઈ ત્રણ દિવસે રકમ ખાતામાં જમાં થાય તેવા અનુમાને અનોખી આજે ફરી વહેલી નીકળી રીક્ષામાં જ રવાના થઈ ને રિક્ષા બેંક પાસે જ ઉભી રાખી તેમાંથી ઉતરી ચેકમાં રકમ ભરી કાઉન્ટર પર આપવા ગઈ, ત્યાં બેંકમાં પાર્ટીનો માહોલ હતો, કેશિયરને પુછતાં તેણે જણાવ્યું કે 'અનિલ ભાઈની કવિતા અહીના દૈનિક 'પ્રભાતનાં પુષ્પો'માં પ્રકાશિત થઈ છે તેથી ઉજાણી ચાલુ છે,' તેનું વાક્ય પૂર્ણ થાય તે પહેલા અનિલ ઉઠીને અનોખી પાસે આવીને ઉજાણીમાં સહભાગી બનવાં કહ્યું, પહેલાં તો અભિનંદન આપતાં સવિનય નાસ્તાનો અસ્વીકાર કર્યો પણ અનિલના આગ્રહવશ નાસ્તાને ન્યાય આપી પગારના રૂપિયા લઈ ઓફિસ પહોચી. આજે પણ પંદર મિનીટ મોડું થયું હતું તેની બીજી લેટ માર્ક લખાઈ અને સાથે જણાવવામાં આવ્યું કે આપણા નિયમ અનુસાર એક માસમાં ત્રણ લેટ માર્ક થાય તો એક દિવસનો પગાર કપાત થશે માટે ધ્યાન રાખવા વિનંતી.

બપોરે લંચ સમયે જમવાનું જલ્દી પતાવી રાતે નિરાંતે વાંચવા 'પ્રભાતનાં પુષ્પો' અખબાર ખરીદ્યું. રાત્રે અખવાર હાથમાં લઈ જોયું, કવિતાનું શીર્ષક જોયું, 'ચહેરો' તેથી ઝડપભેર કવિતાના શબ્દો તરફ વળી ''એક અજાણ્યો ચહેરો, ના જાણે કેમ પોતિકો લાગતા 'ખુબ જ રસપ્રદ રચના વાંચી આનંદ થયો. ઘણાં સમય પછી આમ કોઈ લેખકની રચના વાંચી. કોલેજમાં હતી ત્યારે સમય મળે ક્યાંક પણ છપાયેલ કવિતા વાંચતી, પણ હવે તો ઘરની પરિસ્થિતિ પ્રતિકુળ હોઈ અખબાર પણ માંડ વાંચવાનું થાય છે.

હવે બેંકમાં જવાનું થાય ત્યારે અનિલ સાથે અલપઝલપ વાતો થવાનું નિયમિતપણે બનવા લાગ્યું, ઉભય પક્ષે સંવાદ રુચિકર લાગતો, વાતવાતમાં અનિલે જાણી લીધુ કે તેને પણ સાહિત્યમાં રૂચિ છે અને એટલે જ એક દિવસ અનોખી બેંકમાં આવી ત્યારે અનિલે એક નાનકડી પુસ્તિકા 'સ્નેહ પુષ્પ' તેના હાથમાં આપતાં કહ્યું, ''આ તમારા માટે, આમાં મેં લખેલ કેટલીક કવિતાઓ છે આશા રાખું છું તમને ગમશે'', સસ્મિત સ્વીકારી અભિનંદન આપતાં અનોખી બોલી, ''જરૂર વાંચીશ અને મારો અભિપ્રાય પણ આપીશ'' કહી રવાના થઈ.

અનોખી એ ઘરના કામો પતાવી રાતે નિરાંતે પુસ્તિકા હાથમાં લીધી જેનું કવરપેજ એકદમ આકર્ષક હતું અને આદત મુજબ પ્રથમ સંપાદકીય વાંચ્યુ. ત્યારબાદ એક પછી એક પાના ફેરવતી ફેરવતી ત્રીશે ત્રીશ કવિતાઓ વાંચી અને એક કાગળ લઈ પોતાના હૃદયના ઉદ્ગારો તેના પર અંકિત કર્યા, ને ઘડી કરી પાકીટમાં મૂકી દીધું. સવાર થતાં જ નિત્યક્રમ આટોપી બસને બદલે રીક્ષામાં રવાના થઈ અને બેંકમાં અનિલ ને હાથમાં આપી તેનો પ્રતિભાવ સાંભળ્યા વિના તરત જ રવાના થઈ ઓફિસ.

આમનેઆમ લગભગ એક વર્ષનો સમય પસાર થઈ ગયો, એક દિવસ પગારનો ચેક ભરવા આવેલ અનોખી સાથે ઉપરછલ્લી વાતો કરી અનિલ બોલ્યો, ''અનોખી આ મારો ફોન નંબર છે, મને તારો ઘરનો ટેલિફોન નંબર આપીશ ?'' અનિલ સાથેના આટલા સમયના પરિચય દરમિયાન હંમેશા તેને નઝર ઝુકાવી, વિવેકથી વાત કરતાં અનુભવેલ જેને કારણે તેના માટે હૃદયમાં એક આદરભર્યું સ્થાન રહેલ તેથી કોઈ પણ સવાલ કર્યા વિના તેણે નંબર આપી દીધો અને સ્મિત વેરી રવાના થઈ ઓફિસ.

અનોખીને અણસાર આવી ગયેલ કે અનિલ રાતે ફોન કરશે અને બન્યું પણ એવું જ, ''માફ કરજે અનોખી હું આ સમયે તારી સાથે વાત કરી શકું ? કે બીજા કોઈ સમયે ફોન કરું ?'' પૂછતાં અનોખીએ કહ્યું, ''અવશ્ય વાત કરી શકાશે, આ સમય જ શાંતિનો છે.'' વાતચીતની અનુમતિ મળતા જ અનિલ બોલ્યો ''વર્ષ દરમિયાનમાં આપણી વચ્ચે થયેલ વાતચીતના આધારે હું તારી સાથે વાત કરવાનું કે મૈત્રી કરવા લલચાયો છું. શું તું મારી મિત્ર બનશે ? ''વર્ષોથી મનમાં ધરબી રાખેલ સ્વરને જાણે

આજે વાચા ફૂટી હોય તેમ તરત જ અનોખી બોલી, ''હા, અનિલ હું તારી મિત્ર બનવા તૈયાર છું.'' પછી થોડી વાતો કરી ''શુભરાત્રિ'' કહી ફોન મુક્યો.

અનિલ અને અનોખીનો વાર્તાલાપ હવે અવારનવાર થવા લાગ્યો, ઘરમાં માતાપિતાને તેમની મૈત્રીનો અણસાર ના આવી જાય માટે એક દિવસે અનિલ બહાર ક્યાંક મળવા અંગે પૂછ્યું, તો અનોખીએ સંમતિ આપી અને નજદીકમાં જ રવિવારની રજા આવતી હોઈ શહેરના તળાવ પાસે મળવાનું રાખ્યું. નિયત સમયે બન્ને મળ્યા.

અનિલે પોતાના પરિવાર વિશે જણાવતાં કહ્યું ''હું, મારી મમ્મી સુજાતા અને પપ્પા અશોકભાઈ ઘરમા કુલ ત્રણ જણા છીએ. અમારું પોતાનું એક મેડીબંધ મકાન છે, મારી બેંકની કાયમી નોકરી હોય પપ્પા ઘરે જ પાકા નામાનું કામ કરે છે, ઘણી માનતાઓને અંતે લગ્ન બાદ ચૌદ વર્ષે આવેલ હું એકમાત્ર સંતાન છું તેથી મારા ઉછેરમાં ખુબ લાડ લડાવ્યા છે. ખાવા પીવાનો અને પહેરવા, હરવા-ફરવાનો શોખ છે. પાનબીડી કે અન્ય કોઈ વ્યસન મુક્ત છું. અનોખી, મેં મારી વાત કરી હવે તારી વાત જાણવા આતુર છું.'' કહી તેની આંખોમાં આંખો મેળવી જોયુ અને અનોખીએ પોતાના વિશેની જાણકારીથી તેને વાકેફ કર્યા. ઊભય પક્ષે સમય વધુ પસાર થઈ ગયાનું અનુભવી કોકા કોલાને ન્યાય આપી રવાના થયા સ્વગૃહે.

હવે ફોનમાં જ અગાઉથી સમય નક્કી કરી રવિવાર કે તહેવારની રજામાં શહેરમાં આવેલ ઉપવન કે તળાવની પાળીએ બન્ને અનૂકુળતાએ મળવા લાગ્યા. અનિલ દરેક મુલાકાતે અનોખીની આંખોમાં નિરંતર તાક્યા કરતો, ક્યારેક હાથની હથેળીમાં તેનો હાથ રાખી એકપણ શબ્દ બોલ્યા વિના બેસી રહેતો અને તેને સાંભળ્યા કરતો. કેટલીકવાર અનોખીએ પૂછ્યું પણ ખરું ''અનિલ શું તાકે છે મારી આંખોમાં ?'' જવાબમાં ''કંઈ નહિ બસ તને જોયા કરું છું.'' તેઓની મુલાકાતોની એક ખાસ વાત એટલે નાસ્તો કરતાં પહેલા અનિલ અનોખીના ડીશમાંથી એક કોળિયો લઈ તેને ખવડાવતો, કારણ તે જૈન વાનગી ખાતી અને અનિલ ને એવું કોઈ બંધન હતું નહિ. આવી મુલાકાતો જ્યારે ના સંભવે ત્યારે પુનઃ ફોનના માધ્યમે જ વાર્તાલાપ કરી સંતોષ માનતા.

અનિલના સાહિત્ય શોખમાં અનોખી પણ હવે પોતાનું યોગદાન આપવા લાગી. વિવિધ સાહિત્યકારોનાં પુસ્તકો લાવી તેમની કક્ષાએ લખવા પ્રોત્સાહિત કરવા લાગી. હવે તો અનિલ કવિતાઓની સાથે લેખ પણ લખવા લાગ્યો હતો જે પણ સ્થાનિક અખબારમાં સમયાંતરે પ્રસિદ્ધ થતાં રહ્યા. તેને પણ અનોખી હૃદયથી બીરદાવવા લાગી. ક્યારેક કવિતા કે લેખનની સ્પર્ધા વિષે અખબાર કે સામાયિકમાં છપાયેલ હોય તો તેમાં અનિલને ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી પણ કરતી અને મનાવી પણ લેતી.

આમ જ અનિલે પ્રભાતનાં પુષ્પો અખબારની લેખન સ્પર્ધામાં ભાગ લીધેલ તેમાં 'અલબેલો આકાશ' ને પ્રથમ ક્રમાંકે વિજેતા જાહેર કરવામાં આવેલ તે અનોખીને દેખાડવા આગળ પાછળનું વિચાર્યા વિના અનિલ વહેલી સવારમાં ઘરેથી નીકળી ગયો. આવવા જાવાની રીર્ટન રિક્ષા કરી ખંભાત એસ ટી ડેપો જઈ પહોચ્યો. રીક્ષાવાળાને રાહ જોવા જણાવી અને તે અનોખીના આગમનની રાહ જોવા લાગ્યો. તે અહી વહેલો પહોચી ગયો હોવા છતાં વારેઘડીએ સમય જોઈ રહેલ અને આખરે પ્રતિક્ષાની ઘડીઓ પૂર્ણ થઈ ને અનોખીને દૂરથી આવતાં જોઈ ઝડપભેર તેની તરફ પગ ઉપાડ્યા.

અનોખી પોતાના જ વિચારોમાં ચાલી રહેલ જેથી સામેથી આવતા અનિલ તરફ તેનું ધ્યાન નહોતું અચાનક 'અનોખી' નામ તેના કાને અથડાયું, સ્વર પરિચિત લાગ્યો તેથી તરત સામે નજર કરી તો અનિલ ને ઉભેલ જોયો અને ક્ષણભર અચંબિત બની રહી અનોખી. હજી તે કઈ પૂછે વિચારે તે પહેલા અનિલે હાથ પકડી તેને રીક્ષામાં બેસાડી દીધી. રિક્ષા શરૂ થતાં જ વિજેતા જાહેર થયેલ પત્ર, પ્રશસ્તિપત્ર તથા રૂપિયા ૧૦૦૧ નું કવર અનોખીના હાથમાં પકડાવી દીધું. આટલી બધી ખુશી અચાનક એકસાથે મળી ગયેલ તેથી અનોખી શું પ્રતિસાદ આપવો તે પણ વિચારી ના શકી. થોડીકવારે માંડ સ્વસ્થ થતાં અભિનંદન આપતાં રીક્ષામાં જ અનિલ ને આલિંગન આપી બેઠી છે. ''અનિલ, આ ઉપહાર તને મારું એક સ્વપ્ન પૂર્ણ કરવા બદલ.''

અચાનક મળેલ આલિંગનની અસરમાંથી મુક્ત થતાં અનિલને પણ દીર્ઘ સમય થયો. ''અનિલ હું મારા બિલકુલ હોશમાં નહતી, બીજું કઈ સૂઝ્યું નહિ મને એ સમયે, જેથી હૃદયના ઉત્સાહથી તને ભેટી પડી, તને ના ગમ્યું હોય તો માફ કરજે, પણ આટલી મોટી તારી ઉપલબ્ધિ માટે આનાથી ઉત્તમ કોઈ ઉપહાર નથી મારા તરફથી'' કહી અનોખી અનિલની સામે ઉતરની અપેક્ષાએ તાકી રહી. તેના જવાબમાં અનિલે પણ અનોખીના ગાલે હળવું ચુંબન કરી ''આ મારી પ્રતિક્રિયા અને તારા સવાલનો જવાબ છે'' કહી બન્ને ગંતવ્યસ્થાન પહોંચ્યા સુધી એકમેકને તાકી રહ્યા !

કામનું ભારણ હોઈ ચાલુ દિવસોમાં વગર જણાવે રજા મળવી મુશ્કેલ હોઈ, આ સુવર્ણ અવસર ઉજવવા આવતીકાલે શનિવાર છે, બેંકમાં અડધો દિવસ છે, ત્રણ વાગે પીંકી સિનેમાગૃહ પાસે મળવાનું નક્કી કરી અમે છુટ્ટા પડ્યા પોતાની ઓફિસે જવા.

જુવાન જોધ વયે સહુ પ્રથમ કોઈ પુરષને કરેલ આલિંગન અનોખીના અણુએ અણુમાં પ્રેમ પ્વાહ બની પરિભ્રમણ કરી રહેલ. તે અવર્ણનીય ક્ષણો નજર સામેથી ખસવાનું નામ લેતી ના હતી. નિદ્રા તો ક્યાંય વેરણ બની વહી ગયેલ. અડધી રાતે અનિલને ફોન કરવા આંગળીના ટેરવાઓ ટળવળી રહ્યા હતા, તો આ તરફ અનિલની પરિસ્થિતિ પણ અનોખીની માફક જ હતી. માંડ માંડ સૂર્યોદય પર્યંતનો સમય પસાર કર્યો. ઓફિસનો સમય તો પસાર થતાં જાણે એક યુગ પૂર્ણ થયો હોય તેમ લાગ્યું ઉભય પક્ષે.

પીંકી સિનેમાગૃહની ખાસિયત એટલે નિયત બાલ્કની કે સ્ટોલ સિવાય યુગલોને બેસવા અહી ''બોક્ષ'' બનાવવામાં આવેલ જેમાં માત્ર એક યુગલ જ બેસી શકે, બીજા યુગલ માટે બીજું બોક્ષ. આ બોક્ષની ટીકીટનો દર બાલ્કની કરતાં વધુ પણ સાથોસાથ એકાંતની પળ માણવાની સુવિધા પણ ખરી ને ! આ સિનેમાગૃહમાં એમ તો રાજેશ ખન્નાનું આરાધના પિક્ચર લાગ્યું હતું પણ ગઈકાલની ઘટના બાદ પિક્ચર જોવામાં કયાં કોઈને રસ હતો, મન તો આતુર હતું ગઈકાલની રીક્ષામાં થયેલ બનાવનું પુનરાવર્તન માટે અને પિક્ચર શરુ થતાં જ અંધારાનો લાભ લઈ અનિલ-અનોખી અવિરત માણી રહ્યા એવી જ મધુર પળો...

સમયની સાથે સાથે મિલનના સ્થળો બદલાવા લાગ્યા અને પ્રણયના બંધનમાં બન્ને ગાઢપણે બંધાવા લાગ્યા. વય પણ ધીમે ધીમે વધવા લાગી. આ તરફ જુવાન દીકરી ઘરે હોય તો કઈ માતાનું મન પરોવાય સામાજીક સંબંધો જાળવવામાં ! ત્રણ ચાર વખત સીધી અથવા આડકતરી રીતે અનોખીને પૂછી પણ લેવાયું તેના જવાબમાં 'હું પરણીને જતી રહીશ તો આવકનું સાધન સંપૂર્ણપણે બંધ થઇ જશે અને લાચાર પિતાની સુશ્રુષામાં જીવન હાંકે રાખતી તું સાવ એકલી થઇ જશે.'' સાંભળ આશા પણ ચુપ થઈ જવા લાગી, આ તરફ અનિલના માવતર દ્વારા પણ તેને લગ્ન અંગે બે ત્રણ વખત પૂછાયેલા સવાલના ટાળ્યાબાદ આજે અનિલે અનોખી વિશે જણાવ્યું, સાથોસાથ એમ પણ કહ્યું કે પરણીશ તો અનોખીને જ ભલે વર્ષો પર્યંત રાહ જોવી પડે. અનિલની વાત સાંભળી બન્ને રાજી થયા અને બોલ્યા ''ક્યારેક આપણા ઘરે બોલાવ અનોખીને, અમે પણ જોઈ લઈએ અમારા લાડલા કુંવરની પસંદ કેવી છે.''

ધીરે ધીરે અનોખી-અનિલની પ્રણયકથાને પાંચેક વર્ષ પૂર્ણ થઈ ગયેલ. હવે અનોખીને એક દિવસ પણ અનિલ ના સાદ્શ્રવણ વિના ચેન નહોતું પડતું. એક પ્રકારનું વ્યસન જ સમજી લ્યો ! તેના એકવારના સાદ શ્રવણ બાદ જાણે સઘળા દુખ દર્દ દૂર થઈ જતાં.

અનોખીના હૃદયમાં અનિલ માટે લાગણીઓનો અફાટ દરિયો વહેતો હતો જેને પરિણામે સતત તેની ચિંતા કર્યા કરે, તેને જરીક અમથું માથું દુખે, શરદી થઈ હોય, તાવ કે દાંતના દુખાવા જેવી સામાન્ય બીમારી આવે ત્યારે ક્યાય ચેન ન પડે, અવારનવાર ફોન કરી પૂછા કરે, ડોક્ટરને બતાડી દવા લેવા આગ્રહ કરીને મોકલાવે. સમયસર દવા લીધી ? ફોન કરી યાદ કરાવે તેના માટે બીજા દિવસે ફળો કે ફળોના રસ લઈને બેંકમાં આપી આવે. અનોખીના ઘરે અનિલને ગમતી વાનગીઓ શીરો, પુરણપોળી, કે ટીંડોળાનું કે ગુવારનું શાક અથવા પાણીપુરી બની હોય તો અનિલ વિના ખાવાનું મન ના હોવાથી તે કચવાતા મને આરોગે.

અનોખીને આ સમય દરમ્યાન ત્રણ વાતો સમજવા મળી કે

(૧) અનિલ દૂર બેઠો હોય ને માત્ર તેનો હલ્લો સાંભળે કે તરત સામેથી પ્રશ્ન આવે કેમ આજે અસ્વસ્થ છે ? શુ થયું છે ? ઘરે તે દફ્તરે કોઈ કઈ બોલી ગયું છે ? શરદી થઈ છે ? રાતે ઊંઘ નથી આવી ? ત્યારે અચરજ થતું અનોખીને. માત્ર મારા એક હલ્લોને આધારે આને આટલું બધું કેમ સમજાતું હશે ! પછી નાછૂટકે છૂપાવેલ વાત કહીને હૃદય હળવું કરી લેતી.

(૨) અનોખીની કોઈ પણ મુંઝવણ હોય તો તેનો માર્ગ બતાડવો, સહજતાથી કોઈ પણ સમસ્યા નિવારણ કે કામ થઈ જશે તેવી શ્રદ્ધા સાથે હિંમત પણ આપતો. ત્યારે અનોખીને એમ લાગતું કે અનિલે કહ્યું છે ને તો થઈ જ જશે તેવી શ્રદ્ધા સાથે નિશ્ચિંત બની જતી. ક્યારેક તો નવાઈ લાગતી.

(૩) માણસ આટલો બધો સમર્પિત હોઈ શકે મારા જેવી સાવ સામાન્ય છોકરી માટે ? મારી અસ્વસ્થતાની મને જાણ થાય તે પહેલા તેને કોણ કહી જાતું હશે ! ક્યારેક અનોખી પૂછી પણ લેતી જાદુગર છે કે શું ? આવી બધી બાબતોને પરિણામે અનિલ એક મિત્ર કરતાં ક્યારે વિશેષ બની ગયો કે અનોખીના મનનો માણિગર બની ગયો તેની જાણ સુધ્ધા ના રહી.

*(વધુ આવતાં અંકે)*



# NISARG SHAH

I'm a positive, easygoing person who loves traveling, reading, watching movies, and cooking for fun. I enjoy meaningful conversations and value honesty and ambition.

I'm looking for someone who is family-loving, kind, grounded, driven in their goals, and open to building a strong partnership based on mutual respect and shared laughter.

**Visiting India in December 2025**

## CONTACT

San Jose, California, USA

+ 1 984 888 3402 /
+ 91 98195 14242

shahnisarg9696@gmail.com

D-208, Zalawad Nagar,
Andheri W, Mumbai - 400 058

## ABOUT ME

| | |
|---|---|
| **Date of Birth** | 14 October 1999 |
| **Place of Birth** | Mumbai |
| **Height** | 5 ft 10 in |
| **Weight** | 75 Kgs |

## WORK

**Profession**
Software Development Engineer at Amazon Inc. in California, USA

**Visa**
H1B, Green Card in Process

## EDUCATION

**MS in Computer Science**
North Carolina State University
North Carolina, USA

**BTech in Information Technology**
Sardar Patel Institute of Technology
Andheri, Mumbai

## FAMILY

**Native Place:** Wadhvan, Gujarat

**Father:** Shailesh Shah (+91 98195 14242), Stock Market SubBroker at JK Securities Pvt. Ltd.
**Mother:** Bhavna Shah (+91 87793 58745), Home maker

**Brother:** Karan Shah (+1 213 421 7174), Sr. Design Engineer at Nvidia, USA
**Sister in Law:** Shruti Shah, Sr. Softwarer Engineer at Apple, USA

**Paternal Grandfather:** Late Shri Navinchandra Vrajlal Shah
**Paternal Grandmother:** Late Smt. Bhanumati Navinchandra Shah

**Maternal Grandfather:** Late Shri Keshavlal K Shah (Nathabhavan)
**Maternal Grandmother:** Smt. Ranjanben Keshavlal Shah

**Mama:** Kanakkumar K Shah (+91 93222 84837)
**Mami:** Rasila K Shah

**Mama:** Rajesh K Shah (+91 93226 69048)
**Mami:** Jinal R Shah

**Maasi:** Punita Bhupendra Shah (+91 90822 89946)
**Maasa:** Bhupendra Shah

**Maasi:** Nipa Hiten Shah (+91 93207 68097)
**Maasa:** Hiten Shah

Advt.


not just a business, but a philosophy
FLAMINGO
transworld pvt. ltd.
Successfully Planned Holidays for More than 2,10,000 Families
WHY FLAMINGO?
In-house team of 150 Tour Managers
More than 50 Locations all over India
A Team of more than 250+ Committed Individuals
Tours to more than 80 Countries around the globe
Flamingo has a specific NRI Division to serve you better
All of Australia With Great Ocean Road Stay
12 Night / 13 Days
21 Oct 2025
Naturally New Zealand With Amazing Australia
17 Night / 18 Days
2 Dec 2025
All Of Australia With Great Ocean Road Stay
13 Night / 14 Days
9 Dec 2025
Amazing Australia
8 Night / 9 Days
12 Dec 2025
New Zealand With Australia With Chef
18 Night / 19 Days
5 Dec 2025
Naturally New Zealand
9 Night / 10 Days
3 Dec 2025
Opera House | Kandivali | Ghatkopar | Andheri | Kharghar | Thane | Mulund | Mira Road | Virar
SION OPENING SOON
+91 98199 30022
www.flamingotravels.co.in

Advt.

# MEET KHANDHAR

## ABOUT ME

*Hello! I am Meet, a happy go lucky soul who loves travelling, exploring different cuisines and working hard to make my dreams come true. I love living my life to the fullest and I wear my heart on my sleeves, so if you are ready for lifetime full of fun, adventure and extraordinary moments from the not so mundane life, you've landed at the right place*



## ABOUT MY FAMILY

- Father - Paresh Anilbhai Khandhar
- Occupation - Business (KPK Plastic & Furniture & Challenger Automobiles ) - 9833418835
- Mother - Kalpana Paresh Khandhar
- Occupation - Homemaker - 9920095304
- Sister - Dr. Khushboo Khandhar Mehta (M.Pth - University of South Australia)
- Occupation - Clinic Head & Senior. Consultant Physiotherapist at Continuum Physio
  Married to Mr.Chirayu Vipul Mehta
- Occupation - Investment Banker at Prabhudas Liladhar

## EXTENDED FAMILY

- Paternal Family:

Dada - Late Shri Anilbhai Khandhar
Dadi - Lataben Anilbhai Khandhar
MotaPapa - Ajaybhai Anilbhai Khandhar - 9322790405
Motapapa - Yogeshbhai Anilbhai Khandhar - 9324026641
Kaka - Jayeshbhai Anilbhai Khandhar - 9022885915

- Maternal Family:

Nana - Late Shri Rasiklalbhai Dalsukhbhai Sanghvi (Gundiyarawala)
Nani - Vanitaben Rasiklal Sanghvi
Mama - Jitendrabhai Rasiklal Sanghvi - 9769596595
Masa - Dijeshbhai Doshi - 9821121234

## RESIDENCE

- A/301, Raj Regency, Plot No.144, Vallabh Baug Lane Extension, Ghatkopar East. Mumbai

## BIODATA

Birth Date - 19th December 1997
Birth Time - 11.15 a.m.
Birth Place - Mumbai
Height - 5 ft. 9 inches
Caste - Zalawadi Sthanakwasi Jain
Native Place - Sudamada (Surendranagar)

## EDUCATION

**MBA in Supply Chain Management**
NMIMS

**Bachelors of Financial Management**
Mithibai College

## WORK LIFE

- Owner & Co-founder at Zeev Furniture (Retail showroom of modular furniture at Ghatkopar West)
- Owner & Co-founder at KPK Plastic & Furniture Industries (Mfgs and Exporters of Metal Furniture)

**Email : zeevfurniture@gmail.com**

**Address: Zeev Furniture, Subhash Nagar, Asalpha, Ghatkopar West**

Advt.




PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.

# જપ્ત થયેલા હીરા

ગિરીશ ગણાત્રા

દિલ્હીની જનપથ માર્કેટમાં આવેલી એબોટ એન્ડ કં.ની નાની દુકાનનાં પગથિયાં પાસે જ સ્કૂટર ઊભું રાખી પ્રતાપભાઈ એબોટ સાહેબ જોડે વાતો કરતા હતા, ત્યાં દુકાનની આગળ એન્ટીક્સનો મોટો પથારો કરી બેઠેલા ફેરિયો જોડે કોઈ મોટી કાંસાની મૂર્તિનો ભાવતાલ કરતા એક પાંત્રીસેક વર્ષના ભાઈ પર એની નજર પડી. પ્રતાપભાઈ ઘડીક પેલા ભાઈની તરફ નજર નાખતા જાય તો ઘડીક એબોટ સાહેબની સામે જોઈ ધંધાની વાત કરતા જાય. આ તાલમેલમાં પેલા ભાઈએ બિલ ચૂકવી રસ્તા પરથી પસાર થતી ખાલી ટેક્સીને ઈશારો કર્યો. ટેક્સીવાળાએ આગળ જઈ ટેક્સી અટકાવીને પછી રિવર્સ લઈ એ પાછો આવતો હતો ત્યાં પ્રતાપભાઈ બોલ્યા :

'એક મિનિટ, એબોટ સાહબ, મૈં અભી આતા હૂં.' કહી એ પેલા ભાઈ પાસે પહોંચી ગયા ને પૂછ્યું :

'એક્સક્યુઝ મી, તમે ગુજરાતી છો ?'

પેલા ભાઈ ઘડીભર પ્રતાપભાઈ સામે જોઈ રહ્યા. એક અનુભવી નજરમાં એણે માપી લીધું કે આ કોઈ દિલ્હીનો ગઠિયો નથી છતાંય સાવચેતીપૂર્વક જવાબ આપ્યો :

'કેમ ?'

'બસ, અમસ્તુ જ. વર્ષો પહેલાં મારી સાથે એક છોકરો સ્કૂલમાં ભણતો હતો. પાક્કો દોસ્ત હતો. એક જ બૅન્ચ પર સાથે ભણેલા. તમરા ચહેરામાં એનો અણસાર આવેલો જોઈ, ખાતરી કરવા પૂછી લીધું.'

'તમારું નામ શું ?'

મારું નામ પ્રતાપ કુંભાણી. મારો અહીં ઓટોમોબાઈલ્સના સ્પેરપાર્ટ્‌સનો બિઝનેસ છે.'

'ઓહો ! ત્યારે તો તું પતુ, પતિયો. સાવ બદલાઈ ગયો છે ને શું ?'

'તો તું કીર્તિ ઝવેરી જ ને !'

'હા, હું જ કીરતો.... પણ...' અને કીર્તિને કંઈક યાદ આવી ગયું ને એકદમ બે આંગળી પ્રતાપ સામે ધરી બોલ્યો :

'સ્ટેચ્યુ.'

બન્ને જણા મુક્ત મને ખડખડાટ હસી પડ્યા.

'મારી લે સાલ્લા બે-ચાર ધબ્બા. આજે દિલ્હીમાં તારું સ્ટેચ્યુ-બેચ્યુ ચાલે નહિ, પણ કીરતા, તું અહીં ક્યાંથી ?... કેટલાં વર્ષે મળ્યા આપણે, નહિ ?'

'નહિ નહિ તો વીસ-પચ્ચીસ વરસ થઈ ગયાં હશે. પણ તું... તું દિલ્હીમાં સેટલ થયો છે ?'

'હા, પહેલાં રાજકોટમાં સેટલ થયો. પછી ધંધા માટે વારંવાર દિલ્હી આવવું પડતું એટલે બસ, દિલ્હી સેટલ થઈ ગયો. સત્તર વરસથી અહીં છું. તું... શું કરે છે ?'

'આપણો તો બાપદાદાનો ધંધો છે – સોના-ચાંદી, ઝવેરાતનો. પણ હવે હું ડાયમન્ડમાં પડ્યો છું. મુંબઈમાં ઑફિસ અને ઘર છે.'

'અહીં દિલ્હીમાં... ?'

કીર્તિભાઈએ પ્રતાપભાઈના ખભે હાથ મૂકી ધીરેથી કહ્યું :

'બેલ્જિયમથી મગાવેલું રફ હીરાનું પેકેટ કોઈ ટેક્નિકલ કારણસર ડાયરેક્ટરેટ ઑફ ઍન્ફોર્સમેન્ટે અટકમાં લીધું છે એટલે અહીં આવવું પડ્યું છે.'

'ક્યાં ઊતર્યો છે ?'

ખૈબરમાં.'

'એમ હોય કંઈ ! મારું અહીં ઘર હોય ને મારા બાળપણના ભેરુને હોટલમાં ઊતરવા દઉં ? ટેક્સીને લઈ તું જા ખૈબરમાં. તારા બેગ-બિસ્તરા ઉઠાવ. હું આ સ્કૂટરની વ્યવસ્થા કરી સીધો ખૈબર પર આવું છે. ત્યાંથી કમલાનગર આપણે ઘેર. ગભરાતો નહિ, ઘર મોટું છે.'

કીર્તિભાઈને લઈ પ્રતાપભાઈ ઘેર આવ્યા ત્યારે ખુશખુશાલ હતા, એણે ઘરે ફોન કરી દીધો હતો કે બાળપણનો ભેરુ મહેમાન બનીને ઘેર આવે છે એટલે પ્રતાપભાઈનાં પત્ની જયાબહેને કીર્તિભાઈનું ભાવભીનું સ્વાગત કર્યું. કામવાળીબાઈ પાણીના બે ગ્લાસ મૂકી બારણે ડોરબેલ વાગતા બારણું ખોલવા ગઈ. ટ્રીપ પર ગયેલો પ્રતાપભાઈનો બારેક વરસનો બાબો 'મમ્મી, મમ્મી' કરતો દોડી આવી, જયાબહેનને વળગી પડ્યો ને–

– કીર્તિભાઈને છાતીમાં શૂળ ઊપડી આવી !

એ એક જ શ્વાસે પાણીનો ગ્લાસ ગટગટાવી ગયા ને પછી મમ્મીને વળગીને વાતો કરતા બાબા સામે જોઈ રહ્યા.

★★★

મામાને આશરે રહેતી, મા-બાપ વિનાની ગરીબ મધુનું જ્યારે કાનાભાઈ જોડે સગપણ થયું ત્યારે ઘણાએ મધુના મામાને સલાહ આપી હતી કે પૈસાદાર કુટુંબમાં છોકરી અપાય નહિ. આપણે આપણા સમોવડિયા જ શોધવા જોઈએ જેથી ઘીના ઠામમાં ઘી પડ્યું રહે. પણ ભાણીને સુખી કરવાના ઈરાદે ગરીબ મામાએ પૈસાદાર કુટુંબમાં જ મધુને પરણાવી. આમ તો કાનાભાઈમાં બીજું કહેવા જેવું કંઈ નહોતું

– સિવાય કે તબિયતની બાબતમાં. એમાં એ જરા રાંક હતા. છતાંય, મધુ અને કાનાભાઈનો સંસાર પાંચ વરસ સુધી ચાલ્યો – માથે જમ જેવી સાસુ હોવા છતાંય. પણ છએક વરસ પછી કાનાભાઈનું જ્યારે અવસાન થયું એ પછી સાસુએ મધુને માથે છાણાં થાપવામાં કંઈ બાકી રાખ્યું નહિ. ગરમ-નરમ તબિયત ધરાવતો પોતાનો છોકરો ગુજરી ગયો એનો વાંક મધુ પર જ આવ્યો – 'મારા છોકરાને ભરખી ગઈ' 'એના નેસ પગલાં આ ઘરમાં પડ્યાં પછી ધંધાની બરકત ગઈ!' એનો મામો તો એને અહીં મૂકીને સરગમાં સિધાવી ગયો. એક વાલ જેટલુંય સોનું કરિયાવરમાં આપ્યું નથી...' આવાં મે'ણાંટોણાં સતત સાંભળવાનાં થતાં જ રહેતાં. સોનીનો ધમધોકાર ધંધો. જો પતિના ભાગ મળે તો બે છોકરાને લઈને નોખા થવાય ને આ નર્કમાંથી બહાર નીકળી શકાય. આ વિચારથી કોઈ સગા મારફત મધુએ એવી વાત ફેલાવી, ત્યારથી સાસુ-સસરાએ એના એક માત્ર પુત્રનાં બન્ને સંતાનોને પોતાની પાસે રાખી મધુને જે દિવસે ઢસડીને ગરમાં બહાર કાઢી મૂકી ત્યારે મોટો પુત્ર કીર્તિ પાંચ વરસનો હતો ને નાનો અનંત ત્રણ વરસનો. અનંતને તો આ બધું યાદ પણ નહોતું પણ કીર્તિએ એની જનેતા પર થતો ત્રાસ જોયો હતો. જે દિવસે એની માને એની દાદીએ ચોટલો ઝાલી, ફળિયામાંથી ઢસડીને બહાર કાઢી મૂકી હતી ત્યારે એ બારણા પાછળ સંતાઈને રડતો હતો. દાદા-દાદીનું ઘરમાં એટલું જબરદસ્ત વર્ચસ્વ કે કોઈનાથી કશું બોલી શકાતું જ નહિ. દાદા-દાદીની ધાકથી એ બારણા પાછળ સંતાઈને રોતો રોતો માને જોતો હતો. જે દિવસે માને ડેલીની બહાર કાઢી, ડેલીની સાંકળ વાસી દેવાઈ હતી એ દિવસે માનું રડતું મોઢું તે દિવસે જોયું તે જોયું. એ પછી માને એણે ક્યારેય જોઈ નહોતી.

એ પછી તો એને અને અનંતને દૂરની કોઈ બોર્ડિંગમાં રહેવા મોકલી અપાયાં. બોર્ડિંગમાં રહી બંને ભાઈઓ ભણ્યા, મોટા થયા પછી દાદાએ એને એમના ધંધામાં પળોટી દીધા. બન્નેને પરણાવ્યા, પણ એ ગરમાં ક્યારેય માનું નામ ઉચ્ચારી શકાતું નહિ. 'મા' વિશે શબ્દ બોલવાની પણ મનાઈ હતી.

દાદાના અવસના બાદ કુટુંના એક માત્ર વારસદારો - કીર્તિ અને અનંતે – ધંધાને ખીલવ્યો, એમાં ગળાડૂબ રહ્યા ને માની સ્મૃતિ નામશેષ થવા લાગી.

પણ જ્યારે જ્યારે નીલા પોતાનાં બાળકને નવરાવતી, ખવરાવતી, ધવરાવતી, ત્યારે ત્યારે કીર્તિભાઈને મા યાદ આવી જતી. મા યાદ આવતાં છાતીમાં એક છાનું દર્દ ઊપડતું ને થોડી વાર પછી શમી જતું. મા વિશે એની પાસે કોઈ માહિતી હતી જ નહિ. કોઈ એના વિષે જાણતું પણ નહિ. એ આ દુનિયામાં હશે કે નહિ એવા વિચારથી કીર્તિભાઈનું ક્યારેક ધંધામાંથી મન ઊઠી દતું. આજે દાદીમા સિત્તેર વરસની ઉંમરે પહોંચવા આવ્યાં છે. પોતે સ્વતંત્ર છે, પણ નાનપણથી જ દાદીમાની જે ધાક એના મનમાં પેસી ગઈ હતી એ ધાક એની માને શોધવા મદદ કરી શકતો નહોતો!

જ્યારે જ્યારે એને માનું સ્મરણ થઈ આવતું ત્યારે ત્યારે એ છાનામાના રડી લેતા. ભીતરમાં બે છાનાં ડૂસકા ખાઈ, પાછા એ કામમાં પરોવાઈ જતા.

★★★

પ્રતાપનો બાબો જ્યારે મમ્મીને વળગી એની ટ્રીપની વાતો કરી રહ્યો હતો ત્યારે કીર્તિભાઈના હૃદયમાં વિયોગની મૂંગી શૂળ ભોંકાવા લાગી.

'તું પીએ છે તો ખરો ને?'

'હેં!!!' પ્રતાપના સવાલથી કીર્તિભાઈ ચમક્યા.

'કહું છું કે તું ડ્રિન્ક્સ લે છે ને?' કપડાં બદલાવી, હાથમાં સ્કોચ વિસ્કીની બોટલ લાવીને ટિપોય પર મૂકતાં પ્રતાપે કહ્યું.'

'હા... ક્યારેક ક્યારેક...'

'બસ તો! વર્ષો પછી તાજી થયેલી દોસ્તીને આજે સેલીબ્રેટ કરીએ... અરે મધુબેન, જરા બરફ અને ગ્લાસ લાવજો તો!' પ્રતાપભાઈએ હાંક મારી

કીર્તિભાઈના હૃદયમાં ફરી વેદના જાગી ઊઠી. આ જ તો માનું નામ હતું!

કામવાળી આવીને મૂંગે મોંએ ત્રણ-ચાર ગ્લાસ અને બરફના ટુકડાઓ મૂકી ગઈ.

પ્રતાપભાઈ કામવાળી સામે જોઈ રહ્યા.

આટલાં વરસો પછી માનો ચહેરો ઉકેલવો પણ કઈ રીતે? એમાંય, માથા પર સાડીનો લાંબો છેડો રાખી, નીચી ડોકે ઝડપથી ગ્લાસ-બરફ મૂકીને જતાં રહે ત્યારે!

ડ્રિન્ક્સ લેતાં લેતાં કીર્તિભાઈએ પૂછ્યું :

'પ્રતાપ, એક વાત પૂછું?'

'બોલ.'

'તારી આ કામવાળી કોણ છે?'

'એટલે?'

'એટલે કે એ ક્યાંની છે?'

'એ તો મને ખબર નથી.' પ્રતાપભાઈએ કહ્યુ, 'બાઈ છે જિંદગીમાં એકલી. હું રાજકોટ રહેતો હતો ત્યારે જયાને સુવાવડ પછી કામવાળી રાખવી પડે એમ હતી. તે વખતે પ્રહ્લાદ પ્લોટમાં જ્યાં અમે રહેતાં હતાં ત્યાં બાજુના ઘરમાં એ કામ કરતી. અમે એને બાંધી લીધી. બાજુવાળા કહેતા હતા કે બાઈ બિચારી બહુ દુ:ખી છે, એકલી

છે, જિંદગીમાં ઘણું બધું સહન કર્યું છે, વર મરી ગયો છે, વિગેરે વિગેરે દુ:ખી માણસનો ભૂતકાળ ખોતરી એને વધુ દુ:ખ ન આપવા ખાતર અમે એને કંઈ પૂછ્યું નથી, પૂછતોય નથી. રાજકોટમાં એણે ઘણો વખત અમારી સાથે કામ કર્યું પછી જ્યારે અમે દિલ્હી રહેવા જવાના હતાં. ત્યારે જયાએ મજાકમાં કહ્યું કે મધુબહેન, દિલ્હી આવશો ? એણે હા પાડી દીધી. બસ, ત્યારથી હવે અમારી સાથે છે. કેમ ? તારે કંઈ કામ છે ?'

'હા. એને અહીં બોલાવ. હા, મારો ગ્લાસ જરા... જરા બાજુ પર મૂકી દે. મારે એને થોડુંક પૂછવું છે...'

અને દિવાનખંડની એ બેઠકમાં કીર્તિભાઈએ મધુબહેનને જે કંઈ પૂછ્યું ને જે કંઈ વાતો નીકળી ત્યારે ચાર ચાર આંખોમાંથી ઝરમરતા શ્રાવણ-ભાદરવાની હેલીએ ગ્લાસમાંના પેલા પાણીના રંગને ફિક્કો પાડી દીધો.

પ્રતાપભાઈ અને જયાબહેનને પણ નવાઈ લાગી કે આટલાં વરસ સુધી અમારી સાથે રહેતાં મધુબહેનને અને એના વિશે કેમ કંઈ ન પૂછ્યું ? નહિતર, માના દર્દને ભીતરમાં સંઘરીને જીવતા બચપણના દોસ્તની આંખનાં આંસુ વહેલાં લૂછી શકાયાં હોત ને !

'દોસ્ત' સોફા પરથી ઊતરીને મધુબેનની બાજુમાં બેસી ગયેલા કીર્તિભાઈએ પ્રતાપભાઈને કહ્યું : 'ક્યાં હું, ક્યાં તું, ને ક્યાં મારું પંદર લાખનું જપ્ત થયેલું હીરાનું પડીકું ? એન્ફોર્સમેન્ટવાળાને હવે મારે ત્યાં રહેલા તમામ હીરા જપ્ત કરવા હોય તોયે છૂટ છે...'

❖❖❖

## હાર્દિક અભિનંદન

10th (ICSE Board)
98.5%



**માહી ભાવેન શાહ**

પિતા : શ્રી ભાવેન ડી. શાહ
માતા : ભાવી
વતન : લિંબડી
હાલ : બોરીવલી

**પર્યુષણ દરમ્યાન ૧૬ થી વધારે ઉપવાસની આરાધનાના ફોટા તુરત મોકલાવવા. ફક્ત સપ્ટેમ્બર ૨૦૨૫ ની પત્રિકામાં જ છાપવામાં આવશે.**

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **રૂષભ — હેમાલી** | | |
| શ્રી નીતીન ચીમનલાલ ગાંધીના સુપુત્ર ગારીયાધાર નિવાસી (હાલ -બોરીવલી (વેસ્ટ) | | |
| શ્રી કમલેશભાઈ વિનયચંદ્ર શાહની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ-સાંતાક્રુઝ (વેસ્ટ) | ૨૬૦૦ | ૨૬૦૦ |
| **પ્રિયેશ — ઈશા** | | |
| શ્રી મુકેશભાઈ સૌભાગ્યચંદ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ- કાંદિવલી) | | |
| શ્રી મહેશકુમાર મોહનલાલ પોદારની સુપુત્રી રતનગઢ (રાજસ્થાન) નિવાસી (હાલ-કલકત્તા) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **સર્વેશ — વીધી** | | |
| શ્રી વિશ્વાસ નામદેવ મોરેના સુપુત્ર મહાડ નિવાસી (હાલ - ગોરેગાવ) | | |
| શ્રી રાજેશ જયંતીલાલ સંઘવીની સુપુત્રી જોરાવરનગર નિવાસી (હાલ - કાંદિવલી (વેસ્ટ) | ૧૦૧૧ | ૧૦૧૧ |
| **જશ — પૂજા** | | |
| શ્રી કમલભાઈ પ્રવિણચંદ્ર દોશીના સુપુત્ર ખારવા (વઢવાણ) નિવાસી (હાલ - કાંદિવલી (વેસ્ટ) | | |
| શ્રી ભરતભાઈ વ્રજલાલ વોરાની સુપુત્રી ગંજેળા નિવાસી (હાલ - મલાડ (વેસ્ટ) | ૬૦૧ | ૬૦૧ |
| **સ્મિત — અનિષા** | | |
| શ્રી દિનેશભાઈ જયંતીલાલ શાહના સુપુત્ર વઢવાણ (સુરેન્દ્રનર) નિવાસી (હાલ - કલ્યાણ) | | |
| શ્રી શરદભાઈ ખીમજીભાઈ દેઢીયાની સુપુત્રી કચ્છ -ગુંદાલા નિવાસી (હાલ-વાસી, નવી મુંબઈ) | ૬૦૦ | ૬૦૦ |
| **કેવીન — રિધ્ધી** | | |
| શ્રી અતુલભાઈ અરવિંદભાઈ વસાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ-બોરીવલી) | | |
| શ્રી હિતેષભાઈ પ્રિયકાન્ત વોરાની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ-કાંદિવલી) | ૧૧૦૦ | ૧૧૦૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **અંકુર-આયુષી** | | |
| શ્રીમતી નીપાબેન અને રોહિતભાઈ અંબાલાલ શાહ (ખંધાર) ના સુપુત્ર લીંબડી નિવાસી હાલ-બોરીવલી | | |
| શ્રીમતી મીનાબેન અને નિરંજનભાઈ અંબાલાલ શાહની સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ-કાંદિવલી) | ૧૧૦૦ | ૧૧૦૦ |

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા
# ફેમીલી ફ્લોટર મેડિક્લેમ યોજના

સર્વે સભ્ય મિત્રોને જણાવવાનું કે છેલ્લા પાંચ વર્ષથી ચાલતી આપણી સી.ડી. તુરખિયા ગ્રુપ મેડિક્લેમ પૉલિસીના બદલે વ્યક્તિગત / ફેમિલી વાઈઝ પોલીસી ઉતરાવી આપવાનું નક્કી કરેલ છે.

ગ્રુપ મેડિક્લેમમાં આપણે બે વર્ષ પહેલા ભરેલ પ્રીમિયમ કરતા લગભગ ડબલ ક્લેમ લીધેલ હોવાથી કોઈપણ ઈન્શ્યુરન્સ કંપની રિન્યુ કરવા તૈયાર ન હતી માટે Punjab National Bank અને Star Health Policy સાથે જોડાણ કરી દરેક પરિવારને રૂા. ૩ લાખની અલગ અલગ ફેમીલી પોલીસી ઉતરાવવાનું નક્કી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે. **Premium (Including GST)**

| Sum Insured / Age | 18-45 years | 46-60 years | 61-79 years |
|---|---|---|---|
| 200000 | 5888/- | 9325/- | 15165/- |
| 300000 | 7890/- | 11510/- | 19395/- |
| 400000 | 10044/- | 14590/- | 24084/- |
| 500000 | 11878/- | 17300/- | 26791/- |
| 750000 | 14425/- | 22645/- | 33926/- |
| 1000000 | 15069/- | 24640/- | 38626/- |

STAR Personal & Caring | Health Insurance
The Health Insurance Specialist

**રૂા. ૩ લાખની ફેમીલી ફ્લોટર સ્ટાર હેલ્થ પોલિસી લેનાર માટે અગત્યની સૂચનાઓ :**

- આ પોલિસી લેવા ઈચ્છુક દરેક પરિવારે અરજી પત્રકની સાથે મુખ્ય અરજદાર (Primary Applicant) ના આધાર કાર્ડ કોપી (૨) પેન કાર્ડ કોપી (૨) અને ફોટા (૨) તેમ જ ઝાલાવાડી સભાની મેમ્બરશીપ રસીદ/કાર્ડની ઝેરોક્સ જોડવાની રહેશે.
- પંજાબ નેશનલ બેંકમાં ખાતું ખોલાવવું ફરજિયાત છે અને મેડીક્લેઈમનો ચેક દરેક પરિવાર PNB ના ખાતામાંથી જ આપવાનો રહેશે. PNB ખાતામાં Minimum Balance રૂા. ૨૫૦૦/- રાખવું જરૂરી છે.
- મેડિક્લેમ પૉલિસીમાં સહાય મેળવતા સભ્યોની સગવડતા માટે સહાય મેળવવા ઑનલાઈન ફૉર્મ ભરવાનું રહેશે સાથે માંગવામાં આવેલ ડૉક્યુમેન્ટ સબમીટ કરવાનાં રહેશે જેની વિગત આ અંકના પેજ નં ૩૫ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. મેડિક્લેમ સહાયની રકમ આપના બૅંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા કરવામાં આવશે.
- ક્લેઈમ માટે સ્ટાર હેલ્થના ઓફિસરનો સંપર્ક કરવાનો રહેશે. કોઈપણ જુદા ક્લેઈમ માટે ઝાલાવાડી સભાની કોઈ જવાબદારી રહેશે નહિ તેની નોંધ લેશોજી.
- ૬ મહિનાના બાળકથી લઈને ૭૯ વરસ સુધીની કોઈપણ વ્યક્તિ આ પોલીસી લઈ શકે છે.
- કોઈપણ પ્રકારના મેડિકલ ચેકઅપની જરૂર નથી પરંતુ પોતાની વર્તમાન બિમારીની જાણ કરવી જરૂરી છે.
- સભા તરફથી ૪૫ વર્ષથી નીચેનાને પ્રિમિયમમાં રૂા. ૩૦૦૦/- અને ૪૬ થી ૬૦ વર્ષ સુધી પ્રિમીયમમાં રૂા. ૫૦૦૦/- અને ૬૧ થી ૭૯ સુધીનાને પ્રિમીયમમાં રૂા. ૭૦૦૦/- ની રાહત સભાના નિતી નિયમ મુજબ આપવામાં આવશે. (Condition Apply)

**વધુ વિગત માટે સંપર્ક**

**શ્રી મહેન્દ્રભાઈ તુરખિયા - ડોનર** **શ્રી નિશિતભાઈ પી. તુરખિયા**

| કન્વીનર | કન્વીનર | કન્વીનર |
|---|---|---|
| **શ્રી મુકેશભાઈ આર. શાહ (ચશ્માવાળા)** | **શ્રી મહેશભાઈ દોશી** | **શ્રી નવીનભાઈ જસવાણી** |
| **૯૮૧૯૧૮૩૩૨૫** | **મો. ૯૩૨૨૬૭૧૦૮૭** | **મો. ૯૮૨૦૬૮૧૮૧૪** |

# ફાધર બાલાગેર



રમણલાલ ચી. શાહ

મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ફાધર બાલાગેરનું લગભગ ૯૭ વર્ષની વયે ૧૯૯૭માં અવસાન થયું. એમના અવસાનથી ભારતને જીવન સમર્પિત કરનાર એક વિદેશી મિશનરી શિક્ષણશાસ્ત્રીની ખોટ પડી.

ફાધર મેલ્કિઓર બાલાગેરનો જન્મ સ્પેનમાં ૧૯૦૦ માં થયો હતો. પંદર વર્ષની વયે દીક્ષિત થઈ તેઓ સોસાયટી ઓફ જીસસમાં જોડાયા હતા. જેસ્યુઈસ્ટ સંઘમાં જોડાઈને ફાધરે લગભગ ૮૨ વર્ષ એ સંઘમાં પૂરાં કર્યાં હતાં. મુંબઈમાં કોઈ રોમન કેથોલિક પાદરીએ આટલાં બધાં વર્ષ પૂરાં કર્યાં હોય એવું જાણવામાં આવ્યું નથી. બાળબ્રહ્મચારી તરીકે ખ્રિસ્તી સંઘમાં દીક્ષિત થઈને ફાધર બાલાગેરે સુદીર્ઘકાળનું સેવાપરાયણ સંયમજીવન પસાર કર્યું હતું. અનેકવિધ પ્રવૃત્તિઓથી અને સિદ્ધિઓથી તેમનું જીવન સફળ બન્યું હતું.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ફાધર બાલાગેર સ્પેનથી હિંદુસ્તાન આવ્યા હતા. હિંદુસ્તાન એટલે એમને માટે અજાણ્યા લોકો, અજાણી ભાષાઓ, અજાણ્યા સંસ્કાર અને રીતરિવાજવાળો દેશ. ત્યાં જઈને એમણે કાયમ માટે વસવાટ કરવાનો હતો. ઉપરી અધિકારીઓનો હુકમ થયો એટલે તેઓ હિંદુસ્તાનમાં આવીને રહ્યા અને ઝેવિયર્સ કૉલેજમાં ફિલોસોફીના પ્રોફેસર તરીકે જોડાયા હતા.

ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યા પછી ફાધરે મુંબઈના રોમન કેથોલિક ખ્રિસ્તીઓના 'વિકાર જનરલ' તરીકે કામ કર્યું. ત્યાર પછીથી ૧૯૪૯માં તેઓ ઝેવિયર્સ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયા.

આચાર્ય તરીકે જવાબદારી સ્વીકારી લીધા પછી ફાધર બાલાગેરે કૉલેજમાં કેટલાક મહત્ત્વના ફેરફારો કર્યા. એમણે કૉલેજને વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી કરી દીધી અને સાથે સાથે શૈક્ષણિક દૃષ્ટિએ પણ કૉલેજની ઘણી સારી પ્રગતિ સાધી. કૉલેજના પરિસરમાં ઘણી નવી નવી સગવડો ઊભી કરી. વિદ્યાર્થીઓ માટે શૌચાલયની પૂરતી સગવડ પણ નહોતી અને જીમખાનાની સગવડ નહોતી; તો તે માટે નવું મકાન કરાવ્યું. વૃદ્ધ અધ્યાપકો માટે લિફ્ટની વ્યવસ્થા કરી. સ્ટાફના દરેક સભ્યને પોતાનું સ્વતંત્ર લૉકર હોવું જોઈએ, એ માટે નવાં લોકર બનાવડાવ્યાં. સ્ટાફરૂમમાં ટેલિફોન અને ચાપાણીની વ્યવસ્થા કરાવી. વિદ્યાર્થીઓ માટે મોટી કેન્ટિન કરાવી. એમણે કૉલેજમાંનાં જૂનાં મંડળોને વધુ સક્રિય કર્યાં અને સોશિયલ સર્વિસ લીગ વગેરે કેટલાંક નવા મંડળો શરૂ કરાવ્યાં. રમતગમતમાં કૉલેજને આંતરકૉલેજ સ્પર્ધામાં પ્રથમ સ્થાન અપાવ્યું. સ્ટાફની બાબતો માટે સ્ટાફ કાઉન્સિલની અને વિદ્યાર્થીઆએના પ્રશ્નો માટે સ્ટુડન્ટ્સ કાઉન્સિલની રચના કરી અને એની વખતોવખત મળતી દરેક મિટિંગમાં પોતે જાતે હાજર રહેવા લાગ્યા. વિદ્યાર્થીઓને લોકશાહી પદ્ધતિની તાલીમ મળે એટલા માટે 'Mock Parliament' નામની પ્રવૃત્તિ ચાલુ કરી, જે જોવા માટે બહારના પણ ઘણા માણસો આવતા. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટેના મંડળને સક્રિય કર્યું. કૉલેજના મેગેઝિનમાં ગુજરાતી, મરાઠી અને હિંદી ભાષાના વિભાગ દાખલ કરાવ્યા. કૉલેજ મેગેઝિન ઉપરાંત 'ઝેવરિયન' નામનું માસિક બુલેટિન વિદ્યાર્થીઓ દ્વારા ચાલુ કરાવ્યું. આવી તો ઘણી બધી નવી પ્રવૃત્તિઓ પોતાની સૂઝ, મૌલિક દૃષ્ટિ, ઉત્સાહ વગેરે દ્વારા એમણે શરૂ કરાવી. તેઓ પોતે યુનિવર્સિટીની જુદી જુદી સમિતિઓમાં સક્રિયપણ ભાગ લેવા લાગ્યા. બેત્રણ વર્ષમાં તો ચારે બાજુ ઝેવિયર્સ કૉલેજનું નામ ગાજતું થઈ ગયું. ગોરા, ઊંચા, લંબગોળ ચહેરો અને ધારદાર આંખોવાળા ફાધરના ઉચ્ચારો ફ્રેન્ચ લોકોની જેમ અનુનાસિક હતા, પણ તે પ્રિય લાગે એવા હતા. રમૂજ કરવાના એમના સ્વભાવને લીધે એમના સાંનિધ્યમાં એમની ઉપસ્થિતિનો બોજો લાગતો નહિ. કોઈ પણ પ્રસંગે બોલવા માટે એમને પૂર્વતૈયારીની જરૂર રહેતી નહિ. તેમની ગ્રહણશક્તિ અને અભિવ્યક્તિ સતેજ હતી. સેંકડો વિદ્યાર્થીઓને તેઓ નામથી ઓળખતા.

★★★

અગાઉ ઝેવિયર્સ કૉલેજમાં વિદ્યાર્થીઓને માર્ક પ્રમાણે કૉલેજમાં પ્રવેશ અપાઈ જતો. ત્યારે ઝેવિયર્સમાં દાખલ થવા માટે એટલો બધો ધસારો પણ નહોતો. ફાધર બાલાગેરે આચાર્ય તરીકે જવાબદારી સંભાળ્યા પછી દરેક વિદ્યાર્થીની જાતે મુલાકાત લઈ પછી એને દાખલ કરવાની પદ્ધતિ અપનાવી. કૉલેજના હૉલમાં વિદ્યાર્થીઓને બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી. મુલાકાત પછી દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીને તે જ વખતે જાણ કરી દેવામાં આવતી અને તરત ફી ભરાઈ જતી. આર્ટ્સ

અને સાયન્સમાં વિદ્યાર્થીઓ તો નવસો જ દાખલ કરવાના રહેતા, પણ દાખલ થવા માટે બે હજારથી વધુ વિદ્યાર્થીઓ આવતા. ફાધર દરેકની સાથે સરખી વાતચીત કરે. માર્ક સારા હોય, પણ વિદ્યાર્થી એટલો હોશિયાર ન લાગે તો તેને દાખલ કરતા નહિ. થોડા ઓછા માર્ક હોય પણ વિદ્યાર્થી હોશિયાર, ચબરાક, તેજસ્વી લાગે તો તેને દાખલ કરતા. ચારપાંચ દિવસ સુધી વિદ્યાર્થીઓની મુલાકાત લેવાતી. જાણે મોટો મેળો જામ્યો હોય એવું દશ્ય લાગતું. ફાધર બાલાગેર સવારના આઠ વાગ્યાથી સાંદના સાત સુધી, થાક્યા વગર મુલાકાત લેવાનું કાર્ય સતત કરતા. સવારનો નાસ્તો કે બપોરનું ભોજન તેઓ જતું કરતા. વિદ્યાર્થીઓની મુલાકાત દરમિયાન તેઆએ આખો દિવસ વચ્ચે વચ્ચે લીંબુ-પાણીના થોડા થોડા ઘૂંટડા પીધા કરતા. એ વખતે ફાધરની કાર્યદક્ષતાથી અને અખાગ ઉત્સાહથી કામ કરવાની પદ્ધતિથી બધાંને એમને માટે બહુ માન થતું. ફાધર લાગવગને વશ થતા નહિ, તેમ એટલા બધા કડક પણ રહેતા નહિ. ફાધરને પોતાને વિદ્યાર્થીઓની આ મુલાકાતોથી લાભ થતો, અને બીજી બાજુ વિદ્યાર્થીઓને પણ લાભ થતો. ફાધરની ઉદારતા અને માનવતાના પણ અનુભવા થતા. ગરીબ વિદ્યાર્થીની ફી તેઓ તે જ વખતે માફ કરી દેતા.

સૌજન્યશીલતા એ ફાધરનો એક ઉચ્ચ સદ્‌ગુણ હતો. તેઓ દરેકને સહાયરૂપ થવા હંમેશાં તત્પર રહેતા. કૉલેજના પ્રિન્સિપાલનો એક મોટો કસોટીનો કાળ તે નવા વિદ્યાર્થીઓને દાખલ કરતી વેળાને રહેતો. ચારે બાજુથી દબાણ આવે. દબાણ આવે તે નબળા વિદ્યાર્થીઆએ માટે જ હોય અને નબળા વિદ્યાર્થીઓની સંખ્યા વધી જાય તો કૉલેજનાં પરિણામ પર અસર પડે. ફાધર મક્કમ હતા, છતાં નિષ્ઠુર નહોતા. કોઈને દાખલ ન કરવો હોય તો પણ ફાધર એને પ્રેમથી સમજાવે, ક્યારેક તો સમજાવવામાં કલાક કાઢી નાખે. ''ના'' કહીને તરત વિદાય ન કરી દે.

એક વખત, કૉલેજમાં દાખલ થવા આવેલા બહારગામના એક વિદ્યાર્થીની મુલાકાત લેતાં ફાધરે આનંદ વ્યક્ત કરતાં કહ્યું, ''તારા પંચ્યાશી ટકા કરતાં પણ વધારે માર્ક છે એટલે સ્કૂલમાં પણ તારો પહેલો નંબર હશે!''

''ના, સ્કૂલમાં મારો બીજો નંબર છે.'' વિદ્યાર્થીએ કહ્યું.

''તો પહેલે નંબરે આવનારના કેટલા માર્ક છે?''

''એના માર્ક તો નેવ્યાશી ટકા છે. એ તો બહુ જ હોશિયાર વિદ્યાર્થી છે.''

''તો એ કઈ કૉલેજમાં દાખલ થવાનો છે?''

''ના, એ તો ભણવાનો જ નથી.''

''કેમ?''

''એની પાસે ભણવાના પૈસા જ નથી. એ બહુ ગરીબ છોકરો છે.''

ફાધર એક મિનિટ વિચારમાં પડી ગયા – એક તેજસ્વી છોકરો ગરીબોને કારણે આગળ ભણી નહિ શકે! ફાધરે કહ્યું, ''તું મને એ છોકરાનું નામ અને સરનામું કાગળ પર લખી આપ.'' તરત ને તરત ક્લાર્કને બોલાવી ફાધરે તે જ વખતે એ છોકરાને Reply paid Express તાર કરાવ્યો. તારમાં જણાવ્યું કે જવા-આવવાનું ભાડું, કૉલેજની ફી, હૉસ્ટેલમાં રહેવાનો ખર્ચ વગેરે આપવામાં આવશે. માટે તરત મુંબઈ આવીને મળી જા.''

છોકરો આવી પહોંચ્યો. ગરીબ અને ગભરુ હતો, પણ ઘણો જ તેજસ્વી હતો. ફાધરે એને કૉલેજમાં દાખલ કર્યો અને બધી જ સગવડ કરી આપી.

★★★

ત્રીજી ડિસેમ્બર એટલે કૉલેજનો વાર્ષિક દિવસ, કારણ કે એ સેંટ ફ્રાન્સિસ ઝેવિયર્સનો જન્મદિવસ. એ દિવસે કૉલેજમાં રજા પડે. પહેલાંના વખતમાં એ દિવસે બીજી કંઈ પ્રવૃત્તિ રહેતી નહિ. ફાધર બાલાગેરે એ દિવસને વધુ મહિમાવંતો બનાવ્યો. એ સાંજે ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખ્યો. સાથે મનોરંજનનો કાર્યક્રમ પણ હોય. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ નિમંત્રણ અપાય. એકાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીને જ અતિથિવિશેષ તરીકે બોલાવાય. કૉલેજના હજારેક વિદ્યાર્થીઓ બેસી શકે એ માટે કમ્પાઉન્ડમાં ખુલ્લામાં મંચ બાંધી ઠાઠમાઠથી કાર્યક્રમ યોજાવા લાગ્યો. પછી તો મહિના અગાઉથી બધી તૈયારીઓ થવા લાગતી. વિદ્યાર્થીઓ પણ ઉત્સુકતાથી એ દિવસની રાહ જોવા લાગતા. કૉલેજની પ્રવૃત્તિઓમાં આ કાર્યક્રમ એક યશકલગીરૂપ બની ગયો હતો.

★★★

૧૯૫૦માં હું ગુજરાતી વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. થયો. ગુજરાતી વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે આવવા છતાં કોઈ કૉલેજમાં અધ્યાપક તરીકેની નોકરી મળી નહિ. એટલે મુંબઈમાં 'જનશક્તિ' વર્તમાનપત્રના તંત્રી વિભાગમાં મેં જવાબદારી સ્વીકારી લીધી. નોકરીને છએક મહિના થયા હશે ત્યાં એક દિવસ મારા પ્રોફેસર શ્રી મનસુખલાલ ઝવેરી ''જનશક્તિ''માં મને મળવા આવ્યા. એમણે પૂછ્યું, ''જૂનથી ઝેવિયર્સમાં ગુજરાતીના લેક્ચરર તરીકે જોડાવ ખરા? અમે તમારું નામ સૂચવ્યું છે અને ફાધર તમને સારી રીતે ઓળખે છે. એમની પણ ઈચ્છા છે કે તમે ઝેવિયર્સમાં જોડાવ.''

'જનશક્તિ'માં મને લેક્ચરર કરતાં પણ વધુ પગાર મળતો હતો, પણ કૉલેજમાં લેક્ચરર તરીકે સ્થાન મળતું હોય તો એ વધારે ગમતી વાત હતી. મારા અધ્યાપકો મનસુખભાઈ ઝવેરી અને ગૌરીપ્રસાદ ઝાલા સાથે હું ફાધર બાલાગેરને મળ્યો. ફાધરે પોતાનો આનંદ વ્યક્ત કર્યો. ફાધરે દરખાસ્ત મૂકી : ''તમે જુવાન છો, નાની ઉંમરના છો; મારી તમને વિનંતી છે કે તમે સાથે એન.સી.સી.માં ઑફિસર તરીકે પણ જોડાવ.'' મેં તે માટે સંમતિ આપી અને પૂના જઈ એન.સી.સી. માટે ઈન્ટરવ્યૂ પણ આપી આવ્યો. પસંદગી થઈ અને માર્ચથી જૂન સુધી બેલગામના લશ્કરી મથકમાં તાલીમ લેવાનું પણ ગોઠવાઈ ગયું.

ફાધર સાથે બધી વાતચીત બરાબર થઈ ગઈ હતી, પરંતુ મારા હાથમાં એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવ્યો ત્યારે તે પાર્ટટાઈમ લેક્ચરરનો હતો. હું ફાધર પાસે પહોંચ્યો. ફાધરે હેડક્લાર્કને બોલાવ્યો. એણે કહ્યું, ''પ્રો. શાહનું અધ્યાપન કાર્ય તો ૨૦ મી જૂનથી થશે. એન.સી.સી.ની તાલીમ માટે આપણે ચાર મહિના અગાઉથી એપોઈન્ટમેન્ટ આપી પડે. આ ચાર મહિનાનો પગાર તો વગર ભણાવ્યે જ કૉલેજને આપવી પડે. એટલે હાલ પાર્ટટાઈમ એપોઈન્ટમેન્ટ આપી છે.''

મેં કહ્યું, ''કૉલેજે વગર ભણાવ્યે એ પગાર આપવો પડે છે. પરંતુ હું તો બીજી ફુલટાઈમ નોકરી છોડીને કૉલેજના કામ માટે તાલીમ લેવા જાઉં છું. મને તો આર્થિક નુકસાન થાય છે.''

ફાધરે મને જૂનથી ફુલટાઈમ કરી આપવાનું વચન આપ્યું. છેવટે ફાધરની વિનંતી મારે સ્વીકારવી પડી.

એન.સી.સી.ની તાલીમ લઈ હું મુંબઈ પાછો આવ્યો અને કૉલેજમાં જોડાઈ ગયો. જૂનમા મને ફુલટાઈમ કરવાની વાત કૉલેજે કરી નહિ, એટલે મેં મનસુખભાઈ અને ઝાલાસાહેબને વાત કરી. તેઓ ફાધર પાસે ગયા. વાતવાતમાં બે મહિના નીકળી ગયા. પછી એક દિવસ ફાધરને મળી આવીને તેઓએ મને કહ્યું, ''રમણભાઈ, ફાધર તો ફુલટાઈમ કરવાની ના પાડે છે. હેડ ક્લાર્કે કહ્યું કે ફુલટાઈમ થવા માટે તમારે ભાગે અઠવાડિયે દસ લેક્ચર લેવાનાં હોવા જોઈએ. પણ તમારી પાસે તો નવ લેક્ચર જ છે.''

''પણ હું તો તેર લેક્ચર લઉં છું.''

''પણ ક્લાર્કે કહ્યું કે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે તમારે ભાગે નવ લેક્ચર આવે છે.''

મેં મનસુખભાઈ અને ઝાલાસાહેબને કહ્યું, ''હું મારી ફુલટાઈમ નોકરી છોડીને કૉલેજમાં આવ્યો તે વખતે ફાધરે ફુલટાઈમની વાત કરી હતી. હવે યુનિવર્સિટીનો નિયમ બતાવી ફુલટાઈમ કરવાની કૉલેજ ના પાડે તે બરાબર ન કહેવાય.''

તેઓએ કહ્યું, ''રમણભાઈ, અમે ફાધર સાથે બે કલાક માથાકૂટ કરી. કહેવાય એવા કડક શબ્દોમાં કહ્યું. પરંતુ ફાધર છેવટ સુધી મક્કમ જ રહ્યા. આવું થશે એવી અમને કલ્પના પણ નહોતી. અમે દિલગીર છીએ કે હવે આમાં અમે બીજું કશું કરી શકીએ એમ નથી. એટલે કૉલેજમાં રહેવું કે ન રહેવું એ નિર્ણય તમારે કરવાનો છે.''

એમ કરતાં કરતાં પહેલું સત્ર પૂરું થઈ ગયું. મને થયું કે નોકરી છોડતાં પહેલાં મારે ફાધરને ફરી એક વખત જાતે મળી લેવું જોઈએ. હું ફાધર પાસે ગયો. ફાધરે યુનિવર્સિટીના એ જ નિયમોની વાત કરી. મેં ફાધરને કહ્યું, ''તમે જાણો છો કે હું ફુલટાઈમ નોકરી છોડીને અહીં આવ્યો છું. આ મારી માતૃસંસ્થા છે અને એને માટે મને અત્યંત પ્રેમ છે. મને અહીં ભણાવવું ગમે છે, પરંતુ મારે મારા કુટુંબનું પણ જોવું જોઈએ. અમે સાધારણ સ્થિતિના માણસો છીએ. મારાં માતા-પિતા પૂછે છે કે વધારે પગારની નોકરી છોડીને ઓછા પગારની નોકરી માલે શા માટે ચાલુ રાખવી જોઈએ ?''

ફાધરે કહ્યું, ''એ બધું સાચું, પણ કૉલેજ આમાં કશું કરી શકે એમ નથી. હું એ માટે દિલગીર છું.''

''તો ફાધર, મારે આપણી કૉલેજની નોકરી છોડી દેવી પડશે. હું કેટલા બધા ભાવથી કૉલેજમાં જોડાયો અને હવે દુઃખ સાથે મારે કૉલેજ છોડવી પડશે. મારા ઘરની આર્થિક સ્થિતિ જોતાં હું પાર્ટટાઈમ નોકરી ચાલુ રાખી શકીશ નહિ.'' આટલું બોલતાં બોલતાં તો મારી આંખમાંથી દડદડ દડદડ આંસુ સરી પડ્યાં. હું ઊભો થઈ ગયો. ફાધર પણ ઊભા થઈ ગયા. તેઓ બોલ્યા, ''પ્રો. શાહ, લાગણીવશ ન થાઓ.''

હું અસ્વસ્થ ચિત્તે સ્ટાફરૂમમાં આવીને બેઠો. દસેક મિનિટ થઈ હશે ત્યાં સંદેશો આવ્યો કે ''ફાધર તમને બોલાવે છે.'' હું પહોંચ્યો. ફાધરે મને બેસાડ્યો અને મારા હાથમાં પત્ર આપતાં કહ્યું, ''પ્રો. શાહ, તમે મારા હૃદયને હલાવી નાખ્યું. તમારે માટે તરત જ ફુલટાઈમ એપોઈન્ટમેન્ટનો લેટર ટાઈપ કરાવી નાખ્યો. આ તમારો એપોઈન્ટમેન્ટ લેટર. આ કૉલેજ માટેની તમારી લાગણી મને સ્પર્શી ગઈ છે. તમારા કામ માટે મને બહુ આદર છે. એન.સી.સી.માં પણ તમારું કામ વખણાય છે. આશા રાખું છું કે હવે તમારે બીજે ક્યાંય જવાનો કોઈ વિચાર નહિ કરવો પડે.''

ફુલટાઈમ એપોઈન્ટમેન્ટનો પત્ર મળતાં

ફરી મારી આંખમાંથી આંસુ વહ્યાં.

★★★

આ ઘટના પછી ફાધર બાલાગેર સાથે મારી આત્મીયતા વધી ગઈ. તેઓ વારંવાર એન.સી.સી.ની પરેડ જોવા આવતા અને એન.સી.સી.ના કેમ્પમાં પણ આવતા, એથી પણ આત્મીયતામાં ઉમેરો થતો રહ્યો હતો. ફાધર બાલાગેર અમારા એન.સી.સી. કેમ્પની દર વર્ષે મુલાકાત લેતા અને બે દિવસ રોકાતા. સામાન્ય રીતે અન્ય કૉલેજના પ્રિન્સિપાલો જવલ્લે જ કેમ્પની મુલાકાત લેતા. પણ ફાધર વાર્ષિક સ્પર્ધાઓના આગલે દિવસે આવી જતા. કૉલેજના બધા કેડેટોને અમે એકત્ર કરતા અને ફાધર તેઓને ઉદ્‌બોધન કરતા. બીજાને જશ આપવાની આપવાની ફાધરની નીતિ રહેતી. તેઓ અમારા કંપની કમાન્ડરની અને ઓફિસરોની ભારે પ્રશંસા કરતા. કેડેટો ઉત્સાહી થઈ જતા અને પરેડ તથા બીજાં બધાં કામ ચીવટ ને ખંતપૂર્વક કરતા.

એક વખત અમારો વાર્ષિક કેમ્પ દેવલાલીમાં હતો. ફાધર એ કેમ્પમાં આવવાના હતા. પરંતુ એમને બહારગામથી મુંબઈ પાછા ફરતા મોડું થઈ ગયું અને મુંબઈથી દેવલાલીની સવારની ટ્રેન તો નીકળી ગઈ. એ દિવસોમાં ટ્રેન ઓછી હતી. હવે કરવું શું ? ફાધર વિમાસણમાં પડી ગયા. મુંબઈથી દેવલાલી સુધીના મોટરકારનો રસ્તો ઘણો જ ખરાબ હતો. છ થી આઠ કલાકે મોટરકાર પહોંચે. મોટરકારની વ્યવસ્થા તરત થઈ શકે એમ પણ નહોતી. કૉલેજની ઑફિસમાં કામ કરતા બ્રધર સાબાતે મોટરસાઈકર ચલાવતા. ફાધર બાલાગેરે તેમને પૂછી જોયું કે મોટરસાઈકલ પર તેઓ તેમને દેવલાલી લઈ જઈ શકે કે કેમ ? બ્રધરે કહ્યું કે રસ્તો ઘણો હાડમારીવાળો અને થકવનારો છે, છતાં ફાધરની આજ્ઞા થાય તો પોતે તેમને લઈ જવા તૈયાર છે. ફાધરને પાછળની સીટ પર બ્રધરના ખભા પકડીને બેસવાનું હતું. આઠ કલાકની મોટરસાઈકલ - મુસાફરી કરીને ફાધર આવી પહોંચ્યા. એખી એમને ઘણો પરિશ્રમ પડયો હતો. પણ એમના આગમમનથી કેડેટોના ઉત્સાહ વધી ગયો. ફાધર વિદ્યાર્થિઓના અને કૉલેજના કામ માટે શારીરિક કષ્ટની પરવા ન કરતા.

ફાધર બહારગામ કાર્યક્રમોમાં ભાગ લેવા બહુ જતા. રેલવેમાં રિઝર્વેશન મળે ન મળે તેની બહુ દરકાર કરતા નહિ. રાતની મુસાફરીમાં ક્યારેક રિઝર્વેશન વગરના ડબ્બામાં બેસવાની જગ્યા મળી ન હોય તો નીચે કશુંક પાથરીને બેસી જતા. પોતાના પદની મોટાઈની જરા પણ સભાનતા ફાધરમાં નહોતી.

એક વખત સમાજસેવા માટેના એક કેમ્પમાં જઈને ફાધર બાલાગેર વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા. પરંતુ એ ગીચ ગંદા વિસ્તારમાં રહેવાને કારણે ફાધરને સખત તાવ આવ્યો. બધાએ આગ્રહ કર્યો કે એમણે કૉલેજમાં પાછા ચાલ્યા જવું જોઈએ. પણ ફાધરે કહ્યું કે તેઓ કેમ્પ પૂરો થાય ત્યાં સુધી રોકાશે જ. ફાધરનો આગ્રહ એટલો બધો હતો કે કોઈ એમને સમજાવી શક્યું નહિ. તાવની ખબર પડતાં કૉલેજના રેક્ટર ફાધર સન્માર્તિ કેમ્પમાં આવી પહોંચ્યા. એમણે જોયુ કે ફઆધર બાલાગેર તાવથી પથારીવશ છે. એટલે એમણે ફાધર બાલાગેરને વિનંતી કરી કે તેઓએ કૉલેજમાં પાછા આવી જવું જોઈએ. પણ ફાધર બાલાગેર એકના બે ન થયા. કલાક માથાકૂટ ચાલી હશે. રેક્ટરને લાગ્યું કે ફાધર બાલાગેરે એટલા બધા મક્કમ છે કે માનશે નહિ, માટે હવે બીજું શસ્ત્ર અજમાવવું પડશે. કૉલેજમાં પ્રિન્સિપાલની ઉપરની પદવી તે રેક્ટરની. ફાધર સન્માર્તિએ કહ્યું, ''ફાધર બાલાગેર, હું તમને વિનંતી કરી-કરીને થાક્યો, પણ તમે માનતા નથી. હવે હું રેક્ટર તરીકે તમને આજ્ઞા કરું છું કે તમારે કેમ્પ છોડીને મારી સાથે મુંબઈ આવવાનું છે.''

ઉપરીની આજ્ઞા થતાં એક શબ્દ બોલ્યા વિના અને એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના ફાધર પથારીમાં તરત બેઠા થઈ ગયા. બે મિનિટમાં પોતાની બધી વસ્તુઓ બૅગમાં ગોઠવી લઈને તૈયાર થઈ ગયા અને ફાધર સન્માર્તિ સાથે મુંબઈ આવી ગયા.

★★★

ફાધર બાલાગેરે ઝેવિયર્સ કૉલેજના આચાર્ય તરીકે ૧૯૪૯ થી ૧૯૫૮ સુધી કામ કર્યું. ખ્રિસ્તી મિશનરી પાદરીઓની એક પ્રથા સારી છે કે કોઈ પણ હોદ્દા પરની વ્યક્તિ જીવનના અંત સુધી એ હોદ્દા ઉપર જ રહે એવું અનિવાર્ય નથી. સામાન્ય રીતે પાંચથી નવ વર્ષ સુધી કોઈ પણ ફાધર એ હોદ્દા પર રહે, પછી નિવૃત્ત થાય. નિવૃત્ત થયેલા ફાધરને બીજા કોઈ ફાધરના હાથ નીચે અધ્યાપક તરીકે કામ કરવામાં કોઈ શરમ-સંકોચ નડે નહિ.

ઝેવિયર્સ કૉલેજના અગાઉના પ્રિન્સિપાલ ફાધરો એકંદરે સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં બહુ ભળતા નહિ. તેઓ કૉલેજમાં પિરિયડ લીધા પછી પોતાના અલગ આવાસમાં જ ઘણુંખરું ચાલ્યા જતા. ફાધર બાલાગેર બધા વિદ્યાર્થીઓ સાથે અને સ્ટાફના સભ્યો સાથે ભળી જતા. પોતે મોટા છે અથવા પોતાનો સમય બહુ કીમતી છે એવું ક્યારેય લાગવા ન દે. મળે તો રસ્તામાં ઊભા રહીને આપણી સાથે નિરાંતે વાત કરે. ફાધર બાલાગેરનું વ્યક્તિત્વ જ એવું વાત્સલ્યભર્યું હતું કે સૌ એમના તરફ ખેંચાય. સામાન્ય રીતે કૉલેજના બીજા

ફાધરો કરતાં ફાધર બાલાગેર લોકસંપર્ક વધુ રાખતા હતા. બહારના સામાજિક કાર્યક્રમોમાં જતા. અધ્યાપકો કે વિદ્યાર્થીઓના લગ્નપ્રસંગે પણ હાજરી આપતા.

જૂના વખતમાં યુરોપથી આવેલા ગોરા પાદરીઓ અને ભારતના બિનગોરા પાદરીઓ વચ્ચે ક્યાંક કયાંક અંતર રહેતું. કેટલાક ગોરા પાદરીઓમાં ગુરુતાગ્રંથિ રહેતી. તેઆએ ભારતીય પાદરીઓ સાથે બહુ ભળતા નહિ, અતડા રહેતા. ફાધર બાલાગેરના મનમાં કે વર્તમનાં ગોરાકાળા વચ્ચેનો કોઈ ભેદ રહેતો નહિ. તેઓ બધા સાથે પ્રેમથી હળીમળી જતા.

પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયા પછી ફાધર બાલાગેરે કેટલોક સમય રેક્ટર તરીકે કામ કર્યું. ત્યારપછી એમણે સૌથી મહત્ત્વનું કાર્ય કર્યું તે ૧૯૬૪માં મુંબઈમાં મળેલી ૩૮મી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી કોંગ્રેસના મહામંત્રી તરીકેનું હતું. બે વર્ષ અગાઉથી દિવસરાત ફાધર એ કામમાં લાગી ગયા. એમની વ્યવસ્થાશક્તિની, સૂઝની, દીર્ઘદષ્ટિની, સેવાભાવનાની, વિનમ્રતાની દેશ-વિદેશના હજારો મહેમાનોને સુંદર પ્રતીતિ થઈ. કોઈ પણ વ્યક્તિ એમને સહેલાઈથી મળી શકે અને દરેકની વાત તેઓ યાદ રાખે. એ દિવસોમાં ફાધરને થોડા દિવસ તાવ આવ્યો હતો, પરંતુ પથારીમાં સૂતાં સૂતાં પણ તેઓ વારાફરતી દરેકને બોલાવતા અને સૂચનાઓ આપતા.

પોતે મુંબઈમાં હતા ત્યાં સુધી ફાધર બાલાગેરે વિવિધ પ્રકારની સક્રિય જવાબદારી અદા કરી હતી. ૧૯૭૨માં એમને સિકંદરાબાદમાં પાદરીઓને ભણાવવાની જવાબદારી સોંપવામાં આવી. ફાધર બાલાગેરની દોરવણી હેઠળ સિકંદરાબાદમાં 'અમૃતવાણી' નામનું 'કોમ્યુનિકેશન સેંટર' સ્થાપવામાં આવ્યું. ફાધરે એના સ્થાપક અને ડાયરેક્ટર તરીકે સેવા આપવાનું ચાલુ કર્યું. ઉંમર તથા તબિયતને કારણે ૧૯૯૦માં તેઓ એમાંથી નિવૃત્ત થયા.

સામાન્ય રીતે રોમન કેથોલિક સંપ્રદાયમાં જેસ્યુઈસ્ટ પાદરી કે સાધ્વી તરીકે બાળબ્રહ્મચારીની જ પસંદગી થાય છે. પંદર-સત્તર વર્ષની ઉંમરનાં છોકરાં-છોકરીઓને પસંદ કરવામાં આવે કે જેથી ગૃહજીવનમાં દાખલ થવાનો વિચાર સેવે તે પહેલાં તેઓ પાદરી બની ગયાં હોય.

૯૧ વર્ષની ઉંમર પછી ફાધરનું શરીર ઘસાવા લાગ્યું હતું. ૯૩ વર્ષની ઉંમરે એમને ચાલવામાં તકલીફ પડવા લાગી હતી. તેઓ લાકડી લઈને ધીરે ધીરે ડગલાં માંડતા હતા. પછી પણ ફાધર બાલાગેર જીવનના અંત સુધી ભારતમાં જ રહ્યા.

એક વખત ફાધર બાલાગેરને પૂછવામાં આવ્યું કે 'તમે સ્પેનથી આવી, જીવન પર્યંત ભારતની સેવા કરી છે, તો ભારત તમારા માટે શું કરી શકે?''

ફાધરે કહ્યું, ''મેં મારું કર્તવ્ય બજાવ્યું છે. હું ભારતવાસી થઈને રહ્યો છું. ભારતીય સંસ્કારો મારા લોહીમાં આવ્યા છે. ભારત પાસેથી બદલાની કોઈ આશા મારે રાખવાની જ ન હોય. મારે જો માગવાનું હોય તો એટલું જ માગું કે મારા મૃત્યુ પછી મારા શરીરને દફનાવવા માટે છ ફૂટની જગ્યા જોઈશે; આ સિવાય બીજું કશું મારે જોઈતું નથી.''

ફાધર દિવસે દિસે વધારે અંતર્મુખ બનતા જતા હતા. પ્રાર્થના અને ધ્યાન માટે અગાઉ કરતાં વધુ સમય તેઓ આપતા હતા. પોતાનું મૃત્યુ નજીક આવી રહ્યું છે એમ તેમને લાગતું અને તે માટે તેઓ સજ્જ હતા.

ફાધર બાલાગેર માનવ નહિ પણ મહામાનવ જેવા હતા. બીજાનું હૃદય જીતવાની કલા એમને સહજ હતી. એમના ગાઢ સંપર્કમાં આવેલી વ્યક્તિ ખ્રિસ્તી હોય કે બિનખ્રિસ્તી હોય, તે દરેકને એમ લાગતું કે, ફાધર અમારા છે. ❖❖❖

## પ્રસન્ન દાંપત્ય

''ભાઈ, તમારું દાંપત્ય ખૂબ પ્રસન્ન મધુર છે; અમને એનું રહસ્ય નહીં કહો?''

''બહુ સાદી વાત છે એ તો. અમે નિયમ કર્યો છે કે બધી મહત્ત્વની બાબતોનો નિર્ણય મારે કરવો ને મારી પત્નીએ તેને મંજૂર રાખવો; એ જ રીતે બધી સામાન્ય બાબતોનો નિર્ણય મારી પત્ની કરે અને મારે તે મંજૂર રાખવો. આથી અમારું ગાડું સરસ ચાલે છે ને મજા આવે છે.''

''દાખલા તરીકે?''

''બહુ સરળ વાત છે. જેમ કે, ઘરમાં ફ્રીઝ લેવું કે નહિ, રસોઈ શું કરવી, બાળકોએ શું પહેરવું, કયાં સગાં સાથે કેવો સંબંધ રાખવો, કયું પેપર મગાવવું, મૂડીનું રોકાણ શેમાં કરવું વગેરે સામાન્ય બાબતો મારી પત્ની નક્કી કરે છે અને તે હું ચૂપચાપ સ્વીકારી લઉં છું.''

''તો તમારે કઈ વાત નક્કી કરવાની?'' ''હું બધી મહત્ત્વની બાબતોનો નિર્ણય કરું છું, જે મારી પત્ની ચૂપચાપ સ્વીકારી લે છે – જેમ કે, રાસાયણિક કારખાનાં દેશના કયા ભાગમાં નાખવાં, વીએટનામના યુદ્ધમાં અમેરિકાએ કયું વલણ રાખવું, કવિતા છાંદસ હોવી જોઈએ કે અછાંદસ વગેરે પ્રશ્નો વિશે મારો નિર્ણય આખરી રહે છે.''

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
૭૨૦૮૪૭૨૮૮૪

## દિવાળી વેકેશન - લોનાવલા, પંચગીની, દેવલાલી

**માત્ર સંસ્થાના સભ્યો માટે**

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ આરોગ્યધામ, લોનાવલા**

ઓલ્ડ મુંબઈ - પુના રોડ, હરિ ઈન્ટરનેશનલ હૉટલ સામે, લોનાવલા - ૪૧૦ ૪૦૧. Mobile : 9004578041

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ આરોગ્યધામ - પંચગીની**

ખીનગર રોડ, ભારતીય વિદ્યાપીઠ સામે, પંચગીની, જિલ્લો : સતારા. Mobile : 9004578042

**શ્રી સી.યુ. શાહ આરોગ્યધામ - દેવલાલી**

દુરઝાડ માલા રોડ, કોરલ ગાર્ડન પાસે, ઓફ-લામ રોડ, દેવલાલી, જિલ્લો - નાસિક પીન-૪૨૨ ૪૦૧. Mobile : 9004578052

- ઉપર મુજબ ત્રણેય આરોગ્યધામના દિવાળી વેકેશન માટે લક્કી ડ્રો કરવામાં આવશે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ તથા સુરેન્દ્રનગર સંસ્થાના મેમ્બરો માટે અરજી ફોર્મ સ્વીકારવાની તા. ૦૮-૦૯-૨૦૨૫ થી ૧૩-૦૯-૨૦૨૫. (રવિવાર તથા રજાના દિવસો શિવાય)
- **લક્કી ડ્રો માટે બુકિંગ**
  દિવસ - ૪ : સોમવાર થી ગુરૂવાર તા. ૨૦-૧૦-૨૦૨૫ થી ૨૩-૧૦-૨૦૨૫
  દિવસ - ૩ : શુક્રવાર થી રવિવાર તા. ૨૪-૧૦-૨૦૨૫ થી ૨૬-૧૦-૨૦૨૫
- **લક્કી ડ્રો તા. ૧૬-૦૯-૨૦૨૫ ના રોજ સાંજે ૫ કલાકે સભાની મુંબઈ ઓફિસે કરવામાં આવશે.**
- આરોગ્યધામના દાતાઓએ ડોનર્સ રાઈટ ક્વોટા બુકિંગ માટે ઉપર મુજબની તારીખે અરજી કરવા વિનંતી. 33% થી વધારે અરજી આવશે તો ડોનર ક્વોટાની અરજીનો લક્કી ડ્રો કરવામા આવશે.
- લક્કી ડ્રોમાં જેમને રૂમ એલોટ થઈ હશે તેમને જાણ કરવામાં આવશે અને મોકલાવેલ બેંક Detailsમાં બુકિંગની રકમ ત્રણ દિવસમાં જમા કરાવવાની રહેશે. રકમની Transaction id તથા Bank નો Debit થયાનો Screen Shot મોકલવો જરૂરી છે. જો આપના તરફથી આ રકમ જમા નહી થાય તો બીજા સભ્યને આ રૂમનું Allotment થઈ જશે તેની ખાસ નોંધ લેવી. રકમ આવ્યા બાદ આપને રસીદ email થી મોકલવામાં આવશે.
- સંસ્થાના ફોર્મ પર જ અરજી કરવાની રહેશે. ફોર્મ પાના નં. ૩૯ પર છાપેલ છે.

## શ્રી સી.યુ. શાહ અતિથિ ભવન - સુરેન્દ્રનગર

'મહાવિરાલય' બીજે માળે, કમળ મંદિર પાસે, (ઘર હો તો ઐસા) સુરેન્દ્રનગર ૩૬૩૦૦૨. મો . ૯૦૯૯૩૫૦૬૪૪/ ૯૪૨૬૭૫૬૧૦૦

**સુરેન્દ્રનગર અતિથિ ભવન માટે લક્કી ડ્રો માં બુકિંગની જરૂર નથી, Booking Online કરવુ.**

## શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ આરોગ્યધામ - માથેરાન

**માથેરાન આરોગ્યધામ માટે લકી ડ્રો મા બુકિંગની જરૂર નથી. બુકીંગ ઓનલાઈન કરવુ.**

અશોકા હોટલની બાજુમાં તા. કરજત, જિલ્લો -રાયગડ, માથેરાન પીન - ૪૧૦ ૨૦૧

**નોંધ : ૭ દિવસ માટે અલગ-અલગ ૪ દિવસ તથા ૩ દિવસ ૨ ફૉર્મ ભરવા કોઈપણ મેમ્બર ફક્ત એકજ સેનેટોરિયમમાં અરજી કરી શકશે.**

**Rate Card Website zalawadi.com પર ઉપલબ્ધ છે.**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

સંચાલિત

**લોનાવલા - પંચગીની - દેવલાલી સેનેટોરિયમના દિવાળી વેકેશન માટે અરજી ફોર્મ**

(કોઈપણ એક સેનેટોરિયમ માટે ફોર્મ ભરવું)

આપને જે સેનેટોરિયમનું બુકિંગ કરાવવું છે તે નામ આ બૉક્સમાં લખવું. રૂમ ટાઈપ કુલ રૂમ

ફક્ત કાર્યાલયે ભરવાની વિગત

રજાચિઠ્ઠી નં. ____________ તારીખ____________ રૂા. ____________

☐ મંજૂર
☐ નામંજૂર

તારીખ ____________ થી તારીખ____________ સુધી, કુલ દિવસ ____________

રૂમ નંબર :

રિમાર્ક ____________ સભ્ય નંબર ____________ ☐

કુલ રૂમ :

(અધૂરી વિગત સાથેનું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.)

૧. રહેવા જનાર મુખ્ય વ્યક્તિનું નામ ____________ઉંમર ____________

૨. ઘરનું પૂરું સરનામું ____________

____________

____________Whatsup મોબાઈલ નં. ____________

ઈ-મેલ : ____________ મોબાઈલ નં. ____________

૩. મૂળ વતન ____________ તાલુકો ____________ જીલ્લો ____________

૪. ઝાલાવાડી સભાના સભ્ય હો તો ક્યા નામથી ? ____________ LM/YM No. ____________

સભ્યપદની લવાજમ ભર્યાની (છેલ્લી) રસીદની ઝેરોક્ષ આ અરજી ફોર્મ સાથે મોકલવી જરૂરી છે./ Life મેમ્બર હોય તો કાર્ડની ઝેરોક્સ કૉપી સબમીટ કરવી.

૫. રહેવા જનારની સંસ્થાના સભ્ય સાથે સગાઈ ____________

૬. આરોગ્યધામ કઈ તારીખથી કઈ તારીખ સુધી જોઈએ છે ? તા. ૨૦.૧૦.૨૦૨૫ થી તા. ૨૩.૧૦.૨૦૨૫ *અથવા* તા.૨૪.૧૦.૨૦૨૫થી તા. ૨૬.૧૦.૨૦૨૫

સેનેટોરિયમ બુકિંગ : સોમવારથી ગુરૂવાર (ચાર દિવસ) શુક્રવાર થી રવિવાર (ત્રણ દિવસ) જે તારીખનું બુકીંગ જોઈતુ હોય તે તારીખ લખવી.

(અ) તારીખ ____________ થી તારીખ ____________ સુધી, કુલ દિવસ ____________

નીચેના નામની પૂરી વિગત અરજદારે લખવી ફરજિયાત છે. સેનેટોરિયમમાં રહેવા માટેની અરજી કરનારનું નામ, રહેવા જનારના નામો, ઉંમર અને અરજી કરનાર સભ્ય સાથેનું સગપણ (સગાઈ) પૂરી વિગત સાથે લખવું જરૂરી છે.

| ક્રમ | મુખ્ય અરજી કરનાર તથા રહેવા જનારના નામો | ઉંમર | મુખ્ય અરજદારની સાથેની સગાઈ | મેમ્બરશિપ નંબર/ ગેસ્ટ / ડોનર ગેસ્ટ | રહેઠાણ અને પરાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |

આપ આપનું તેમ જ જો એકથી વધારે રૂમ હોય તો દરેક રૂમમાં રહેનાર મુખ્ય વ્યક્તિનું ફોટો આઈ કાર્ડ સાથે લેવાનું ભૂલશો નહી...

સેનેટોરિયમના નિયમો સંપૂર્ણપણે મને તથા મારી સાથે આવનારને કબૂલ મંજૂર છે અને તે નિયમોનો અમલ કરવા અમો બંધાયેલ છીએ.

મેમ્બરની રસીદ તથા મેમ્બરનું કાર્ડ સેનેટોરિયમમા લઈ જવું જરૂરી છે. ૨ સેનેટોરિયમ અથવા ૩ સેનેટોરિયમમાં અરજી કરશો તો ફૉર્મ કેન્સલ થશે તેની નોંધ લેવા વિનંતી

પૂરું નામ ____________ સહી ____________

તારીખ : ____________ મોબાઈલ નં. :____________

# ઈન્કમ ટૅક્સની સેક્શન 50-C નવા ફ્લૅટ ખરીદનારને કઈ રીતે અસર કરશે ?

**કિશોર એમ. શાહ (સોલિસિટર)**

ઈન્કમ ટૅક્સ ઍક્ટના સેક્શન 50-C માં નવું એમેન્ડમેન્ટ કરવામાં આવ્યું છે કે જે ૧-૧૦-૨૦૦૯થી અમલમાં આવે છે. ઈન્કમ ટૅક્સ ઍક્ટના 56(2)(viii)માં નવું સેક્શન ઉમેરાયું છે, જેને લીધે રજિસ્ટર્ડ કો-ઑપ. સોસાયટીમાં ફ્લેટ લેનાર વેચનારને બહુ મોટી તકલીફ આવી જશે. સેક્શન 56(2)(viii) પ્રમાણે કોઈ પણ ફ્લેટ લેનાર-વેચનારે એગ્રિમેન્ટમાં ગમે તેટલી કિંમત લખેલી હોય પણ તે કિંમત સ્ટૅમ્પ ડ્યૂટીના રેડી રેકનર પ્રમાણે ન હોય તો ઈન્કમ ટૅક્સ ડિપાર્ટમેન્ટ અને સબ-રજિસ્ટ્રાર રેડી રેકનર પ્રમાણેની જ કિંમત સાચી ગણશે.

દા.ત. કોઈ પણ વ્યક્તિએ એક ફ્લૅટ ૧૦ લાખમાં લીધો હોય અને એક કરોડમાં વેચે પણ રેડી રેકનર પ્રમાણે તેની કિંમત એક કરોડ ૫૦ લાખ થાય તો વેચનારને જે ૫૦ લાખ રૂપિયા નથી મળ્યા તેના પર લોંગ ટર્મ કૅપિટલ ગેઈન ભરવો પડે છે અને ખરીદનારે એક કરોડમાં જગ્યા લીધી છે અને તેની રેડી રેકનર પ્રમાણે કિંમત ૧ કરોડ ૫૦ લાખ રૂપિયા થાય તો તેને સ્ટૅમ્પ ડયૂટી પણ ૧ કરોડ ૫૦ લાખ પર ભરવી પડે છે.

વાત અહીંથી પણ અટકતી નથી. કાયદો આનાથી પણ એક ડગલું આગળ જાય છે. ઈન્કમ ટૅક્સના નવા સુધારા પ્રમાણે કે જે ૧-૧૦-૨૦૦૯ થી અમલમાં આવ્યો છે, કોઈ પણ ફ્લૅટના એગ્રીમેન્ટમાં જે ભાવ નક્કી કરેલો હોય અને સ્ટેમ્પ ડ્યૂટીના રેડી રેકનરના વેલ્યુએશન પ્રમાણે રૂપિયા ૫૦,૦૦૦/-થી વધારે ડિફરન્સ આવતો હોય તો તે ફ્લૅટ ખરીદનારના ઈન્કમ ફ્રોમ અધર સોર્સ પ્રમાણે ઈન્કમ ગણાશે અને તેના પર ફ્લૅટ ખરીદનારે એડિશનલ ઈન્કમ ટૅક્સ ભરવો પડશે. આને લીધે હવે કોઈ પણ ફ્લૅટ ખરીદશે કે વેચશે તેને ટૅક્સ ઑથોરિટી સાથે મતભેદને લીધે લિટિગેશન થશે, કારણકે એને જે ઈન્કમ નથી મળી તેની ઉપર કૅપિટલ ગેઈન ટૅક્સ ભરવો પડશે અને ફ્લૅટના ખરીદનારને એગ્રીમેન્ટમાં સાચી કિંમત દેખાડી છે તે છતાંય તે રેડી રેકનરની કિંમત વધારે હોવાથી જેટલી સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે તેના કરતાં પણ વધારે સ્ટૅમ્પ ડયૂટી ભરવી પડશે. આ બધાને લીધે ફ્લૅટ ખરીદનાર અને વેચનાર બન્નેને કારણ વગરની તકલીફ વધી જશે અને લાંબે ગાળે પ્રોપર્ટી માર્કેટને પણ વાંધો આવી જશે. કાયદો તો બધાને એક જ લાકડીથી એકસરખા મારે છે. મુંબઈના ઘણા વિસ્તાર એવા છે કે જેમાં સારામાં સારાં મકાનો પણ છે અને તેની સાથેસાથે ખરાબમાં ખરાબ મકાનો પણ છે પણ રેડી રેકનારવાળા તો આવી કોઈ વાતનો વિચાર જ કરતા નથી, તે લોકો તો કોઈ પણ એરિયાનું સારામાં સારું મકાન હોય તેની જ કિંમત પ્રમાણે દરેક મકાન અને ફ્લૅટના ભાવ નક્કી કરે છે. મુંબઈના અમુક એરિયાની વાત કરીએ તો એક સારામાં સારું મકાન હોય અને તેની બાજુમાં જ બીજું ખરાબ મકાન હોય અને તે મકાનની પાછળની સાઈડમાં ફ્લૅટ અને બિલ્ડિંગમાં મોટું રિપેરિંગ હોય, હવા-ઉજાસ ન હોય, સારો પાડોશ ન હોય તો બાજુના સારા મકાન કરતા પણ અડધી કિંમતમાં જગ્યા ખપતી નથી, પણ આ બધી વાતનો કોઈ વિચાર કરતું નથી. સારા મકાનનો ૪૦,૦૦૦ રૂપિયાનો ભાવ હોય અને જર્જરિત મકાનમાં ૨૦,૦૦૦ના ભાવમાં પણ જગ્યા ન ખપતી હોય, પણ કાયદો તો બન્ને એક જ સરખી રીતે તોલે છે, જે ખોટું છે.ખરેખર તો મારા માનવા મુજબ રોટી, કપડાં અને મકાન પર કોઈ પણ જાતનો ટૅક્સ હોવો જ ન જોઈએ, કારણ કે જીવનની મૂળભૂત જરૂરિયાત છે.

---

## અંદર ચેતન છે !

અંધકારને ફેડવા માટે ઘેરઘેર દીપક હોય એવી યોજના કરવી પડશે. એને બદલે સૂર્ય, ચંદ્ર કે તારાઓની જ રાહ જોયા કરશું તો કામ નહીં ચાલે. આજે ઘેરઘેર દીવો નથી પ્રકાશતો તેનું કારણ એ છે કે લોકોને પોતાની શક્તિનું ભાન નથી. લોકોને અંદરથી એવી ખાતરી નથી થતી કે, અમારી સમસ્યાઓ અમે જાતે ઉકેલી શકીશું. દરેક વાતમાં સરકારને યાદ કરે છે. સરકારનું તો એટલું નામ લે છે કે ભગવાનનેય ભૂલી જાય છે !

આ પરિસ્થિતિમાં, સરકારની કશી મદદ વિના, કેવળ લોકશક્તિને આધારે ભૂદાનમાં ૪૦-૪૫ લાખ એકર જમીન મળી, છએક હજાર ગ્રામદાન પણ મળ્યાં, એ બહુ મોટા આશ્ચર્યની વાત ગણાવી જોઈએ. બિલકુલ અંધારું હતું, તેમાં આટલોય પ્રકાશ થયો, તેનાથી આશા બેસે છે કે આ શરીરમાં હજી ચેતન છે.

માણસ મરણપથારીએ પડ્યો હોય ત્યારે તેના નામ ઉપર સૂતર ધરીને જુએ છે કે તે હલે છે કે નહીં, શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય તો સૂતર હલશે અને તેથી સમજાશે કે માણસ જીવતો છે. એવી રીતે મેં ભારતના નાક ઉપર ભૂદાન આંદોલન રૂપી સૂતર ધર્યું છે. તે થોડું હલતું દેખાય છે એ બતાવે છે કે અંદર ચેતન છે.

**- વિનોબા ભાવે**



# આખાબોલી વહુ

**શરદ મણિયાર**

શ્રેયા, માંડલિયા પરિવારની નાની વહુ, લગ્ન કરીને આવ્યા ના છ મહિનામાં જ ''આખાબોલી'' વહુના નામે પરિવારમાં અળખામણી બની ગઈ. જોકે એની સ્પષ્ટ વાતો એના સાસુમા અંજનાબેન અને સસરા સુબોધભાઈ ને એટલા માટે પણ ખટકતી હતી કે એમની મોટી વહુ માધવી ક્યારેય એમને એમની કોઈ વાતનો સામો જવાબ આપતી ન હતી કે આપી શકતી ન હતી. માધવી ના આ ઘરમાં આવ્યા ના પાંચ પાંચ વર્ષમાં અંજનાબેને કોઈ કારણ કે વગર કારણે, જાણતા કે અજાણતા એને કંઈ પણ સાચું કે ખોટું કહ્યું હશે તો પણ એ ચૂપચાપ મૂંગે મોઢે સહન કરી લેતી હતી. માધવીભાભીની આ સાલસતા થકી શ્રેયા ને એમના પ્રત્યે ખૂબ માન તો હતું જ પણ સાસુમા ના વજૂદ વગરના માનસિક અત્યાચારનો વિરોધ કરવા એમને વારંવાર પ્રેરતી તો પણ માધવી એ ક્યારે એ હિંમત કેળવી જ નહીં. તેનાથી વિપરીત શ્રેયા ને ક્યારે પણ સાસુમાની કોઈ ટકોર વિના કારણે લાગતી તો એ વિના સંકોચે એમને જવાબ આપી દેતી. આ બાબત ઘણીવાર એમના વચ્ચે નાના મોટા ઘર્ષણનું કારણ બની જતું તેથી એ એમની નજરમાં કણાની જેમ ખટકતી અને આખા ઘરમાં અળખામણી બની ગઈ હતી. જોકે શ્રેયાએ ઘણીવાર એના પતિ અનિકેત ને સમજાવવાની કોશિશ કરી, પણ અનિકેત પોતાની મમ્મીને જુનવાણી ગણાવીને એમનો પક્ષ લેતો. એટલે શ્રેયા પણ આ વિશે વધુ કાંઈ કરી શકે એમ નહતી.

આજે જોકે શ્રેયાએ સવારના ઉઠતા વેંત એવું મન બનાવી લીધું હતું કે કંઈ પણ થાય એ એના સાસુમા સાથે કોઈપણ વાદ વિવાદ નહીં જ થવા દે ભલે પછી એને હંમેશની મુજબ અકારણ ટોકવામાં આવે. કારણ કે આજે એના લગ્નના પૂરા છ મહિના પછી એના મમ્મી પપ્પા આવવાના છે એટલે કમ સે કમ આજે એમની સામે કોઈ પણ તમાશો કરીને એમને વ્યથિત કરવા નહોતી ઈચ્છતી. એટલે એ વહેલી સવારથી જ પોતાના મમ્મી પપ્પાના ભાવતા વ્યંજનો બનાવવામાં વ્યસ્ત થઈ ગઈ હતી અને એની જેઠાણી માધવી પણ એટલા જ ઉત્સાહથી એને મદદ કરવા જોડાઈ ગઈ હતી. ત્યાં અચાનક સાસુમા રસોડામાં ધમકી પડ્યા અને બોલ્યા, 'ઓહો, હો, હો, આજે કોના માનમાં આ છપ્પનભોગ બનાવાઈ રહ્યા છે ?' સાસુમા નો આ ટોણો શ્રેયા ને સોંસરવો ઉતરી ગયો એટલે તરત એનો પ્રત્યુતર આપવા ગઈ તો માધવી ભાભી એને ઈશારાથી ચૂપ રહેવા કહ્યું અને એણે પોતે જવાબ આપ્યો, 'અરે મમ્મી, આપણી તો કાલે જ વાત થઈ ગઈ હતી ને કે શ્રેયાના મમ્મી પપ્પા આજે એના લગ્ન પછી પહેલીવાર આપણા ઘરે આવી રહ્યા છે'. માધવીની વાત સાંભળીને સાસુમાએ મોઢું વાંકું કર્યું અને એક તીરછી નજરે શ્રેયા તરફ જોતા મનોમન બોલ્યા, 'આવવા દે એના માબાપને. આજે તો એની બધી ચરબી ન ઉતારી દઉં તો મારું નામ અંજના નહીં.'

શ્રેયાના મમ્મી પપ્પાનું આગમન, સ્નેહમિલન અને પ્રીતિ ભોજન બાદ સૌ કોઈ વાતો એ વળગ્યા. અહીં તહીંની કૌટુંબિક ઔપચારિક વાતોના અંતે શ્રેયા ના પપ્પાએ ખૂબ જ સહજતાથી પોતાની જીજ્ઞાસા ને સંતુષ્ટ કરવા વેવાઈને પૂછ્યું, 'તો કેમ લાગે છે અમારી દીકરીનું પરફોર્મન્સ ? ઘરના કામકાજમાં તો એ નિપુણ તો છે જ પણ શું બાકી બીજી બધી વાતો એ તમારી અપેક્ષામાં ખરી ઉતરે છે કે નહીં ? તમારા બંનેનું સરખું ધ્યાન રાખે છે કે નહીં ?' પપ્પા ના આવા અકલ્પનીય સવાલો સાંભળીને શ્રેયાના પેટમાં ફાળ પડી. એને એક અણધાર્યા ઝંઝાવાત ના આગમનના એંધાણ થઈ આવ્યા. કારણકે એ જાણતી જ હતી કે છેલ્લા છ છ મહિનાઓ દરમ્યાન એવું ક્યારેક જ બન્યું હશે કે સાસુમા સાથે કોઈપણ જાતની નાની મોટી વાત ઉપર વિવાદ ન થયો હોય. એટલે હવે તો એનું આવી જ બનશે. અંજનાબેનને પણ જાણે 'બગાસું ખાતા મોઢામાં પતાસું આવી ગયું' હોય એવા હર્ષોલ્લાસની લાગણી થઈ આવી, તેમ છતાંય પોતાના મનોભાવ પર કાબુ રાખીને ચહેરા પર કરડાઈ લાવીને બોલી ઉઠ્યાં, 'માફ કરજો આશિષભાઈ, અમારી સેવા કરવાનું તો દૂર રહ્યું પણ અમારી વાતનો સામો જવાબ આપવાની એક પણ તક ચૂકતી નથી આ તમારી દીકરી. ઘરના કામકાજમાં એ ભલે નિપુણ હશે પણ સાસરામાં વાત, વર્તન અને વ્યવહારની સમજણ લગીરે માત્ર એનામાં નથી.' 'શું વાત કરો છો તમે અંજનાબેન ?'. આશિષભાઈ હતપ્રભ થઈને બોલ્યા. 'ગુજરાતીમાં જ વાત કરું છું, તમારી

દીકરીની જેમ હું અંગ્રેજી માધ્યમમાં નથી ભણી'. સાસુમા ના આવા ક્રૂર કટાક્ષથી શ્રેયા એકદમ હચમચી ગઈ અને તરત કાંઈ બોલવા ગઈ એ પહેલા બાજુમાં બેઠેલી માધવીભાભીએ એની હથેળીને દબાવીને એને ચૂપ રહેવાનો સંકેત આપ્યો તો એ સમસમીને બેસી ગઈ. સાસુમાને તો જાણે હવે ખુલ્લુ મેદાન મળી ગયું હોય એમ છેલ્લા છ મહિનાની બધી ભડાસ કાઢી નાખી. સાચી, ખોટી, જાણી, અજાણી બધી વાતોમાં મીઠું મરચું ભભરાવીને સાસુમાએ પોતાના મનને ટાઢક મળે એ રીતે પોતાની વાત રજૂ કરી. આ સાંભળીને આખા ઘરમાં સોંપો પડી ગયો. કાપો તો લોહી ન નીકળે એવી પીડા અને ક્ષોભ અનુભવતા આશિષભાઈ એ પહેલા એક નજર શ્રેયા પર નાખી જે ખૂબ જ ગુસ્સામાં આ બધી વાત સાંભળી રહી હતી પણ તરત અંજનાબેન ને સંબોધીને બોલ્યા, 'માફ કરજો વેવાણ, અમે શ્રેયાના આવા વર્તનથી તદ્દન અજાણ હતા.' આશિષભાઈ વધુ આગળ બોલે એ પહેલાં જ શ્રેયા બોલી ઉઠી, 'પણ પપ્પા', પણ આશિષભાઈએ ગુસ્સામાં એની વાત કાપી, 'ના બેટા, હવે એક પણ શબ્દ તું નહીં બોલે. શું અમે તારા વિશે આ બધી વાતો સાંભળવા આજે આવવાના હતા? શું અમે તને બચપણથી જ નથી જાણતા કે તું કેવી આખાબોલી છે પણ અમારા લાડ પ્યારમાં તું આટલી ઉદ્ધત બની જશે એવી અમને કલ્પના ન હતી. તારા આવા આખાબોલા સ્વભાવને કારણે આજે અમારે નીચું જોવાનો વારો આવ્યો છે. પણ બસ હવે જે થઈ ગયું એ થઈ ગયું. આજ પછી તારા વિશે આવી કોઈ ફરિયાદ ન આવવી જોઈએ એની ખાતરી આપ અને આમની માફી માંગ એટલે હવે અમે અહીંથી થોડાક સન્માનપૂર્વક જઈ શકીએ.' શ્રેયા ને હવે લાગ્યું કે જો આજે એ બોલવાની હિંમત નહીં કરે તો ચૂપ રહેવાની બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. એ તરત જ માધવી ભાભીએ દબાવી રાખેલી એની હથેળીને એક ઝાટકે છોડાવીને ઊભી થઈ અને મક્કમ સ્વરે બોલી, 'પપ્પા મને માફ કરજો પણ હું માફી નહીં માંગુ. કારણ કે તમે ફક્ત એક તરફી વાત સાંભળીને કેમ માની લીધું કે બધો વાંક મારો જ છે? મારી પણ વાત સાંભળ્યા વગર તમે આવો ન્યાય કરશો તો એ જ મોટો અન્યાય કહેવાશે. તમારા બધાની નજરમાં હું ભલે શત્ પ્રતિશત ગુનેગાર હોઈશ પણ જેમ અદાલતમાં પણ સાચા ગુનેગારને પોતાની વાત કહેવાનો અધિકાર હોય છે તેમ મને પણ મારી વાત કહેવાનો હક હોવો જ જોઈએ.'

ઘણા લાંબા સમયથી ચૂપ બેઠેલા આશિષભાઈ ના પત્ની સુધાબેન પોતાની દીકરીની વ્હારે આવ્યા, 'ઠીક છે બેટા તારે પણ આ વિશે જે સ્પષ્ટતા કરવી હોય એ તું કરી શકે છે'. પોતાની મમ્મીના આ લાગણીસભર શબ્દો સાંભળીને શ્રેયાએ સંપૂર્ણ આત્મવિશ્વાસથી સાસુમા ના એક એક આક્ષેપોને ખૂબ જ વ્યવસ્થિત રીતે છણાવટ કરીને જે જવાબો આપ્યા એ સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. શ્રેયા એ જ્યારે બોલવાનું શરૂ કર્યું અને એની વાત સ્પષ્ટપણે પૂરી કરી એ દરમિયાન સૌ કોઈએ, ખાસ કરીને આશિષ ભાઈએ જોયું કે એના સાસુ સસરા હજુ થોડી વાર પહેલા જે રીતે શ્રેયા ઉપર આક્ષેપો કરી રહ્યા હતા અને એ બધા આક્ષેપોનું શ્રેયા જે રીતે એ ખંડન કરી રહી હતી એ સાંભળતા તેઓ ખૂબ જ શરમજનક લાગણી અનુભવી રહ્યા હતા અને મુક પ્રેક્ષક બનીને શ્રેયાની વાત કાપવાની હિંમત પણ નહોતા કરી રહ્યા અને એકબીજાની સામે ગંભીર મુદ્રાએ ફક્ત જોયા જ કર્યું હતું. જેથી તેમને હવે ચોક્કસ ખાતરી થઈ ગઈ હતી કે એ લોકોએ જાણીબુઝીને શ્રેયા ને માનસિક ત્રાસ આપવા બધી વાતો ઉપજાવી કાઢેલી હતી. એટલે હવે પોતાના અવાજમાં ગર્વની લાગણી સાથે શ્રેયા ને સંબોધીને બોલ્યાં, 'બેટા, તારી બધી સ્પષ્ટતા સાંભળીને જે રીતે આ લોકો ચૂપ થઈ ગયા છે એ જ બતાવે છે કે તે કાંઈ પણ ખોટું કર્યું નથી પણ ખોટું તો તારી જ સાથે થયું છે. એટલે હવે એનો ન્યાય કરવાનો હક્ક પણ તને જ મળે છે. તુ જે નક્કી કરીશ એમાં અમે તારી સાથે જ છીએ.' અને પછી એનાં સાસુ સસરા ને સંબોધીને બોલ્યા, 'માફ કરજો વેવાણ, અમે શ્રેયાના મા બાપ તરીકે નહીં પણ એવી દરેક વહુના મા બાપ તરીકે તમારા જેવા સાસુ સસરાઓને પૂછવા માંગીએ છીએ કે કોઈ પારકી છોકરી પોતાનું સર્વસ્વ છોડીને જ્યારે તમારા દીકરાનો ઘર સંસાર આગળ વધારવા તમારા કુટુંબમાં જોડાય છે ત્યારે શા માટે તમે એને પણ પોતાની સગી દીકરી જેવું સન્માન નથી આપી શકતા? અને જો પૂરેપૂરું સન્માન ન આપી શકતા હોય તો શા માટે આવી રીતે એના ઉપર માનસિક ત્રાસ ગુજારો છો?'

પણ અંજનાબેન ની અકડ હજુ એમની એમ જ હતી, 'અમારે આ બાબત વધુ દલીલો નથી કરવી. તમને અને તમારી દીકરીને જે યોગ્ય લાગે એ કરવાની તમને છૂટ છે'. આ સાંભળીને આશિષભાઈ થોડા વધુ ઉગ્ર બન્યા અને શ્રેયા ને સંબોધીને બોલ્યા, 'જો બેટા, અમને એમ લાગે છે કે તારી વાતોની આ લોકો પર કોઈ અસર પડી નથી અને કદાચ તેઓ એમનું તારા તરફનું વર્તન બદલશે જ નહીં. અને જો આમ જ ચાલવાનું હોય તો બેટા હવે તારે નિર્ણય લેવાનો છે કે તારે આ લોકોની માનસિક યાતના સહન કરવી છે કે એમાંથી મુક્ત થવું છે?'.

'મુક્ત થઈને મારે ક્યાં જવું પપ્પા ?'. શ્રેયાએ પોતાની લાચારી રજૂ કરી. પણ એની મમ્મીએ દ્રઢતાપૂર્વક એનો હાથ પકડીને એને જવાબ આપ્યો, 'અરે બેટા ક્યાં એટલે ? અમે તારા માવતર આજે પણ એટલા જ મજબૂત છીએ, જો તારે પાછા આવવું હોય તો અમે તને સહહૃદયે સ્વીકારવા તૈયાર જ છીએ'. 'પણ મમ્મી, હું પાછી આવી જાવ તો સમાજમાં તમારી આબરૂ જાય એનું શું ?' 'બેટા એવી ખોખલી આબરૂના ભોગે અમે તારો ભોગ ન લેવા દઈએ.' 'ના પપ્પા,' શ્રેયાએ એની દલીલ આગળ વધારી, 'મારા પાછા આવી જવાથી સમાજમાં ફક્ત તમારી જ આબરૂ નહીં જાય પણ આ ઘરની આબરૂ પણ એટલી જ ખરાબ થશે જો હું અહીંથી પાછી જતી રહીશ તો'. આ સાંભળીને શ્રેયાના સાસુ સસરા એકદમ અચંબિત થઈને એકબીજાની સામે જોવા લાગ્યા. પણ આશિષભાઈ બોલ્યા, 'જો એ લોકોને એમની આબરૂની ચિંતા હોત તારી સાથે આવો ગેર વર્તાવ તો ન જ કર્યો હોત ને ? બેટા અમે તને લડાયક બનાવી છે પણ સ્વરક્ષણ માટે અને અન્યાય સામે લડવા, અન્યાય સહન કરવા માટે નહીં. તેમ છતાં આ તારી પોતાની લડાઈ છે એટલે તું જ નક્કી કર કે હવે તારે શું કરવું છે, જો પાછા આવવું હોય તો અમે અત્યારે જ તને પાછી લઈ જવા તૈયાર જ છીએ, કારણ કે હવે આ ઘરમાં તને એક પળ માટે માનસિક ત્રાસ આપવામાં આવશે તો એ હવે અમે નહીં જ સહન કરી શકીએ'. 'પપ્પા', શ્રેયા બોલી, 'સંતાનોની કેટ કેટલીય ભૂલો મા-બાપ જતી કરતા હોય છે તો ક્યારેક સંતાનો પણ પોતાના માબાપની ભૂલો કેમ જતી ન કરી શકે ? મારા સાસુ સસરા એ મારા પ્રત્યે જે વલણ અપનાવ્યું એ એમની ભૂલ સમજીને એમને વધુ એક તક આપવા માંગુ છું. મને પાછી અપનાવી લેવા માટે આપ તૈયાર જ છો એ તમારા પીઠબળ સાથે હું અહીં જ રહીશ અને વધુને વધુ કોશિશ કરીશ કે મારા આ મમ્મી-પપ્પાનો મારા માટેનો અભિગમ બદલાય'.

એક ખૂબ જ આત્મસંતોષ અને સન્માનની લાગણી લઈને શ્રેયા ના મમ્મી પપ્પા જતા રહ્યા.

આ વાતને ત્રણ મહિના વીતી ચૂક્યા હતા અને ખૂબ જ આશ્ચર્ય રીતે શ્રેયાના ઘરમાં આ ત્રણ મહિના દરમ્યાન એની સાસુ સાથે ક્યારે કોઈપણ વાતનો વિવાદ નહોતો થયો એટલું જ નહીં પણ માધવીભાભી સાથે પણ ખૂબ જ સન્માનપૂર્વક વ્યવહાર કરવામાં આવતો હતો એ જોઈને માધવી સ્વગત બોલી, 'આ પરિવર્તનનો બધો શ્રેય શ્રેયા ને, આખાબોલી વહુને જ જાય છે.

❖❖❖

## એટલામાં શું ?

એડન બંદરેથી એક જહાજ મુંબઈ આવવા નીકળ્યું. તેના ખલાસીઓ હોશિયાર હતા, કપ્તાન પણ હોશિયાર હતો. તેમણે હોકાયંત્ર પાસે એક માણસને બેસાડ્યો. તેને સૂચના આપી રાખી કે હોકાયંત્રની સોય તેની જગા બદલે, તો તરત પોતાને ખબર આપવી.

સુકાનીની સરતચૂકથી જહાજે દિશા જરાક બદલી. હોકાયંત્રનો કાંટો એક ઈંચના વીસમા ભાગ જેટલો ખસ્યો હશે. ત્યાં બેસાડેલ માણસને થયું, એટલામાં શી જાણ કરવી'તી !

એમ કરતાં કરતાં જહાજે ઘણો પંથ કાપી નાખ્યો. છેવટે ભારતનો કિનારો દેખાયો. ''પણ આ શું ? મુંબઈનું બંદર ક્યાં ?''

મુંબઈ તો ૫૦૦ માઈલ ઉત્તરે રહી ગયું ! આટલો બધો ફેર કેમ પડી ગયો ?

કપ્તાન હોકાયંત્ર ભણી ગયો. જલદી જઈને જોયું તો હોકાયંત્રનો કાંટો સહેજ ખસેલો હતો. માણસને કપ્તાને પૂછ્યું, ''કાંટો ખસ્યો, છતાં મને કેમ જણાવ્યું નહીં ?''

પેલો કહે, ''પણ સાવ જરાક જેટલો ખસેલો, તેમાં શું કહેવું'તું ?''

કપ્તાને કહ્યું, ''એ જરા જેટલો નથી ખસ્યો, ૫૦૦ માઈલ જેટલો ખસ્યો છે - અને લાંબો પંથ હોત તો કાંટો પાંચ હજાર માઈલ જેટલો ખસેલો પણ ગણાત !''

રમેશચંદ્ર ભટ્ટ


હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. દર્શી અને અક્ષય**

પ્રેમ, વિશ્વાસ અને સહયોગ સાથે શરૂ થયેલ તેમના લગ્ન જીવનની નવી સફર માટે શુભેચ્છા. આ જીવનસફર આનંદમય અને સમૃદ્ધિભર્યું રહે તેવા આર્શિવાદ

લખતર નિવાસી હાલ કાંદિવલી
ગુણવંતીબેન જગજીવનદાસ સંઘવી પરિવાર (દાદા- દાદી)

માપર નિવાસી- કચ્છ, હાલ કાંદિવલી
ભાવનાબેન જયેશભાઈ ગોસર પરિવાર (સાસુ -સસરા)

વિંછીયા નિવાસી હાલ અંધેરી
શારદાબેન હસમુખલાલ અજમેરા પરિવાર (નાના- નાની)

પ્રીતિ પિંકેશ જગજીવનદાસ સંઘવી (મમ્મી- પપ્પા)

Advt.

# JINENDRA CHARITABLE TRUST

**Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006**

## ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા !



**માનનીય સૌ દાતાઓને શ્રી પર્યુષણના પવિત્ર પર્વ નિમિતે જય જિનેન્દ્ર**

આપ સૌને આનંદ થશે કે જિનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા **૬૦૦૦** અંધજનોને મોતિયાના ઓપરેશનો કરી આંખોના અજવાળા દ્વારા નવી દૃષ્ટિ આપી છે.

ભારતમાં હજુ **૧ કરોડ** જેટલા અંધજનો વસે છે. **૨,૭૦,૦૦૦** બાળકો અંધ છે.

આપશ્રી **રૂા.૧૫૦૦**/-નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઇ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.

એક નેત્રયજ્ઞ માટે **રૂા.૧૫૦૦૦**/-નું દાન આપી **૨૫** જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

**આપશ્રીને નેત્રયજ્ઞમાં દાન આપી ભકિત સાથે સેવા કરવા અપીલ કરીએ છીએ.**

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
B.A (Hons) B.Ed. Dip.Ed. (London) Email ID: kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

| | |
|---|---|
| Account # | : 0119104000253475 |
| A / C Name | : JINENDRA CHARITABLE TRUST |
| IFCS Code | : IBKL0000119 |
| Bank Details | : IDBI BANK |

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

Advt.




## ''ખુશ ખબર''

## એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.


**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**

**તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો**
**અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.**
**ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી**



**સંપર્ક :**
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
**૯૮૨૧૦૨૯૦૫૩**
**પુત્ર – જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**

**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

*હાર્દિક અભિનંદન*

# ચિ. દર્શ કમલ શાહ



(નિવાસી: સુરેન્દ્રનગર

હાલ: બોરિવલી)

અમેરિકાની વિખ્યાત University of Southern California - Los Angeles (USC) માંથી MS in Computer Science ની પદવી પ્રાપ્ત કરી છે

તેની આ સિદ્ધિ બદલ સમગ્ર પરિવાર ખુબ જ આનંદ અને ગર્વ અનુભવે છે.

ચિ. દર્શ ને ઉજ્જવળ ભવિષ્ય માટે અંતઃકરણપૂર્વક શુભકામનાઓ અને આશીર્વાદ !

મમ્મી - પપ્પા: પૂર્વીબેન - કમલભાઈ

દાદી - દાદા: જયાબેન - પ્રવિણભાઈ

નાની - નાના: સરોજબેન - નવનીતભાઈ

Advt.

શ્રીજી

## જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**

Mo. 98790 75965

**અંકિતભાઈ એ. શેઠ**

Mo. 98796 79553, 8200628452

Email : ankitsheth77@gmail.com

## અતુલભાઈ ટી. શેઠ

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

SINCE 2017

# RISE UP ELEVATORS

LIFE MAINTENANCE, MODERNIZATION & ERECTION

40 years Experience in Elevators Industry

**GOVERNMENT APPROVED LIFT & ELECTRICAL LICENSED COMPANY**

GST No. : 27ABHFR2335R1ZL

E-mail : riseupelevators07@gmail.com

Website : www.riseupelevators.co.in

Mob. No. : 84520 73999 / 79777 62465

90046 30362 / 98330 33084

Address : 4, Western Express Highway, Opp. Trauma Hospital, Jogeshwari (East), Mumbai - 400060.

Advt.

**Shubh bandhan**
Global Matrimonial Assistance



*Celebrating 20 Years of Matchmaking for Gujarati, Kutchi & Marwari Communities.*

Personalised Approach | Handpicked Match | Assured Meetings

Send us your Biodata on +91-9323626815 / +91-9769726815

www.shubhbandhan.com ShuBhbandhanMatrimony

Advt.


## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

### પર્યુષણ દરમિયાન તપશ્ચર્યા બાબત

સંસ્થાના સર્વે મેમ્બર્સને જણાવવાનું કે પર્યુષણમાં આપના પરિવારમાં ૬ ઉપવાસ કે તેથી વધુ ઉપવાસની તપશ્ચર્યા થઈ હોય તો તપશ્ચર્યા નોંધ માટેનું ફોર્મ Online ભરવાનું રહેશે. આ અરજી ફોર્મની લીંક દરેક પરાના મેમ્બર્સ ગ્રુપમાં મોકલવામાં આવેલ છે. જેની નોંધ લેવા વિનંતિ અથવા આપશ્રી નીચે જણાવેલ નંબર પર મેસેજ મોકલશો તો Google Link આપને મોકલી આપવામાં આવશે.

નિરવભાઈ – ૯૮૧૯૦૧૨૪૬૮

મિલનભાઈ – ૯૮૬૦૧૨૫૧૩૬

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

Godrej
SECURITY SOLUTIONS




SENIOR OFFICE FURNITURE



Supreme FURNITURE



ALKOSIGN



# SENIOR AGENCY

AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ :
૧૨-૦૮-૧૯૪૫

અરિહંતશરણ :
૧૬-૦૮-૨૦૨૪

## સ્વ. જસવંતલાલ શિવલાલ વોરા

(બોટાદ - હાલ કાંદિવલી)

તમે અમારે માટે માત્ર પિતા ન હોતા
પરંતુ મિત્ર, માર્ગદર્શક અને શક્તિના સ્ત્રોત હતા
તમે ભલે સદેહે આ જગતમાં નથી,
પણ દરેક પ્રાર્થના દરેક આશામાં,
અને દરેક સફળતામાં તમારી હાજરી અનુભવાય છે
તમારી યાદો અમારૂ જીવનભરનુ બળ છે
આપનો પ્રેમ અમારા જીવનનો સૌથી મોટો ખજાનો છે
આપનો અભાવ ક્યારેય પૂરો થઈ શકશે નહી, પરંતુ આપના
આર્શીવાદની છાયામાં અમે હંમેશા આગળ વધતા રહીશું

પરમાત્માને એ જ પ્રાર્થના કે આપના પવિત્ર આત્માને જન્મોજન્મ
જૈનધર્મનુ શરણ અને નવકારમંત્રનું સ્મરણ રહે અને શીઘ્રાતીશીઘ્ર મોક્ષગતિ ને પામે

### હરપળ આપની યાદમાં

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. ચંપાબેન શીવલાલ વોરા |
| ધર્મપત્ની | : | ભારતીબેન જસવંતલાલ વોરા |
| પુત્ર - પુત્રવધુ | : | ચેતન - અર્ચના વોરા |
| પુત્રી - જમાઇ | : | તૃપ્તી - ધર્મેન્દ્રકુમાર દોશી |
| | | પૂર્વી - વિરેનકુમાર શાહ |
| પૌત્ર-પૌત્રી | : | દેવમ, હીનલ |
| દોહીત્ર - દોહીત્રી | : | મિથિલ, આગમ, યશ્વી |

**સમસ્ત શીવલાલ લક્ષ્મીચંદ વોરા પરિવાર ના જય જિનેન્દ્ર**

**સમસ્ત મણીલાલ ઝુંઝાભાઈ સંઘવી પરિવાર ના જય જિનેન્દ્ર**

તેમના આત્મશ્રેયાર્થે આધારસ્તંભ યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- આપેલ છે.

Advt.

# 5th Year Remembrance

*“Always in our hearts, forever part of our journey.”*



## VIKAS D. SHAH

**1966-2020**

*In every prayer that comes from the heart,*
*you are in our words even if we are apart,*
*your memories will, forever be our part.*

***Deeply Cherished by -***

**Smt. Pratima Dinbandhu Shah family**
**Late Smt. Kokila Kantilal Kothari**
**Mrs. Shilpa Vikas Shah**
**Mrs. Samiksha Sourabh Mutha**
**Vama**

hind optik

Advt.

## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી

જન્મ
તા.૧૨-૦૮-૧૯૪૪



અરિહંત શરણ
તા. ૦૭-૦૭-૨૦૨૫

# સ્વ. વિક્રમભાઈ વાડીલાલ સંઘવી

ધાંગધ્રા નિવાસી હાલ અંધેરી મુંબઈ

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી
વ્યવહાર કદી ચૂક્યા નહી. પરિવાર માટે ફૂલો પાથરી ગયા

જે અમારા પરિવાર માટે અમૂલ્ય વારસો મૂકીને
અમારા વચ્ચે થી વિદાય લઈને શ્રેષ્ઠ જીવન જીવવાનું શીખવી ગયા ।

## સ્મરણાંજલી અર્પણ કરનાર

વાડિલાલ લાલચંદ સંઘવી પરિવાર
મહેન્દ્રભાઈ જેઠાલાલ પદમશીભાઈ શાહ પરિવાર

## તમારા આદર્શ અમારા માર્ગદર્શક છે

ધર્મપત્ની - સ્વ. રસીલાબેન વિક્રમભાઈ સંઘવી

❖ પુત્ર - પુત્રવધુ ❖
નીરવ વિક્રમભાઈ સંઘવી
કવિતા નીરવ સંઘવી
પૌત્ર
નમન નીરવ સંઘવી

❖ દિકરી - જમાઈ ❖
સોનાલી સંજયભાઈ શાહ
સંગીતા નિલેશભાઈ દોશી

❖ દોહિત્ર - દોહિત્રી ❖
સૌમીલ સંજયભાઈ શાહ
હિલૌની નિલેશભાઈ દોશી. આલૌકી નિલેષભાઈ દોશી

Advt.

# સ્મરણાંજલી

## ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન



(૨૪.૧૦.૧૯૩૧) (૧૬.૦૮.૨૦૨૧)

## શ્રી મુગટભાઈ ગફલભાઈ દોશી

(સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ)

ભૂતપૂર્વ પ્રમુખ : જૈન સોશ્યલ ગ્રુપ - ઈન્ટરનેશનલ ફેડરેશન ભૂતપૂર્વ પ્રમુખ : જૈન સોશ્યલ ગ્રુપ - ઘાટકોપર

*આપનું જીવન અમારી પ્રેરણા છે, આપના આદર્શો અમારા માર્ગદર્શક છે*
*સમાજસેવા અને ધર્મભાવ આપની ઓળખાણ છે.*
*આપ સદાય અમારા સ્મરણોમાં રહેશો.*

### પ્રેમાળ સ્મૃતિમાં

માતા-પિતા : સ્વ. ચંચળબેન ગફલભાઈ મેઘજીભાઈ દોશી
ધર્મ પત્ની : સ્વ. સરલાબેન મુગટભાઈ દોશી
પુત્ર-પુત્રવધુ : ઉપેન - રૂપા • દિકરી - જમાઈ : નૂતન કિરીટભાઈ મહેતા, ઉષા
ભાઈ : સ્વ. મનસુખભાઈ, સ્વ. હરગોવિંદભાઈ, સ્વ. અમૃતભાઈ, સ્વ. રમેશભાઈ
બહેન : સ્વ. કંચનબેન, સ્વ. હીરાબેન, સ્વ. શાંતાબેન, સ્વ. મધુબેન
પૌત્રી : જેનીશા નિશાંત પારેખ, શ્રીલા • દોહિત્રી : કરિશ્મા, દેવીશા
સાસુ-સસરા : સ્વ. અંજવાળીબેન ગુલાબચંદ ગાંધી
વેવાઈ વેવાણ : સ્વ. સુશીલાબેન મનહરલાલ શાહ (કલકત્તા)
સ્વ. ધનલક્ષ્મીબેન ઈશ્વરભાઈ મહેતા (મુંબઈ)

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/ WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


## : ત્રેવીસ પુણ્યતિથિએ સ્મૃતિ વંદન :

આગમન
તા: ૧૪-૯-૧૯૩૪



ગમન
તા: ૧૬-૮-૨૦૦૨

## સ્વ. સુરેશચંદ્ર પાનાચંદ ગાંધી

પત્ની : અનસુયા સુરેશચંદ્ર ગાંધી
પુત્ર-પુત્રવધુ : સમીર-નિશિતા, કાર્તિક-હિરલ
પુત્રી-જમાઈ : સોનાલી-મિલનકુમાર

GANDHI
Automations Pvt Ltd

પૌત્રી-જમાઈ : જીનાલી-હર્ષિતકુમાર
પૌત્ર-પૌત્રી : માનવ, સના, શિવાંશ
તથા સમસ્ત ગાંધી પરિવાર

Advt.


Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi